**પરિચય**



- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ પોલિટીકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઇરેક્શન એક્સપર્ટ.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

# અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૧૩/૫/૨૦૨૪ થી ૧૯/૫/૨૦૨૪**

**સનતકુમાર વી. પોપટ : 'રૂદ્ર ફાઉન્ડેશન' સેકન્ડ ફ્લોર, પરિમલ પ્રાઈમ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ (Mo.) ૭૫૭૫૮ ૩૫૩૫૯**

ॐ સોમવાર થી રવિવાર ॐ

## મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર પોતાની રાશિમાં સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. અહીં ચંદ્ર ભ્રમણની અસર સ્થાવર મિલ્કતોથી લાભ અપાવી શકે તેમ છે. આ સપ્તાહ દરમિયાન પાંચમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને બીજા સ્થાનમાં પ્રવેશે છે.આર્થિક રોકાણો વળતરની દ્રષ્ટિએ ફળદાયી નિવડી શકે.વિદ્યાર્થી વર્ગને મૂંઝવણમાંથી બહાર આવવા યોગ્ય માર્ગદર્શન મળી રહે. વર્તન તેમજ વાણીમાં આત્મવિશ્વાસ વધતો જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. પ્રિયપાત્રની સમસ્યાનું નિરાકરણ પ્રાપ્ત થતાં મનનો ભાર હળવો બને. સંતાનો સાથે આનંદદાયક સમય વિતાવી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. અહીં હરિફાઈ કે કોમ્પિટિશનમાંબુદ્ધિગમ્ય નિર્ણયો દ્વારા આગળ રહી શકો. કર્મક્ષેત્રે પ્રગતિ પામવા માટે નક્કર મહેનત તથા સચોટ આયોજન આવશ્યક બનશે.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને ભ્રમણ કરી રહ્યો છે.સાહસવૃત્તિમાં વધારો થાય. સ્ટેમિના વધતાથાક્યા વગર લાંબો સમય કાર્ય કરી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથીથશે.મિલકતથી લાભ ઉદ્ભવી શકે. માતૃપક્ષ દ્વારા લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે. આ સપ્તાહ દરમિયાન ચોથા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને આપનીરાશિમાં પ્રવેશે છે.વ્યક્તિત્વનો વિકાસ થાય. વાહનના રિપેરીંગ/ સમારકામ, ઇન્સ્યોરન્સ વગેરે બાબતોમાં નિયમિત રહેવું ઇચ્છનીય ગણાય.વિલ-વારસા તથા મળવાપાત્ર લાભો, ઈન્સેન્ટિવ, કમિશન વગેરે પ્રાપ્ત કરવા માટે ધૈર્યપૂર્વકવર્તવું.સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્તિ માટે વિશેષ મહેનતની આવશ્યકતા જણાય.અહી ગ્રહણ યોગની અસર જોખમી આર્થિક વ્યવહારો કે રોકાણોથી દૂર રહેવાનું સૂચવે છે.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે.ધન સ્થાનમાં બળવાન ચંદ્રની અસરને લીધે આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકો. અટકેલા લાભો કે ઉઘરાણીઓપ્રાપ્ત થતી જણાય. સર્વિસની સાથે નાણાનીઆવકનો નવો સ્ત્રોત ઉત્પન્ન કરવા માટેના પ્રયત્નો સફળ નીવડે. આ સપ્તાહ દરમિયાન ત્રીજા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને બારમાસ્થાનમાં પ્રવેશે છે.ડોક્યુમેંટ્સ / એગ્રીમેંટ્સમાં સહી કરતાં પૂર્વે કાયદાકીય જોગવાઇઓથી વાકેફ બનવું હિતાવહ રહે. જાહેર ક્ષેત્રે વર્તનમાં વધુ પડતાં આત્મવિશ્વાસમાં રહીને વર્તવું નહીં.સરકારી-કાયદાકીય કાર્યો સમજપૂર્વક કરવા.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. ભાઈભાંડુ દ્વારા સાથ સહકાર પ્રાપ્ત કરી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે. વતનની મુલાકાત લેવાનું આયોજન ગોઠવી શકાય.મનોભાર રહી શકે.

## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર પોતાની રાશિમાં બળવાન થઈને પરિભ્રમણ કરી રહ્યો છે. જે અગત્યના નિર્ણયો દ્વારા સફળતા પ્રાપ્તિ તરફ લઈ જઈ શકે.ઉત્સાહપૂર્વક પરિશ્રમ કરી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. ભોજનમાં ઠંડા પદાર્થોથી પરેજી કેળવવી.કલાકાર વર્ગને લાભદાયી તક પ્રાપ્ત થઈ શકે. ધન સ્થાનનો અધિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને આગિયારમા સ્થાનમાં પ્રવેશશે. ધનેશનું અહીં લાભસ્થાનમાં પરિભ્રમણ આર્થિક બાબતો અંગે સારા નિર્ણયો લેવડાવી શકે છે.ઉછીના વ્યવહારોથી બચવું. વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરી શકો.આકસ્મિક આર્થિક વ્યવહાર ધાર્યા બહારનો લાભ આપી શકે. સપ્તાહના અંત ભાગમાં ત્રીજા સ્થાનનો ચંદ્ર નાની મુસાફરી યાત્રા ફળદાયી બનાવી શકે.પરંતુ અહી સમય મર્યાદામાં કાર્યો પૂર્ણ કરવાનો પડકાર રહે. ભાઈ ભાંડુ સાથેના વિવાદોમાં સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ ગણાય.

## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પરિભ્રમણ કરી રહ્યો છે.પરોપકારના કાર્યોમાં પ્રવૃત્ત રહી શકો. શુભ માર્ગે ખર્ચ ઉદ્ભવી શકે. ધાર્મિક કાર્યોમાં રસ-રુચિ વધતી જણાય. જુના વિવાદોમાં સમાધાનકારી વલણ અપનાવવાથી માનસિકહળવાશ મળી શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. અહીં કોઈ એક વિચાર તથા નિર્ણય પ્રત્યે એકાગ્ર બનીને મક્કમ રીતે આગળ વધવાનું સૂચવી શકાય. આપનો રાશિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને દશમા સ્થાનમાં પ્રવેશેછે. સહ કર્મચારીઓ કે અધિકારીઓ થકી ઉત્તમ સહકાર પ્રાપ્ત કરી શકો. કર્મક્ષેત્ર દ્વારા ધન પ્રાપ્તિ શક્ય બને.વ્યવસાય ક્ષેત્રે નવીન પ્રયોગો દ્વારા પ્રતિષ્ઠામાં વધારો પામી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. વાણીમાં સૌમ્યતા લાવીને ધાર્યું કાર્ય પાર પાડી શકાય.

## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર પોતાના સ્થાન પરથી પરિભ્રમણ કરીને સ્વગ્રહી બળવાન બની રહ્યો છે. જેથી આર્થિક શુભ ફળ પ્રાપ્ત કરી શકો. આ સપ્તાહ દરમિયાન બારમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ મે થીરાશિ પરિવર્તન પામીનેભાગ્ય સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં કર્મક્ષેત્રે પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે મહેનતમાં વધારો કરવો જરૂરી બનશે. વધુ ઝડપી પ્રગતિ માટે અયોગ્ય પગલાઓ ઉપાડવા નહીં. આપેલા વચનને સમયસર પરિપૂર્ણ કરવાથી પ્રતિષ્ઠામાં વધારો પ્રાપ્ત કરી શકો.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. મુસાફરી યાત્રામાં અજાણ્યા વસ્તુ, સ્થળોથી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણાશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. અહી ચંદ્ર કેતુ સાથે રહીને દેહ ભુવનમાં ગ્રહણ યોગ રચશે. અયોગ્ય કાર્ય આયોજન દ્વારા માનસિક તણાવ ઉદ્ભવી શકે.

## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દશમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પરિભ્રમણ કરી રહ્યો છે. અહીં કર્મસ્થાનમાં બળવાન ચંદ્રની અસર ઉત્તમ પરિણામ આપી શકે.સર્વિસમાં પ્રમોશન મેળવી શકો. ઉપરી અધિકારી તરફથી સંપૂર્ણ સહકાર પામી શકો. વ્યવસાય તથા સર્વિસમાં પ્રગતિ પામવા માટેના નવી યોજનાઓ અમલમાં મૂકી શકો. જાહેરાત દ્વારા વ્યવસાય વિકાસ શક્ય બનતો જણાય.અગિયારમાં સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને આઠમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. ભાગ્યની ઉન્નતિ માટે નવીન શુભ તકની પ્રાપ્તિ શક્ય બને. મળતી તકોમાંથી યોગ્ય તકોને ઓળખવી જરૂરી બને. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. મોટાભાઈ ભાંડું દ્વારા સાથ સહકાર પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પર થતા વ્યર્થ વિવાદોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાય.

## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. અહીં સ્વગૃહી બળવાન ચંદ્ર શુભ ફળ આપી શકે છે. ધાર્મિક બધા-માનતા પૂર્ણ બનાવી શકાય. તીર્થસ્થાનની મુલાકાત શક્ય બને.દશમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અન્ય લોકો પર વધુ પડતો વિશ્વાસ રાખીને ચાલવું નહીં. ભાગીદારો સાથે થોડું જતું કરવાનું વલણ રાખવું ઇચ્છનીય ગણાય. કર્મક્ષેત્રે જાગૃત રહીને પ્રામાણિકતા પૂર્વક કાર્ય આગળ વધારવા. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાન પરથી થશે. પિતાના ગૌરવમાં વધારો થઈ શકે તેવા કોઈ કાર્ય માટે નિમિત્ત બની શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. અનિતિ યુક્ત કાર્ય દ્વારા આર્થિક પ્રગતિ પામવાના પ્રયત્નોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાશે.આર્થિક સંકડામણમાં પડી શકો તેવા જોખમો-સાહસોથી દૂર રહેવું.

## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો સ્વામી ચંદ્રસ્વગૃહી બળવાન બનીનેપસાર થઇ રહ્યો છે. અહી ચંદ્ર વિલ-વારસા તથા હક્ક-હિસ્સાના પ્રશ્નો અંગે શુભ ફળ આપી શકે છે.આકસ્મિક દુર્ઘટનાઓથી બચાવ સંભવે. ભાગ્ય સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન રાશિ પરિવર્તન પામીને તારીખ ૧૪ મે થીછઠ્ઠા સ્થાનમાં પ્રવેશશે.ઓવર કોન્ફિડન્સમાં વ્યવસાયના નિર્ણયો લેવા નહીં. વ્યવસાયમાં નવી ભાગીદારીનો વિકાસ કરતાં પહેલા અથવા તો ચાલુ ભાગીદારીમાં પરિવર્તન કરતાં પહેલા જન્મના ગ્રહો પરથી માર્ગદર્શન મેળવી આગળ વધવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. સર્વિસ કરતા જાતકોને ઉપરી અધિકારીઓ દ્વારા કાર્યની નોંધ લેવાતા આત્મવિશ્વાસમાં વધારો અનુભવાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાન પરથી થશે. પિતા દ્વારા યોગ્ય સાથ સહકાર પ્રાપ્ત કરી શકો.અહી ચંદ્ર કેતુ સાથે રહીનેદશમે ગ્રહણ યોગ રચશે. જાહેર જીવનમાં વાણી, વર્તન, વ્યવહારમાં ધ્યાન રાખવું.

## મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે.સાતમું સ્થાન બળવાન બનતા દામ્પત્યજીવનમાં મધુર સમયનો આનંદ પ્રાપ્ત કરી શકો. ભાગીદારો દ્વારા લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે. જાહેરજીવનમાં સંપર્કોમાં વધારો થઇ શકે.સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને પાંચમા સ્થાનમાં પ્રવેશે છે.કોઇ સભા કે મંચ ઉપર અગ્રેસરનું સ્થાન શોભાવી શકો. માન-સન્માનમાં વધારો શક્ય બને. જો કે અહીં નિરાશાવાદી વલણ ફગાવીને ઉત્સાહજનક રીતે કાર્ય કરવું જરૂરી બનશે. આઠમા સ્થાનમાં ચંદ્ર સપ્તાહના મધ્યભાગમાં ગેસ-અગ્નિ, ઈલેક્ટ્રિક તથા વાહનોથી તકેદારી રાખવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. નવીન વિચારો તથા નવા આઈડિયા કર્મક્ષેત્રે અમલમાં મૂકી શકાય.અહી ચંદ્ર કેતુ સાથે રહીને ભાગ્યસ્થાનમાં ગ્રહણ યોગ રચશે. કોઈપણ કરારમાં બંધાતા પહેલાં તમામ બાબતોનો વિચાર કરીને આગળ વધવું.

## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી સ્વગૃહી બળવાન થઇને પસાર થઇ રહ્યો છે.કોમ્પિટિશન- પ્રતિસ્પર્ધામાં ઝળહળતો વિજય પ્રાપ્ત કરી શકાય. ઉત્તમ આત્મવિશ્વાસ દ્વારા કર્મક્ષેત્ર પ્રવૃત્ત રહી શકો. મોસાળ પક્ષ દ્વારા સાથસહકાર મેળવી શકાય.સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે.જાહેરજીવનમાં પ્રતિષ્ઠામાં વધારો થઇ શકે. સાતમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને ચોથા સ્થાનમાં પ્રવેશે છે.જાહેરજીવનમાં શુભ ફળ પ્રાપ્ત કરી શકો.મિલકતમાં કરેલ રોકાણ દ્વારા આર્થિક વળતર પ્રાપ્ત કરી શકાય. અવિવાહિત જાતકો માટે યોગ્ય પસંદગીનો અવકાશ પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાન પરથી થશે. અહીં વિપરીત રાજયોગની રચના થતા લાભદાયક પરિણામ પ્રાપ્ત કરી શકો.અહી ચંદ્ર કેતુ સાથે રહીને ગ્રહણ યોગ રચશે. અવિચારી નિર્ણયો તેમજ ઝડપી ડ્રાઈવિંગથી બચવું.

## મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાંપાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇરહ્યો છે. ઇન્વેસ્ટમેન્ટનું પુરતું વળતર પ્રાપ્ત કરી શકો. નવા રોકાણો, મ્યુચ્યુઅલ ફંડ, ઈન્સ્યુરન્સવગેરેની શરૂઆત કરવા માટે શુભ સમય ગણી શકાય.છઠ્ઠા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશે છે.ભાઈભાંડુ-મોસાળ પક્ષ સાથે વિવાદથી બિલકુલ દૂર રહેવું.કોમ્પિટિશનમાં વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહીં.તેમ છતાં અહી સૂર્યનું ભ્રમણ એકંદરે શુભ રહે. અમુક કાર્યોમાં આકસ્મિક સફળતા મળતી જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. સ્વાસ્થ્યમાં સુધારો અનુભવી શકો.વાઇરલ સમસ્યાથી પીડાતા જાતકો રાહત અનુભવી શકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે.અહી ચંદ્ર કેતુ સાથે રહીને ગ્રહણ યોગ રચશે.જીવનસાથીસાથે સંઘર્ષ નિવારવો જરૂરી બને.

* * *

# ઈન્ટરનેશનલ નર્સ ડે (પરિચારિકાઓનો પરિચયનો દિવસ)

સ્વયંને બીમાર દર્દીઓની સેવા માટે જોડનાર વિશ્વની પ્રથમ મહિલા નર્સ હતા ફ્લોરેંસ નાઈટિંગેલ. ગઈકાલે ઉજવાયો તે, તેમના જન્મ દિવસ ૧૨ મે ને વિશ્વમાં આંતરરાષ્ટ્રીય નર્સ(પરિચારીકા) દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દર્દી સાથે કોઈ નાતો નથી છતાંયે તેમની સાથે નામથી, 'દર્દીના દર્દથી મીઠો નાતો જોડી' તેમના દર્દને ભલાવવા, દુ:ખને ઓછું કરવા મદદગાર સહયોગી હાથ એટલે કે નર્સ અથવા હોસ્પિટલ/ દવાખાનાની પરિચારિકાઓ. તેમને સૌ સિસ્ટર અથવા સેવિકા પણ કહે છે કારણ કે થોડો સમય કે અમુક દિવસો જ, પરંતુ અજાણી વ્યક્તિઓ સાથે તેઓનો નજીકનો એવો આત્મિક સંબંધ જોડાય છે. વળી નર્સ તેઓની સાર-સંભાળ પણ પરિવારના સભ્યોની જેમ લે છેને! આમ દર્દીઓના દર્દને ઓછું કરવા ઘણી રીતે માનસિક અને બૌધ્ધિક રીતે સહયોગી બને છેતેથી નર્સ અતિ દુવાઓને પાત્ર બને છે. વર્તમાન સમયે તો સ્ત્રી અને પુરૂષો પણ નર્સની સેવાઓ આપે છે. અનેક જીવન મૂલ્યોને ધારણ કરી દર્દીઓની સેવા અને દેખભાળની મહત્વપૂર્ણ(અહમ) ભૂમિકા આરોગ્ય વિભાગમાં નર્સની છે.

**મૂલ્યોની મહેક** ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

જો હું એક નર્સ હોવ તો? નર્સમાં કેવા ગુણો કે ખુબીઓ હોવા સૌને પસંદ પડશે? કે જેથી તેમને સર્વની દુવાઓ જ એટલી મળે, કે જેથી કદી ન નર્સોને દવાઓની જરૂર પડે! વિધ-વિધ બીમારીઓ વચ્ચે રહીને પણ બીમારી સ્પર્શે નહી! તે કેવી રીતે શક્ય બને? તે માટે જરૂરી છે સ્વયંના મૂલ્યનિષ્ઠ આચરણ, જીવનની ઉચ્ચ રહમની ભાવનાની. નર્સની જવાબદારીઓ, તેકેદારીઓની આ બાબતોને થોડા મૂલ્યો સાથે સમજીએ.

★ નર્સ કે જે અંદરથી કોમળ છતાંયે બહારથી કઠોર અર્થાત મજબૂત બની દર્દીને પણ હિંમત અને દર્દના ડરથી મુક્ત કરવામાં મદદરૂપ બને છે. નર્સનું દિલ સસ્નેહી અને આત્મિક ભાવથી ભરેલું હોય સદા.

★ ડોક્ટર દ્વારા અપાયેલા પ્રત્યેક નિર્દેશોનું સમયસર પાલન કરનાર, હોસ્પિટલ કે દવાખાનાની અંદરની અને દર્દીઓને અપાતી બેડથી લઈ તેમના દરેક સાધનોની સ્વચ્છતાની આગ્રહીથી રોગનું સંક્રમણ ન થાય, તેનો ખ્યાલ છે નર્સને! સફાઈ કામદારો પાસે રૂમની સ્વચ્છતા રખાવે અને સ્વયં પણ સ્વચ્છ-સુઘડ અને દરેક સાધનોને તેમના યોગ્ય સ્થાને અને યોગ્ય રીતે સંભાળપૂર્વક રખાવનાર હોય છેઆ અથક સેવધારી.

★ હિંમતવાન, રહમદિલ અને દયા, કરૂણામયી મમતાભર્યુ વર્તન સૌ સાથે તેમનુ, પરંતુ કોઈ દર્દીઓના દુ:ખને પોતે જ લઈ ન લે. જો નર્સ પોતે દર્દને લઈ લે તો પછી દર્દીની સારવાર કેમ પાય. રોગ કેમ જાય? એ લોહી અને પરૂ ભરેલા ઘાવને સાફ કરી માવજત કોણ કરે? ઇન્જેકશન પણ ન મારી શકે એવા કોમળ ન બને નર્સ! જ્યારે દર્દીઓ પોતાની બીમારીથી ભાવુક વધુ હોય છે. એક સારી પરિચારિકા દર્દીઓની મનોદશાને સુદ્રઢ બનાવી, હિંમત આપનારી અને સ્પષ્ટ હોય છે. તેમનો આભાર દરેક દિલથી માને છે.

★ વધુ વળતરની આશા રાખી સ્વયંના સેવાના ક્ષેત્રને નીચુ ન દેખાડે. પરંતુ દર્દીઓને હૃદયપૂર્વક સારવાર આપનાર બનતા હોય છેનર્સ. મધર ટેરેસા પણ એક નર્સ જ હતાને !

★ ચપળ, મક્કમ અને કાર્યક્ષમ નર્સ પેશન્ટની સૌથી નજીક રહે. દિલમાં આશ્વાસન, મનમાં ધૈર્યતા અને શાંતિ રાખી, સર્વના સુખ માટે સદા અભિલાષી હોય છે. જલ્દી સાજા થઈ દર્દીઓ ઘરે જાય અને દર્દમાં કોઈ કણશે નહી તેવી સ્નેહભાવના રાખે છે નર્સ.

★ મુખમાં મીઠાશ અને શિસ્તબધ્ધ, નિયમબધ્ધતાનું પાલન કરાવનાર એવા નર્સોનો આજનો દિવસ જ નહી પરંતુ પ્રતિદિન શુભ રહે તેવી શુભ ભાવના સાથે મુબારક હો.

# અફઘાનિસ્તાનમાં વરસાદ અને પૂરને કારણે ૩૧૫નાં મોત: ૧૬૦૦થી વધુ લોકો ઘાયલ, ૨૦૦૦ ઘરો ધોવાઈ ગયા





કાબૂલ :

અફઘાનિસ્તાનમાં બે સપ્તાહથી ભારે વરસાદને કારણે ૩૧૫થી વધુ લોકોના મોત થયા છે. તાલિબાન અધિકારીઓનું કહેવું છે કે મૃતકોની સંખ્યા હજુ વધી શકે છે. અમેરિકન મીડિયા સીએનએન અનુસાર, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (ડબ્લ્યુએફપી) એ ૧૨ મેના રોજ અહેવાલ આપ્યો હતો કે બદખ્શાન, ઘોર, બગલાન અને હેરાતમાં સૌથી વધુ નુકસાન થયું છે.

ભારે વરસાદને કારણે ૧૬૦૦ લોકો ઘાયલ થયા છે અને ૨૦૦૦ થી વધુ ઘરો ધોવાઈ ગયા છે. WFPએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અચાનક પૂરે અફઘાનિસ્તાનમાં તબાહી મચાવી હતી. સૌથી વધુ મોત બગલાનમાં થયા છે.

બગલાનમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓનું કહેવું છે કે બગલાન તરફ જતો રસ્તો ધોવાઈ ગયો છે, જેના કારણે ત્યાં રાહત આપવામાં વિલંબ થઈ રહ્યો છે. લોકોને ત્યાંથી બહાર કાઢવા માટે સેના મોકલવામાં આવી છે.

તાલિબાનના સંરક્ષણ મંત્રાલયની મદદ માટે મોકલવામાં આવેલા વાયુસેનાએ ૧૧ મેના રોજ જણાવ્યું હતું કે બગલાનમાં લોકોને બહાર કાઢવા માટે એરફોર્સ તૈનાત કરવામાં આવી છે. દરમિયાન, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને વિલંબ કર્યા વિના મદદ કરવા કહ્યું છે. તાલિબાનના મતે જો સંગઠનો મદદ નહીં કરે તો હજારો લોકોના મોત થશે. ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટી (IRC)ના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનના મોટાભાગના રાજ્યોમાં ઈમરજન્સી જેવી સ્થિતિ છે. અલગ-અલગ ઈમરજન્સી ટીમ રાહત કાર્યમાં લાગેલી છે.

આઈઆરસીના નિર્દેશક સલમા બેન ઈસાએ કહ્યું કે આ પૂરથી માનવીય સંકટ સર્જાયું છે. અફઘાનિસ્તાનના લોકો પહેલાથી જ આ વર્ષની શરૂઆતમાં આવેલા ભૂકંપનો સામનો કરી રહ્યા હતા. પરંતુ હવે પૂરે તેમને વધુ ગરીબીમાં ધકેલી દીધા છે. અફઘાનિસ્તાનના ઘણા રાજ્યોમાં બે અઠવાડિયાથી વીજળી નથી. લોકો પાસે એક સમયનું ભોજન ખરીદવા માટે સાધનો નથી. ગયા મહિને જ અફઘાનિસ્તાનના હેલમંડ અને કાજાકી જિલ્લામાં ભારે વરસાદ અને પૂરને કારણે મકાનો ધરાશાયી થતાં

## સુવિચાર

**મગજને ખુબ ભણાવજો**
**પણ દિલને અભણ જ રહેવા દેજો**
**નહીંતર લાગણીઓનો પણ**
**હિસાબ કિતાબ લગાવવા બેસી જશો.**

## આજનું ચિંતન

### કર્મનું સૌંદર્ય

ભગવાન રામચંદ્ર વનવાસ યાત્રામાં માતંગ ઋષિને ત્યાં પહોંચ્યા. ત્યાં પર્ણકુટીની બહાર રસ્તાની બંને બાજુએ સુંદર ફુલો ખીલેલા હતા. ફુલોમાંથી અનેરી સુવાસ આવી રહી હતી અને આ ફુલો નિત્ય તાજા અને ખીલેલા જ રહેતા. આ ફુલ શા માટે અનોખા હતા ? એક વખત આશ્રમમાં બળતણ ખુટી પડેલું અને જંગલમાં જઈ લાકડા કાપી લાવવા એ અનિવાર્ય હતું. શિષ્યોમાંથી કોઈપણ જવા માટે તૈયાર ન થયું. એટલે વૃધ્ધ તપસ્વી માતંગ ઋષિ જાતે કુહાડી લઈને જંગલમાં લાકડા લેવા નીકળી પડયા. પછી તો શિષ્યો પણ સફાળા જાગ્યા અને ઋષિની સાથે જોડાયા. સહુએ ખુબ પરિશ્રમ કરીને લાકડા કાપ્યા અને ભાર સાથે આશ્રમ તરફ ચાલવા લાગ્યા. રસ્તામાં માતંગ ઋષિના શરીરમાંથી વહેતા પરસેવાના ટીપા પર્ણકુટીરના રસ્તે પડવા માંડયા. થોડા દિવસ પછી તો રસ્તાની બંને બાજુએ કૂંપળો ફૂટવા માંડી અને સુંદર સુગંધી ફુલો મહેકવા માંડયા. કર્મનું આ સૌંદર્ય છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૭, તા.૧૪/૫/૨૪, મંગળવાર

સૂર્યોદય : ૬-૦૯, સૂર્યાસ્ત : ૭-૧૬, જૈન નવકારશી : ૬.૫૭
રાશિ : કર્ક (ડ.હ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કર્ક


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વિચારોમાં પરિવર્તન રહે, સ્વાસ્થ્ય બાબત થોડુ જાળવવું, નોકરીમાં પગાર વધારો શકય બને, રાજકીય લાભ રહે.
**વૃષભ :** વગદાર વ્યકિતનો સહકાર રહે જેને લઈને આર્થિક લાભ મળે, વિજાતીય સંબંધો ગાઢ બને, કર્જમાં રાહત.
**મિથુન :** કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરજો લાલચમાં ન આવી જતા સાથીદારો કે હિતેચ્છુઓની સલાહ લેજો.
**કર્ક :** મન ઉપરનો ભાર હળવો થવાનો છે, તમારો નિર્ણય યોગ્ય છે, કાર્ય પ્રત્યેના તમારી પ્રતિક્રિયા ગજબની છે.
**સિંહ :** કોઈ જાતના ભ્રમમાં ન રહેતા, વાસ્તવિકતાને સ્વીકારજો, રાજકીય લાભ રહે, મનગમતી વ્યકિતને સમજવી.
**કન્યા :** જવાબદારીઓ લેવામાં ઉતાવળ ન કરવી, મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય, ધાર્મિક સંસ્થામાં નોકરી મળે, સ્વસ્થતા કેળવજો.
**તુલા :** રચનાત્મક કાર્યોમાં સફળતા મળવાની છે, તમારા વિચારોને સ્પષ્ટ કરો, નોકરીમાં કાર્યભાર રહેવાનો.
**વૃશ્ચિક :** નવી એજન્સીની ઓફર લાભદાયક રહેશે, વિદેશ જવા માટેના વિઝા મેળવવામાં સફળતા, મિત્રોથી લાભ રહે.
**ધન :** આત્મવિશ્વાસ વધારો, જરૂરથી ધારેલી સફળતા મેળવશો, ભાઈ બહેનોથી સાથ મેળવશો.
**મકર :** મહેનતનું ફળ મળવાનું છે, સવાર કરતા સાંજ વધુ સારી જવાની આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**કુંભ :** આર્થિક મુશ્કેલીનો સામનો રહેવાનો છે, પ્રવાસની ઈચ્છા ફળવાની, નિકટના સાથીઓને સમજવા.
**મીન :** ભાઈ બહેનની પ્રગતિ થાય, નોકરીમાં કોઈ સારી ઓફર આવે, ધાર્મિક યાત્ર પ્રવાસ થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

■ માધવી નરેશ શાહ ■



### આડી ચાવી

૧. અક્ષયકુમાર-ટાઇગર શ્રોફની ફિલ્મ (૮)
૬. એક ગ્રહ (૨)
૭. વરાળ-હિન્દી (૨)
૮. જસદણ નજીકનું ગામ (૩)
૯.યુનિફોર્મ (૪)
૧૧. ગુજરાતનું એક નગર (૪)
૧૨. ...ગયા, લિસોટા રહ્યા (૨)
૧૪. ચરક લખો (૩)
૧૬. વધુ પડતો આદર (૪)
૧૮. ઢમઢોલ જેવો શબ્દ (૪)
૨૧. એક રાશિ (૨)
૨૨. તેલ ગરમ કરવાનું વાસણ (૩)
૨૩. મોચી (૩)
૨૫. કંદોઇ-હિન્દી (૪)
૨૮. ...ટુ .... (૨)
૩૦. ગામડાના શાહુકાર માટેનો શબ્દ (૨)
૩૧. ...યંત્ર સાંભળવાનું સાધન (૩)
૩૨. વારંવાર ટોઇલેટ જવું પડે એ કંડીશન (૩)

### ઉભી ચાવી

૨. એક કોલ્ડ્રીંક્સ (૩)
૩. ...ચાહે કોઇ મુજે જંગલી કહે (૨)
૪. આધાર માટેનો ડંકો (૬)
૫. જીતેન્દ્રની એક મદ્રાસની ફિલ્મ (૫)
૮. ઉકેલ (૨)
૯. જયાંથી ગંદુ પાણી વહી જાય (૩)
૧૦. સામ..., ઋણ (૨)
૧૧. ફાઇનલ કરતાં પહેલાનું ફિનિશીંગ (૩)
૧૩. અભિનેતા પ્રભાસની ફિલ્મ (૨)
૧૫. અકોણાઇનો ભાઇ (૪)
૧૬. સ્તબ્ધ, ક્ષુબ્ધ (૪)
૧૭. મહારાષ્ટ્રનું ખાણું : ઝુણકા ... (૩)
૧૯. પેરેલિસિસ (૩)
૨૦. લવજીભાઇ ઇશ્વરભાઇ સંક્ષિપ્ત (૨)
૨૪. પાણીની માટીની 'ગાગર' (૩)
૨૬. સિમ્પટમ્સ (૩)
૨૭. રોઝ (૩)
૨૯. શ્રમ-ઉંધુ લખો (૨)
૩૦. આડી ચાવી નં. ૩૦ મુજબ (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | ય | મ | હે | તા | | ક | બા | ગાં | ધી | નો | ડે | લો | | તે |
| ય | | જા | ત | વા | ન | | જો | | | | ર | | મ | જા |
| ના | મ | | | | | મ | ઠ | | બં | ધે | હા | થ | | બ |
| રા | મ | ન | રા | ઘ | વ | ન | | રા | ડ | | | ડ | ર | |
| ય | મ | | જ | | ર | ન | વે | | લ | | અ | કા | ર | ણ |
| ણ | | | હ | ડ | દા | | ચા | લ | બા | ઝ | | રો | ર | |
| વ્યા | સ | પી | ઠ | | ન | | ણ | | ઝ | | સ | | ર | કત |
| સ | | ન | | ક | | સ | વે | રા | | ક | મ | જો | ર | |
| | | કો | હ | રા | મ | | રો | જ | બ | રો | જ | | ર | વિ |
| ક | મા | ડ | | મ | ગ | જ | | ન | | ડ | | મા | ર | ક |
| | ધુ | | કો | ત | ર | કા | મ | | | પ | ત | વા | ર | |
| મ | રી | ચિ | કા | | મ | ત | દા | ર | | તિ | | મ | ર | ણ |
| ન | દી | | કો | | | | ર | | કા | | સ | લા | ર | |
| | ક્ષિ | | લા | ભ | | કા | | | સ | મુ | રા | ઈ | | જી |
| સુ | ત | ર | | | | કા | ળ | ઝા | ળ | | ઈ | | રા | વ |




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

તા. ૧૩-૫-૨૦૨૪ - સોમવાર ૨૦૮૦
વૈશાખ સુદ-૬ વર્ષ: ૦૭ અંક: ૧૭૨
પાના ૧૨ કિંમત રૂા. ૪.૦૦ (જામનગર)

સ્થાપકઃ- બાબુભાઈ શાહ
WWW.SANJSAMACHAR.CO.IN

R.N.I. REGN. No. 46322/86
EMAIL:SANJSAMACHAR@GMAIL.COM
SANJ SAMACHAR-JAMNAGAR

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ

## બુધવાર સુધી વાતાવરણ અસ્થિર રહેશે; છુટાછવાયા ભાગોમાં વરસાદ થશે : ગુરૂ-શુક્ર ફરી હીટવેવ જેવી હાલત

### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલની આગાહી : તા.૧૬-૧૭ અને ૨૦મીએ તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર થશે

રાજકોટ, તા. ૧૩

આકરા ઉનાળાના સામનો કરી રહેલા ગુજરાતમાં હવે ત્રણ દિવસ વાતાવરણ અસ્થિર બનશે અને છુટાછવાયા ભાગોમાં વરસાદ કે વરસાદી ઝાપટા વરસવાની શકયતા વચ્ચે તાપમાનમાં મામુલી રાહત મળવાની સંભાવના પછી ગુરૂવારથી બે દિવસ ફરી હિટવેવની હાલત સર્જાવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે.



તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે એકાદ દિવસથી રાજયના અમુક ભાગોમાં વરસાદ પડવા સાથે વાતાવરણ બદલાયાનું માલુમ પડયું છે રવિવારે આ મહતમ તાપમાન નોર્મલથી ૧ ડિગ્રી ઉંચુ અથવા ૧ ડિગ્રી નીચું રહ્યું હતું. રાજયમાં હાલ નોર્મલ તાપમાન ૪૧ થી ૪૨ ડિગ્રી ગણાય છે. તેની સરખામણીએ અમદાવાદમાં ૪૧.૭ ડિગ્રી હતું જે નોર્મલ હતું. જયારે રાજકોટમાં ૪૧.૫ ડિગ્રી હતું જે નોર્મલ કરતા એક ડિગ્રી વધુ હતું. ભુજનું તાપમાન ૩૮.૩ ડિગ્રી નોંધાયુ હતું જે નોર્મલ કરતા ૧ ડિગ્રી નીચુ હતું ત્યારે સુરેન્દ્રનગરનું મહતમ તાપમાન ૪૨ ડિગ્રી નોર્મલના સ્તરે રહ્યું હતું.

તા.૧૩ થી ૨૦ મેના સમયગાળાની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે તા.૧૫ મે અર્થાત બુધવાર સુધી તાપમાન નોર્મલની આસપાસ જ રહેવાની સંભાવના છે. જોકે આ દરમ્યાન વાતાવરણમાં અસ્થિરતા વધશે અને છુટાછવાયા વિસ્તારોમાં એકાદ બે દિવસ હળવા ઝાપટા કે વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત સહિત રાજયના મોટા ભાગના વિસ્તારોમાં અસ્થિરતાનો માહોલ જોવા મળી શકે છે.

તા.૧૬ અને ૧૭ અર્થાત ગુરૂ અને શુક્રવારે ફરી વખત તાપમાનનો પારો વધશે અને નોર્મલ કરતા ઉંચે પહોંચી જશે. મહતમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે અને કેટલાક સેન્ટરોમાં પારો ૪૩ ડિગ્રીને પાર કરી જશે. ૧૬-૧૭ ઉપરાંત ૨૦મી મેના રોજ તાપમાન વધુ રહેવાની સંભાવના છે.

આગાહીના સમયગાળા દરમ્યાન પવન મુખ્યત્વે પશ્ચિમ અને ઉતર પશ્ચિમમાં રહેશે. તા.૧૫ મે સુધી પવનની ગતિ ૧૫ થી ૨૦ કિ.મી.ની રહેશે. જયારે સાંજથી જોર વધશે અને ઝાટકાના પવન ૨૫ થી ૩૫ કિ.મી.ની ઝડપે ફુંકાશે. પવન ફરતા રહેશે. ૧૫મી મે બાદ પવનની ગતિ ૧૫ થી ૨૦ કિ.મી. રહેશે પરંતુ ઝાટકાના પવનની ગતિ ઘટીને ૨૦ થી ૨૫ કિ.મી. થઇ જશે.

### આઠ લાખની વસ્તીમાં ઘટાડો

## જાપાનમાં વસ્તી ઘટવાને કારણે હવે ૯૦ લાખ મકાનો ખાલી : મોટી સમસ્યા !!

ટોકયો :

હાલમાં જાપાનમાં ખાલી પડેલા ૯૦ લાખ મકાનો એક મોટી સમસ્યા છે. ઘટતો જન્મ દર અને વૃધ્ધાવસ્થા સરકાર માટે એક પડકાર છે. અહીં ખાલી પડેલા મકાનોની સંખ્યા ૯૦ લાખથી વધુ છે, જે ન્યુયોર્ક શહેરની વસ્તી કરતાં વધુ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે જાપાનની ઘટતી જતી વસ્તી આનુ કારણ છે.

### વસ્તી પિરામીડમાં ફેરફારો

જાપાનની વસ્તી પિરામીડ પણ બદલાઇ ગઇ છે. કાંડા યુનિવર્સિટી ઓફ ઇન્ટરનેશનલ સ્ટડીઝના પ્રોફેસર જયોફી હોલે કહ્યું કે ખાલી મકાનો પાછળનું મુખ્ય કારણ દેશની ઘટતી વસ્તી છે. ૨૦૨૨ની વસ્તી ગણતરી મુજબ.

જાપાનની વસ્તી લગભગ ૧૨ કરોડ છે. તેની વસ્તી અગાઉની સરખામણીમાં લગભગ આઠ લાખ જેટલી ઘટી છે.

આ સિવાય મકાનો ખાલી રહેવાનું એક કારણ એ પણ છે કે ખાલી પડેલી જમીનની સરખામણીએ બાંધેલા મકાનો પર ઓછો ટેકસ લાગે છે, તેથી જ લોકો તેમની ખાલી પડેલી જમીન પર મકાનો બનાવે છે. જાપાનમાં, આ ખાલી મકાનો શહેરો કરતાં ગામડાઓમાં વધુ છે કારણ કે હવે ત્યાંના લોકો નિવૃતિ પછી ગામડાઓમાં જવાને બદલે નિવૃત્તિ ગૃહમાં જવાનું પસંદ કરે છે. જોકે, જાપાન સરકારે કડક વલણ અપનાવ્યું છે અને લાંબા સમયથી ખાલી પડેલા મકાનોના માલિકોને મકાનોનું નવીનીકરણ કરવા અથવા તેને જમીન પર તોડી પાડવા માટે કહી રહી છે.



### ટોકયોના ઘરો પણ સુના છે

ટોકયો :

કુલ મકાનોમાંથી ૧૪ ટકા મકાનો ખાલી છે. જાપાનમાં દર આઠમાંથી લગભગ એક ઘર ખાલી પડેલું છે. અકિયા તરીકે ઓળખાતા ખાલી મકાનો શરૂઆતમાં ગ્રામીણ વિસ્તારોમાં આવેલા હતા. પરંતુ હવે આવા ઘરો ટોકયો અને કયોટો જેવા મોટા શહેરમાં પણ જોવા મળે છે.




# જામનગર ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારમાં બુથવાઈઝ થયેલ મતદાન

| બુથનું નામ | કુલ મતદાર | પડેલ મત |
|---|---|---|
| જોડિયા-૧ | ૭૩૭ | ૩૭૦ |
| જોડિયા-૨ | ૧૧૫૭ | ૬૫૪ |
| જોડિયા-૩ | ૧૧૭૨ | ૫૫૫ |
| જોડિયા-૪ | ૧૧૨૯ | ૬૪૫ |
| જોડિયા-૫ | ૮૧૭ | ૩૯૩ |
| જોડિયા-૬ | ૮૦૫ | ૪૬૧ |
| જોડિયા-૭ | ૧૧૯૦ | ૬૩૯ |
| જોડિયા-૮ | ૯૮૦ | ૫૪૩ |
| જોડિયા-૯ | ૮૪૮ | ૪૭૮ |
| જોડિયા-૧૦ | ૮૦૮ | ૪૬૨ |
| જોડિયા-૧૧ | ૯૦૩ | ૫૨૮ |
| બાદનપર જોડિયા-૧ | ૭૧૨ | ૩૭૯ |
| બાદનપર જોડિયા-૨ | ૯૪૮ | ૫૧૧ |
| કુન્નડ-૧ | ૧૧૨૫ | ૬૨૯ |
| કુન્નડ-૨ | ૧૦૩૫ | ૬૪૨ |
| અનંદા | ૯૯૧ | ૫૮૩ |
| ભાદ્રા-૧ | ૭૩૨ | ૪૨૬ |
| ભાદ્રા-૨ | ૧૦૨૫ | ૫૫૦ |
| લખતર-૧ | ૯૧૩ | ૬૧૩ |
| લખતર-૨ | ૬૫૫ | ૪૯૫ |
| નેસડા | ૮૯૨ | ૭૦૬ |
| લીંબુડા | ૮૪૮ | ૫૪૪ |
| હડિયાણા-૧ | ૧૨૧૬ | ૬૭૪ |
| હડિયાણા-૨ | ૯૪૪ | ૫૦૨ |
| હડિયાણા-૩ | ૧૦૯૫ | ૬૨૩ |
| હડિયાણા-૪ | ૧૧૫૦ | ૫૪૬ |
| બાલાચડી | ૭૭૫ | ૪૮૭ |
| ખીરી | ૪૬૯ | ૩૫૦ |
| વાઢા (હડિયાણા) | ૧૦૨ | ૯૯ |
| વાવડી | ૧૦૬૦ | ૯૨૭ |
| બેરાજા | ૯૭૫ | ૭૨૫ |
| બારાડી | ૨૯૦ | ૨૬૮ |
| સચાણા-૧ | ૯૦૭ | ૫૫૪ |
| સચાણા-૨ | ૧૨૨૬ | ૭૨૮ |
| સચાણા-૩ | ૯૫૬ | ૫૯૦ |
| સચાણા-૪ | ૧૨૮૪ | ૭૯૩ |
| રામપર-૧ | ૮૯૪ | ૫૮૦ |
| રામપર-૨ | ૭૬૧ | ૫૩૦ |
| બાણુગાર મોટી-૧ | ૧૦૦૪ | ૫૫૫ |
| બાણુગાર મોટી-૨ | ૧૧૩૬ | ૬૩૧ |
| બાણુગાર મોટી-૩ | ૧૧૯૧ | ૫૯૪ |
| ફલ્લા-૧ | ૧૦૦૪ | ૬૪૪ |
| ફલ્લા-૨ | ૧૨૨૨ | ૭૦૬ |
| ફલ્લા-૩ | ૧૧૪૦ | ૭૨૯ |
| ધ્રાંગડા-૧ | ૮૮૨ | ૬૮૫ |
| ધ્રાંગડા-૨ | ૭૨૯ | ૫૩૨ |
| ખંભાલીડા મોટોવાસ | ૧૦૬૯ | ૭૬૨ |
| ખંભાલીડા નાનોવાસ | ૪૮૮ | ૩૬૪ |
| ખીજડિયા રાવાણી | ૨૭૦ | ૧૯૫ |
| રણજીતપર | ૬૧૬ | ૪૨૭ |
| ખીલોસ-૧ | ૯૭૯ | ૫૧૯ |
| ખીલોસ-૨ | ૬૧૨ | ૩૪૧ |
| બાણુગાર નાની | ૩૪૧ | ૨૪૪ |
| જાંબુડા-૧ | ૮૮૪ | ૫૦૭ |
| જાંબુડા-૨ | ૧૧૦૦ | ૬૨૫ |
| જાંબુડા-૩ | ૧૦૪૪ | ૫૭૮ |
| ખીજડિયા-૧ | ૮૫૧ | ૪૯૨ |
| ખીજડિયા-૨ | ૧૦૧૬ | ૬૨૫ |
| ધુંવાવ-૧ | ૧૨૩૫ | ૭૨૮ |
| ધુંવાવ-૨ | ૧૨૫૫ | ૯૦૩ |
| ધુંવાવ-૩ | ૧૩૭૪ | ૧૦૭૨ |
| ધુંવાવ-૪ | ૧૨૦૬ | ૬૬૧ |
| નવા નાગના-૧ | ૧૩૭૫ | ૮૧૭ |
| નવા નાગના-૨ | ૧૦૯૬ | ૩૨૮ |
| નવા નાગના-૩ | ૧૦૮૩ | ૬૯૨ |
| જૂના નાગના-૧ | ૧૨૨૪ | ૬૭૬ |
| જૂના નાગના-૨ | ૧૪૪૬ | ૮૬૦ |
| વિભાપર-૧ | ૧૦૪૧ | ૭૨૩ |
| વિભાપર-૨ | ૯૬૦ | ૬૫૬ |
| વિભાપર-૩ | ૯૯૬ | ૭૧૧ |
| બેડી-૧ | ૬૪૫ | ૩૬૫ |
| બેડી-૨ | ૭૪૩ | ૪૩૦ |
| બેડી-૩ | ૧૩૯૧ | ૮૩૪ |
| બેડી-૪ | ૧૦૮૮ | ૮૧૬ |
| બેડી-૫ | ૧૪૧ | ૫૬ |
| બેડી-૬ | ૧૨૪૨ | ૮૪૭ |
| બેડી-૭ | ૧૪૬૪ | ૧૦૨૨ |
| બેડી-૮ | ૧૩૦૯ | ૯૧૫ |
| બેડી-૯ | ૧૪૯૪ | ૯૮૮ |
| બેડી-૧૦ | ૧૪૦૪ | ૯૭૭ |
| બેડી-૧૧ | ૧૩૮૧ | ૯૬૬ |
| બેડી-૧૨ | ૮૯૮ | ૬૭૩ |
| બેડી-૧૩ | ૭૯૫ | ૫૯૭ |
| ઢીંચડા-૧ | ૧૨૦૧ | ૭૮૩ |
| ઢીંચડા-૨ | ૯૦૧ | ૫૭૭ |
| ઢીંચડા-૩ | ૯૭૨ | ૪૬૭ |
| ઢીંચડા-૪ | ૧૧૬૬ | ૫૭૯ |
| ખારાબેરાજા | ૪૯૨ | ૩૬ |
| સરમત-૧ | ૮૦૮ | ૪૮૬ |
| સરમત-૨ | ૬૧૬ | ૩૨૭ |
| ગોરધનપર | ૧૪૦૦ | ૮૬૦ |
| નાઘેડી-૧ | ૧૨૦૬ | ૭૬૨ |
| નાઘેડી-૨ | ૧૧૫૯ | ૫૮૮ |
| નાઘેડી-૩ | ૧૧૫૯ | ૭૦૧ |
| નાઘેડી-૪ | ૧૨૯૦ | ૭૫૯ |
| મોરકંડા-૧ | ૧૧૨૯ | ૭૮૭ |
| મોરકંડા-૨ | ૧૦૨૭ | ૭૭૪ |
| મોરકંડા-૩ | ૧૧૮૪ | ૮૪૦ |
| મોરકંડા-૪ | ૫૧૬ | ૩૩૭ |
| હાપા | ૧૩૭૩ | ૧૦૭૦ |
| ખીમરાણા-૧ | ૧૧૯૯ | ૭૮૪ |
| ખીમરાણા-૨ | ૧૧૬૬ | ૭૨૭ |
| ખીમરાણા-૩ | ૧૧૪૬ | ૭૧૦ |
| ખીમરાણા-૪ | ૧૧૯૫ | ૭૧૧ |
| શેખપાટ-૧ | ૧૦૮૬ | ૭૫૩ |
| શેખપાટ-૨ | ૧૨૨૧ | ૮૫૦ |
| બાડા-૧ | ૧૦૪૫ | ૬૬૩ |
| બાડા-૨ (ગોકુલપરા) | ૩૦૦ | ૨૦૬ |
| સુર્યપરા (બાડા) | ૯૧૬ | ૫૬૬ |
| અલિયા-૧ | ૯૨૫ | ૫૨૭ |
| અલિયા-૨ | ૯૬૯ | ૫૧૬ |
| અલિયા-૩ | ૧૦૭૫ | ૫૧૮ |
| અલિયા-૪ | ૯૫૦ | ૫૨૮ |
| અલિયા-૫ | ૯૨૬ | ૫૪૨ |
| લાખાણી મોટાવાસ | ૯૭૮ | ૭૩૬ |
| લાખાણી મોટાવાસ | ૬૮૨ | ૫૨૫ |
| જામવણથલી-૧ | ૪૭૨ | ૨૭૩ |
| જામવણથલી-૨ | ૯૭૯ | ૫૪૭ |
| ચાવડા | ૭૨૪ | ૪૨૫ |
| તમાચણ | ૬૧૦ | ૩૩૯ |
| મોડા | ૭૨૨ | ૫૦૧ |
| નેવીમોડા | ૪૯૩ | ૩૪૩ |
| ગંગાજલ (રામનગર) | ૯૭ | ૭૯ |
| થાવરિયા મોટા-૧ | ૮૭૯ | ૫૮૮ |
| થાવરિયા મોટા-૨ | ૧૦૪૨ | ૫૬૨ |
| ઠેબા-૧ | ૧૦૭૦ | ૬૯૩ |
| ઠેબા-૨ | ૧૦૮૪ | ૭૪૯ |
| ઠેબા-૩ | ૯૮૦ | ૫૫૯ |
| ખીમલિયા-૧ | ૧૨૮૪ | ૭૭૩ |
| ખીમલિયા-૨ | ૧૨૩૮ | ૮૩૫ |
| ખીમલિયા-૩ | ૩૯૧ | ૨૭૬ |
| કનસુમરા-૧ | ૧૨૫૬ | ૭૫૭ |
| કનસુમરા-૨ | ૧૦૫૯ | ૬૩૬ |
| દરેડ-૧ | ૧૦૯૫ | ૫૯૩ |
| દરેડ-૨ | ૧૧૪૮ | ૭૨૮ |
| દરેડ-૩ | ૧૩૯૦ | ૬૯૮ |
| લાખાબાવળ-૧ | ૧૨૬૯ | ૬૬૧ |
| લાખાબાવળ-૨ | ૧૧૫૯ | ૬૮૬ |
| લાખાબાવળ-૩ | ૯૫૯ | ૪૫૪ |
| રાવલસર | ૮૫૮ | ૫૭૧ |
| વસઈ-૧ | ૮૧૪ | ૫૩૯ |
| વસઈ-૨ | ૮૭૮ | ૫૮૭ |
| અમરા-૧ | ૧૦૧૬ | ૫૭૩ |
| અમરા-૨ | ૯૯૩ | ૫૬૩ |
| અમરા-૩ | ૧૦૩૯ | ૩૮૧ |
| અમરા-૪ | ૯૨૭ | ૪૨૬ |
| બેડ-૧ | ૧૧૭૮ | ૬૫૨ |
| બેડ-૨ | ૧૧૮૬ | ૬૬૭ |
| બેડ-૩ | ૧૧૫૯ | ૬૮૪ |
| બેડ-૪ | ૧૧૫૫ | ૫૮૫ |
| બેડ-૫ | ૧૩૨૮ | ૮૦૭ |
| બેડ-૬ | ૧૧૧૪ | ૭૯૦ |
| સિક્કા-૧ | ૧૨૦૪ | ૭૮૩ |
| સિક્કા-૨ | ૧૩૨૪ | ૭૮૫ |
| સિક્કા-૩ | ૭૮૨ | ૫૩૪ |
| સિક્કા-૪ | ૧૦૦૭ | ૬૭૬ |
| સિક્કા-૫ | ૧૧૨૮ | ૭૪૭ |
| સિક્કા-૬ | ૧૪૧૩ | ૯૪૩ |
| સિક્કા-૭ | ૧૩૧૨ | ૮૮૫ |
| સિક્કા-૮ | ૮૦૨ | ૬૭૪ |
| સિક્કા-૯ | ૮૧૪ | ૬૫૮ |
| સિક્કા-૧૦ | ૧૦૧૮ | ૭૪૬ |
| સિક્કા-૧૧ | ૧૧૮૭ | ૮૫૫ |
| સિક્કા-૧૨ | ૧૩૩૨ | ૯૫૬ |
| સિક્કા-૧૩ | ૧૧૨૬ | ૮૧૪ |
| સિક્કા-૧૪ | ૮૪૯ | ૫૦૮ |
| સિક્કા-૧૫ | ૧૪૭૭ | ૯૧૭ |
| સિક્કા-૧૬ | ૯૬૯ | ૬૨૯ |
| સિક્કા-૧૭ | ૧૨૪૭ | ૭૯૭ |
| સિક્કા-૧૮ | ૭૦૧ | ૪૨૬ |
| સિક્કા-૧૯ | ૧૫૦૪ | ૮૩૩ |
| સિક્કા-૨૦ | ૧૧૨૦ | ૩૯૭ |
| દિગ્વીજયગ્રામ-૧ | ૫૬૩ | ૩૦૩ |
| દિગ્વીજયગ્રામ-૨ | ૧૧૮૪ | ૫૮૦ |
| દિગ્વીજયગ્રામ-૩ | ૯૪૨ | ૫૩૩ |
| દિગ્વીજયગ્રામ-૪ | ૧૦૪૬ | ૪૫૬ |
| મુંગણી-૧ | ૬૯૧ | ૪૦૨ |
| મુંગણી-૨ | ૧૧૮૮ | ૫૭૬ |
| મુંગણી-૩ | ૮૦૫ | ૪૯૪ |
| ગાગવા | ૭૭૮ | ૪૮૯ |
| મોટીખાવડી-૧ | ૧૧૨૯ | ૭૪૫ |
| મોટીખાવડી-૨ | ૮૭૩ | ૫૪૨ |
| મોટીખાવડી-૩ | ૧૧૩૯ | ૭૩૯ |
| મોટીખાવડી-૪ | ૯૯૦ | ૫૫૦ |
| મોટીખાવડી-૫ | ૨૯૫ | ૧૩૯ |
| મોટીખાવડી-૬ | ૮૭૭ | ૫૩૪ |
| મોટીખાવડી-૭ | ૧૦૯૮ | ૫૪૦ |
| મોટીખાવડી-૮ | ૧૧૧૬ | ૪૫૨ |
| મોટીખાવડી-૯ | ૬૬૬ | ૩૧૧ |
| મોટીખાવડી-૧૦ | ૧૧૨૬ | ૫૯૫ |
| મોટીખાવડી-૧૧ | ૬૭૪ | ૩૨૬ |
| મોટીખાવડી-૧૨ | ૧૩૦૫ | ૫૫૬ |
| મોટીખાવડી-૧૩ | ૧૧૪૦ | ૫૪૯ |
| મોટીખાવડી-૧૪ | ૧૩૦૪ | ૬૬૯ |
| મોટીખાવડી-૧૫ | ૭૯૩ | ૩૨૮ |
| મોટીખાવડી-૧૬ | ૧૪૦૬ | ૬૩૮ |
| મોટીખાવડી-૧૭ | ૧૧૧૯ | ૫૦૮ |
| નાનીખાવડી-૧ | ૧૦૪૩ | ૬૫૧ |
| નાનીખાવડી-૨ | ૬૮૪ | ૪૯૨ |
| સાપર-૧ | ૧૦૩૯ | ૫૬૦ |
| સાપર-૨ | ૯૪૯ | ૬૦૧ |
| ગડુકા | ૨૭૭ | ૧૮૭ |
| જીવાપર-૧ | ૧૧૬૭ | ૬૮૮ |
| જીવાપર-૨ | ૧૨૪૦ | ૬૩૩ |
| દોઢિયા | ૧૨૦૩ | ૭૫૮ |
| બાલંભડી | ૪૦૬ | ૨૭૬ |
| ચાંપાબેરાજા | ૮૧૮ | ૬૬૬ |
| વાવબેરાજા | ૫૭૬ | ૪૦૬ |
| મસીતિયા-૧ | ૧૩૧૬ | ૭૧૫ |
| મસીતિયા-૨ | ૧૨૦૬ | ૭૧૬ |
| મસીતિયા-૩ | ૧૧૫૧ | ૫૪૮ |
| ચેલા-૧ | ૧૦૮૭ | ૫૫૧ |
| ચેલા-૨ | ૭૫૪ | ૨૯૦ |
| ચેલા-૩ | ૧૨૪૮ | ૬૧૭ |
| ચેલા-૪ | ૫૭૬ | ૪૨૭ |
| ચેલા-૫ | ૧૪૬૯ | ૬૯૭ |
| ચેલા-૬ | ૧૪૦૪ | ૭૫૬ |
| દડિયા-૧ | ૧૩૨૦ | ૮૭૭ |
| દડિયા-૨ | ૧૩૫૪ | ૮૦૪ |
| મોખાણા-૧ | ૬૪૯ | ૩૯૭ |
| મોખાણા-૨ | ૭૮૨ | ૫૭૪ |
| સુવરડા | ૭૩૦ | ૬૦૭ |
| વીજરખી | ૧૩૬૬ | ૮૫૯ |
| સપડા | ૭૯૭ | ૪૨૦ |
| મિયાંત્રા | ૯૩૭ | ૬૬૯ |
| બેરાજા | ૧૩૧૮ | ૮૨૩ |
| પસાયા | ૧૧૨૩ | ૭૦૪ |
| જગા | ૧૧૨૧ | ૭૨૫ |
| વારાણા | ૯૯૭ | ૫૩૮ |
| નંદપુર | ૧૧૧૭ | ૬૪૩ |
| ભરતપુર | ૬૮૭ | ૩૫૩ |
| વિજયપુર | ૩૯૭ | ૨૬૦ |
| બજરંગપુર | ૧૧૮૫ | ૬૩૮ |
| અમરાપર | ૧૮૬ | ૧૧૪ |
| ખારવેઢા | ૬૩૫ | ૩૬૫ |
| મેડી | ૯૨૨ | ૫૩૧ |
| માટલી નાની-૧ | ૫૫૬ | ૩૨૦ |
| માટલી નાની-૨ | ૩૬૦ | ૨૪૪ |
| મોડપર | ૬૬૩ | ૪૧૯ |
| ફાચરિયા | ૩૯૦ | ૨૪૫ |
| નાના થાવરિયા | ૬૨૬ | ૩૭૬ |
| હર્ષદપુર-૧ | ૮૯૩ | ૫૯૬ |
| હર્ષદપુર-૨ | ૮૦૨ | ૪૯૮ |
| ચંગા | ૧૨૮૯ | ૭૩૪ |
| ખોજાબેરાજા | ૮૨૫ | ૪૪૦ |
| ચંદ્રગઢ | ૧૧૧૨ | ૭૫૪ |
| લોઠિયા | ૭૯૮ | ૫૮૧ |
| બાવરિયા | ૧૫૮ | ૧૦૭ |
| નારણપર-૧ | ૧૦૬૮ | ૭૧૬ |
| નારણપર-૨ | ૬૪૧ | ૪૦૯ |
| લાવડિયા | ૧૧૪૨ | ૬૧૭ |
| નાઘુના | ૧૦૨૦ | ૫૭૭ |
| કોંઝા | ૧૪૧૩ | ૩૬૪ |
| સુમરી ભલસાણ | ૩૧૩ | ૨૨૫ |
| મોટી ભલસાણ-૧ | ૭૧૭ | ૫૦૦ |
| મોટી ભલસાણ-૨ | ૭૪૭ | ૫૧૦ |
| હડમતિયા | ૧૦૪૪ | ૫૮૨ |
| મતવા | ૧૦૭૮ | ૬૪૫ |
| ધુતારપર-૧ | ૧૦૭૦ | ૬૪૧ |
| ધુતારપર-૨ | ૮૧૭ | ૪૩૯ |
| ધુતારપર-૩ | ૧૧૮૫ | ૬૬૮ |
| સુમરી ધુતારપર | ૩૪૦ | ૧૯૭ |
| ધુડશિયા-૧ | ૬૬૮ | ૪૧૯ |
| ધુડશિયા-૨ | ૯૩૭ | ૬૧૫ |
| ધુડશિયા-૩ | ૭૩૩ | ૪૧૮ |
| વાગડિયા | ૧૦૭૪ | ૫૧૪ |
| વાણિયાગામ | ૪૩૯ | ૩૧૪ |
| ચંદ્રગા | ૫૨૪ | ૩૨૪ |
| મકવાણા | ૩૧૩ | ૨૦૮ |
| ઢાંઢા | ૩૫૦ | ૨૫૭ |

## જામનગરમાં વિશ્વ નૃત્ય દિવસ નિમિત્તે નૃત્ય પર્વ યોજાયું





જામનગર તા.૧૩:

જામનગરમાં વિશ્વ નૃત્ય દિવસની પૂર્વ સંધ્યાએ નૃત્ય પર્વ નું આયોજન ધ ટ્રી રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ સરસ્વતી કુચીપુડી કલાસીસના નિતાબેન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું અતિથી વિશેષ તરીકે સંદીપ કટારમલ ઉપસ્થિત રહ્યા હતા જેમાં બહોળી સંખ્યામાં સ્ટુડન્ટો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાલિકાઓનું નૃત્યું નિહાળી દર્શકો મંત્રમુગ્ધ થયા હતા.

## સરકારી કર્મચારી સહિત બે વ્યકિતના મોબાઈલ ચોરાયા

જામનગર તા.૧૩:

જામનગર શહેરના બે વિસ્તારોમાંથી બે મોબાઈલ ફોનની ચોરી થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં એક સરકારી કર્મચારીના ખીસ્સામાંથી અને એક યુવતીના બેગમાંથી મોબાઈલની ચોરી થયાનું જાહેર થયું છે.

શહેરનાં ખંભાળીયા ગેઈટ બહાર નાગરપરા શેરીનં-૧માં રહેતા પ્રશાંતભાઈ મહેન્દ્રભાઈ વારીયા (ઉ.વ.૩૫) નામના યુવાન શહેરના પાણી પુરવઠા વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હોય અને ગત તા.૧૧ના રોજ દરબારગઢ શાકમાર્કેટમાં શાક ભાજીની લેવા માટે ગયા હતાં. ત્યાં ને ભીડનો લાભ લઈને કોઈ અજાણ્યા શ્રી શખસ સરકારી કર્મચારીના ૩ ખીસ્સામાંથી રૂ.૧૦ હજારની કિંમતનો એક મોબાઈલ ફોન ચોરી ક કરી ગયાની પોલીસ ફરિયાદ - નોંધાઈ છે. શહેરના મયુરનગર વામ્બે આવાસમાં રહેતા અજીતભાઈ ભીમજીભાઈ રાઠોડ (ઉ.વ.૪૨)નામના યુવકની પુત્રીએ શ્રીજી હોલ કેવલીયાવાડીના ખુલ્લા ગ્રાઉન્ડમાં રાખેલી બેગમાંથી કોઈ અજાણ્યો શખસ રૂ.૧૩૯૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## મહેશ્વરી મેઘવાર સમાજનું ગૌરવ



જામનગર તા.૧૩:ખંભાળિયા પંથકના વિરમદડ ગામે રહેતા હેમતભાઈ મકવાણાની સુપુત્રી દીપીકા મકવાણા જે શ્રી જ્ઞાનજયોત વિદ્યાલય (વિરમદળ)માં અભ્યાસ કરતી હોય અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો.૧૦માં ૯૪.૪૬ પી.આર. સાથે ૮૭.૮૩% મેળવી પરિક્ષા પાસ કરી મહેશ્વરી મેઘવાર સમાજ અને મકવાણા પરિવારનું ગૌરવ વધારેલ છે. દીપીકાને સાયન્સમાં ૯૫ અને ગણિતમાં ૯૩ માર્ક મેળવ્યા છે જેથી આગળનો અભ્યાસ તે સાયન્સમાં જ કરવા માંગે છે.

## માતા-પિતા વગરની ૧૧ દિકરીઓને પરણાવશે તપોવન ફાઉન્ડેશન



જામનગર તા.૧૩:

જામનગરમાં વર્ષ ૨૦૨૨માં માતા-પિતા કે પિતા વગરની ૧૯ દિકરીઓના જાજરમાન સમુહ લગ્નોત્સવનું આયોજન કરનારી વૃધ્ધાશ્રમ સંચાલન સહિતની સમાજીક પ્રવૃત્તિઓ કરતી તપોવન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા આગામી નવેમ્બર માસમાં ફરી કન્યાદાન લગ્નોત્સવ-ટુ નામનો માતા-પિતા કે પિતા વગરની ૧૧ દિકરીઓનો સમુહ લગ્નોત્સવ યોજાશે. જેનું ફોર્મ વિતરણ હવે શરુ થશે.

સમાજમાં વિવિધ જ્ઞાતિ-સંસ્થાઓ દ્વારા સમુહ લગ્નો યોજાતા હોય છે. પરંતુ માતા-પિતા કે પિતા વગરની સર્વે જ્ઞાતિની દિકરીઓને પરણાવવાનો રાહ દેખાડતું પગલું તપોવન ફાઉન્ડેશન દ્વારા ભરવામાં આવ્યું હતું. જે તે સમયે અલગ-અલગ ૧૯ શમિયાણામાં આ સમુહ લગ્નોત્સવ ઉજવાયા બાદ હવે સંસ્થાના ફાઉન્ડર રાજેનભાઈ જાની. ન પુર્વ રાજ્ય મંત્રી વસુબેન ત્રિવેદી. કે ટ્રસ્ટી પરેશભાઈ જાની જણાવે છે કે, ૩ કન્યાદાન મહોત્સવ-ટુ તા.૧૭/૧૧/ - ૨૦૨૪ના રોજ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન લખવાની વિધિ બાદ ગણેશ સ્થાપન, મંડપ મુહુર્ત, ગૃહશાંતિ, હસ્તમેળાપ અને સપ્તપદીના ફેરાની વિધિઓ દરેક યુગલને વિદ્વાન પંડિતો કરાવશે. તેમજ દિકરીઓને મહેંદી મુકવી, બ્યુટીપાર્લરની વ્યવસ્થા પણ સંસ્થા કરશે. આ ઉપરાંત આવનારા ૧૧ વરરાજાઓનો વરઘોડો પણ એક જ સ્થળેથી એક સાથે નીકળશે અને મંડપ ખાતે પહોંચશે. બહારગામથી આવતારા મહેમાનો, જાનના સભયોના ઉતારા, ભોજન અને વરરાજાને તૈયાર થવાની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવશે. આ સમુહલગ્નોમાં જોડાવા માંગતા લોકોએ તા.૧૬ મે-૨૦૨૪થી તા.૬ જુન સુધીમાં સવારે ૧૦ થી બપોરે ૧ અને સાંજે ૫ થી ૮ દરમિયાન કાયદા મુજબ પુખ્ત વયના પાત્રોની વિગતોનું ફોર્મ મેળવીને સંસ્થાની શિવ-શકિત નામની સરુસેકશન રોડ ઉપર આશાપુરા હોટલ સામે આવેલી ઓફીસ ખાતે પરત કરવાનું રહેશે.

Published and Printed by PRADEEPBHAI NAROTTAMDAS SHAH on behalf of SANJ PUBLICATIONS. Printed at SANJ MEDIA Sanj Samachar House,Kasturba Road,Rajkot and Published from SANJ SAMACHAR OFFICE, 402, Kuber Avenue, Gurudwara Chowk, Jamnagar. Editor : PRADEEPBHAI NAROTTAMDAS SHAH

# પરિણામોમાં એકનું જ રાજ
# ધોળકિયા સરકાર



## Std. 10th Result Analysis - 2024

| Board First 99.99 PR | Board Top Ten | Sub. First (100 / 100) | A-1 Grade | 99 PR + | 90 PR + |
|---|---|---|---|---|---|
| 4 | 24 | 147 | 312 | 141 | 567 |

**સાયન્સ હોય કે કોમર્સ, JEE હોય કે NEET, ધો. 10 હોય કે 12, અંગ્રેજી માધ્યમ હોય કે ગુજરાતી**
**નહીં રાજકોટમાં કે... નહીં ગુજરાતમાં કે ... નહીં આસપાસમાં અત્ર - તત્ર - સર્વત્ર ધોળકિયા સ્કૂલ**

## 2024 માં ધોળકિયા સ્કૂલે સર્જેલા ઐતિહાસીક રેકોર્ડસ

**Sci.**



100 PR (Physics) JEE - A Group
India First
HERIT (Eng. Med.)



120 / 120 Gujcet B Group
Gujarat First
SUJAL (Guj. Med.)



118.75 / 200 Gujcet A Group
Center First
RUDRA (Guj. Med.)



297 / 300 Sci.TH.
Center First
UTSAV (Eng. Med.)

**Com.**



686 / 700 Board
Gujarat First
HENSHI (Guj. Med.)



682 / 700 Board
Gujarat First
KESHMA (Eng. Med.)

**10th**



592 / 600 Board
Gujarat First
DHRUV (Guj. Med.)



592 / 600 Board
Gujarat First
PARTH (Guj. Med.)

A1 ગ્રેડમાં 15 જિલ્લાઓને મહાત આપતી ગુજરાતની એકમાત્ર સ્કૂલ

### Std. 12th Result Analysis - 2024

Board First 99.99 PR: 10

Board Top Ten: 45

| | Sci. | Comm. |
|---|---|---|
| Subject First | 38 | 129 |
| A-1 Grade 90 % above | 77 | 179 |
| 99 PR+ | 49 | 149 |
| 90 PR+ | 351 | 542 |

*All categories

સ્કૂલ કેમ્પસમાં જ ગર્લ્સ અને બોયઝની અલગ અલગ હોસ્ટેલ સુવિધા...

**Std. 11th ADMISSION OPEN**

**SCIENCE**
JEE (Main) | NEET
JEE (Adv.) | FOUNDATION

**COMMERCE - ARTS**
CA - CS માટે FOUNDATION | M.B.A. માટે IPMAT
LAW માટે CLAT | UPSC - GPSC

માં પ્રવેશ માટે લેવાતી જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી ગુજરાતની ગૌરવવંતી સ્કૂલ

# DHOLAKIYA SCHOOLS

CBSE / Gujarat Board | RAJKOT - GONDAL | 72 1 11 83 83 9 / 99 7 96 82 22 2

# RCBની જીત બાદ પોઈન્ટ ટેબલમાં કેટલો ફેરફાર થયો? હવે શું છે પ્લેઓફના સમીકરણો, મુંબઈ અને પંજાબ સિવાય તમામ ટીમ રેસમાં

## અત્યાર સુધી માત્ર કોલકાતા નાઈટ રાઈડર્સે જ પ્લેઓફમાં પોતાનું સ્થાન નિશ્ચિ ત કર્યું છે : તે જ સમયે, ૭ ટીમો અન્ય ત્રણ સ્થાન માટે દાવેદાર છે



મુંબઈ :

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે દિલ્હી કેપિટલ્સને ૪૭ રનથી હરાવ્યું. આ રીતે ફાફ ડુ પ્લેસિસની આગેવાનીમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે સતત પાંચમી જીત નોંધાવી હતી. જોકે, આ જીત બાદ RCBની પ્લેઓફ રમવાની આશા જીવંત છે, પરંતુ દિલ્હી કેપિટલ્સની આશાને મોટો ફટકો પડ્યો છે. જો કે હવે બંને ટીમોના પોઈન્ટ ૧૨-૧૨ પોઈન્ટની બરાબર છે. ઉપરાંત, બંને ટીમોનું ભાવિ તેમના હાથમાં નથી. RCB અને દિલ્હી કેપિટલ્સ બંનેએ પ્લેઓફ માટે અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર રહેવું પડશે. તે જ સમયે, અત્યાર સુધી ફક્ત કોલકાતા નાઈટ રાઈડર્સે જ પ્લેઓફમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે, જ્યારે બાકીની ૩ ટીમોનો નિર્ણય લેવાનો બાકી છે.

શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની કોલકાતા નાઈટ રાઈડર્સે ૧૨ મેચમાં ૧૮ પોઈન્ટ સાથે ક્વોલિફાઈ કર્યું છે. તે જ સમયે, રાજસ્થાન રોયલ્સના ૧૨ મેચમાં ૧૬ પોઈન્ટ છે. આ ટીમ પ્લેઓફ પણ રમશે તે લગભગ નિશ્ચિત છે. જ્યારે ત્રીજા ક્રમની ચેન્નાઈ સુપર કિંગ્સ અને ચોથા ક્રમની ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદના ૧૪-૧૪ પોઈન્ટ છે, પરંતુ પેટ કમિન્સની ટીમ પાસે ૨ મેચ બાકી છે, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પાસે માત્ર ૧ મેચ બાકી છે. આ સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ૧૩ મેચમાં ૧૨ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની હાર બાદ દિલ્હી કેપિટલ્સના ૧૩ મેચમાં ૧૨ પોઈન્ટ છે, હવે આ ટીમ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. આ પછી લખનૌ સુપર જાયન્ટ્સ ૧૨ મેચમાં ૧૨ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે. જ્યારે શુભમન ગિલની આગેવાની હેઠળની ગુજરાત ટાઈટન્સ ૧૨ મેચમાં ૧૦ પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે. KKR પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે બાકીના ૩ સ્થાનો માટે ૭ દાવેદાર છે. મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ સિવાય તમામ ટીમ પ્લેઓફની રેસમાં છે. આ રીતે પોઈન્ટ ટેબલ ખૂબ જ રસપ્રદ બની ગયું છે.

# કાળઝાળ ગરમી બાદ આજથી પાંચ દિવસ માવઠાની આગાહી

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હવામાન પલ્ટો : કેરી-રાવણાના પાક પર ચિંતા : અમુક સ્થળે તા.૧૭ સુધી કડાકા ભડાકા સાથે વરસાદ પડશે

રાજકોટ, તા. ૧૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી બાદ રાજયનાં કેટલાંક ભાગોમાં ફરી હવામાન પલ્ટો આવ્યો છે અને અમુક સ્થળે માવઠા વરસ્યા છે.

દરમ્યાન આજથી તા.૧૭ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતનાં અનેક વિસ્તારોમાં તોફાની પવન અને ગાજવીજ સાથે માવઠુ વરસવાની આગાહી થતા ફરી ખેડુતો ચિંતાતુર બન્યા છે.

હાલ વૈશાખ માસ એટલે ધોમધખતો તાપ પવન સાથે ભારે બફારો જોવા મળી રહ્યો છે. ઉનાળો સોળે કળાએ ખીલ્યો હોય તેમ ચોતરફ ત્રાહીમામ પોકાર ઉઠી રહ્યો છે ત્યારે આકાશમાં ત્રણેક દિવસથી વાદળો જોવા મળી રહ્યા છે. ત્યારે માવઠાની આગાહી કરવામાં આવતા કેરી, રાવણા, જાંબુ ઉનાળુ મગફળી, તલ, મગ સહિતના પાકો ખેતરમાંઉભા છે.

આ સમયે માવઠાની ડાંગ સાથે આવી પડતા ખેડુતો બગીચા ધારકો, ઇજારેદારોની ચિંતા વધી રહી છે. આજે તા. ૧૩ મેથી ૧૭ મે એટલે ૫ દિવસ સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે માવઠુ થઇ શકે છે. સાથે કરા, ભારે પવન કડાકા ભડાકા સાથે વરસાદ ગાજવીજ સાથે પડશે તેવી આગાહી કરવામાં આવી છે.



તલ, મગ, પાક ઉપર આવી ઉભડા-ઢગલા ખેતરોમાં પડયા પાક તૈયાર થઇને ખેતરમાં ઉભો છે. તૈયાર થયેલ પાકને સલામત સ્થળે લઇ જવાની તાકીદ કરવામાં આવી છે.

દરમ્યાન જામનગરમાં સતત ત્રણ દિવસથી સ્થિર મહત્તમ તાપમાનમાં આશિક વધારો થયો હતો. પવનની ગતિમાં 'ઘટાડાથી ગરમી અને બફારાથી લોકો અકળાઈ ગયા હતાં. વાતાવરણમાં ભેજનું પ્રમણ વધીને ૮૨ ટકા રહ્યું હતું.

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી રહેતા આકરા તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે તેમાં મહત્તમ તાપમાન આંશિક એક ડિગ્રી વધ્યું હતું. જો કે, પવનની ગતિમાં આંશિક ઘટાડો થયો હતો. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૯.૮ કિ.મી.ની રહેવા પામી હતી. મહતમ તાપમાન વધતા અને. પવનની ગતિ ઘટતા ગરમી અને બફારાથી લોકો અકળાઈ ગયા હતાં.

જો કે,પવનથી સાંજથી વાતાવરણમાં ધીમે-ધીમે ઠંડક પ્રસરતા લોકોએ ગરમીમાંથી રાહત મળતા હાશકારો અનુભવ્યો હતો. જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૨૬.ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાક ૯.૮ કિમિ નોંધાઇ હતી.ગરમી વચ્ચે શહેરના અમુક વિસ્તારોમાં વીજકાપથી લોકો પરેશાન થયા હતાં. દરમ્યાન ગઇકાલે પણ રાજકોટ સહિત રાજયમાં દિવસભર આકરો તાપ અનુભવાયો હતો. રાજકોટમાં ૪૧.૫, સુરેન્દ્રનગરમાં ૪૨, અમદાવાદમાં ૪૧.૭, અમરેલીમા ૩૬.૫, વડોદરામાં ૪૦, ભાવનગરમાં ૩૮.૨, ભુજમાં ૩૮.૮, દાહોદમાં ૪૦, ડિસામાં ૪૦.૮, ગાંધીનગરમાં ૪૧ તથા વેરાવળ ખાતે ૩૩.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

# કેજરીવાલની મફત વિજળી, દરેક ગામોમાં મોહલ્લા કિલનિક, નિઃશુલ્ક શિક્ષણની ગેરેન્ટી

## મોદીની ગેરંટીઓની ટીકા કરી દિલ્હીના સીએમે કટાક્ષ કર્યો- તેમણે દરેકના ખાતામાં ૧૫ લાખ જમા કરવાનું કહેલું




નવી દિલ્હી તા.૧૩

વચગાળાના જામીન પર છુટેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ લોકસભા ચૂંટણી વચ્ચે પુરજોશમાં પ્રચારમાં લાગી ગયા છે. કેજરીવાલે દેશવાસીઓને ૧૦ ગેરંટી આપી છે, જેમાં ગરીબોને મફત વીજળી, દરેક ગામ અને મહોલ્લામાં કલીનીક, અગ્નિવીર યોજના બંધ કરવી, ભ્રષ્ટાચારના વોશિંગ મશીનને છડેચોક તોડવું અને મફત શિક્ષણ જેવી ગેરંટીઓ સામેલ છે.

પાર્ટીના મુખ્યાલયમાં રવિવારે પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે મારી આ ગેરંટીઓને લઈને ઈન્ડિયા ગઠબંધનના બાકી સાથીઓ સાથે ચર્ચા નથી થઈ પણ મને વિશ્વાસ છે કે ગઠબંધનની સરકાર બન્યા બાદ આ ગેરંટીઓને બધા સાથીઓ પાસે પુરી કરાવીશ. કેજરીવાલે જણાવ્યું હતું કે આજકાલ મોદીની ગેરંટીની ચર્ચા છે પણ તેમની ગેરંટી કેવી છે તે બધા જાણે છે. કેજરીવાલે એક-એક કરીને આ ગેરંટીને ગણાવી હતી. તેમણે કહ્યું હતું. મોદીએ ૧૫ લાખ રૂપિયા દરેક વ્યક્તિના ખાતામાં જમા કરાવાશે તેવી ગેરંટી આપી હતી. દર વર્ષે ૨ કરોડ રોજગારી આપશે, સ્વામીનાથન રિપોર્ટ લાગુ કરી ખેડુતોને ખેતી પાકના દામ આપશે. ખેડુતોની આવક બે ગણી થઈ જશે. આજે મોદીની ગેરંટીઓને લઈને બધા દેશવાસીઓ જાણે છે.

# દડો સ્ટમ્પને ન લાગ્યો છતાં પણ જાડેજાને આપી દેવામાં આવ્યો આઉટ, અજીબોગરીબ ઘટના

IPL 2024 વિચિત્ર ઘટનાઓથી ભરેલી રહી છે. રવિવારે રમાયેલી ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ મેચમાં એક વિચિત્ર ઘટના સામે આવી છે. પહેલા રમતા આરઆરએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૪૧ રન બનાવ્યા હતા. ટાર્ગેટનો પીછો કરતી વખતે ચેન્નાઈની ટીમ ઘણી મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી હતી. આ દરમિયાન, જાણો ૧૬મી ઓવરમાં રવિન્દ્ર જાડેજા સાથે કંઈક એવું થયું, જેના કારણે તેને બોલ સ્ટમ્પને અડ્યા વિના આઉટ જાહેર કરવામાં આવ્યો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. લોકો આ કિસ્સા પર મજેદાર કોમેન્ટ પણ કરી રહ્યા છે.



ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગની ૧૫મી ઓવરનો આ મામલો છે. ૧૪૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા CSKએ ૧૫ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૧૬ રન બનાવ્યા હતા. ૧૬મી ઓવર નાખવા આવેલા આવેશ ખાને પહેલા ૪ બોલમાં ચાર રન આપ્યા હતા. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને રવિન્દ્ર જાડેજા ક્રિઝ પર હતા. આ દરમિયાન પાંચમો બોલ જાડેજાએ થર્ડમેન તરફ ફટકાર્યો હતો. જાડેજા ૨ રન લેવા માંગતો હતો, પરંતુ ગાયકવાડ ન દોડ્યો. તેથી જ્યારે જાડેજા બીજા રન માટે અડધી પીચ પર દોડતો આવી ગયો હતો, ત્યારે તેણે નોન-સ્ટ્રાઇકીંગ એન્ડ પર પાછા ફરવું પડ્યું. જ્યારે વિકેટકીપર સંજુ સેમસને સીધો હિટ મારવાનો પ્રયાસ કર્યો ત્યારે જાડેજા બોલ અને સ્ટમ્પની વચ્ચે આવી ગયો. અમ્પાયરે રિવ્યૂ માટે સંકેત આપ્યો, જેમાં જાણવા મળ્યું કે જાડેજાએ બોલને સ્ટમ્પ સાથે અથડાતા રોક્યો હતો. આ કારણોસર જાડેજાને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો.

# યમુનોત્રીમાં યાત્રાળુઓનો બેકાબુ ઘસારો ખાળવા પ્રશાસન દ્વારા ગેટ સિસ્ટમ લાગુ

## દિવસમાં માત્ર ચાર વાર જ ટ્રાફિક છોડાશેઃ ભીડના કારણે યાત્રાળુઓ ફસાયાઃ અનેક યાત્રાળુઓ યાત્રા શરૂ કરે તે પહેલા નિરાશ થઈને પાછા ફર્યા

બડકોટ તા.૧૩

શ્રદ્ધાળુઓની રેકર્ડબ્રેક ભીડના કારણે રવિવારથી યમુનોત્રીમાં ગેટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. ઉતરકાશીના એસપી અર્પણ યદુવંશીના જણાવ્યા મુજબ પાલીગાડથી જાનકી ચટ્ટી વચ્ચે આ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે જે અંતર્ગત એક દિવસમાં માત્ર ચાર વાર ટ્રાફીક છોડવામાં આવશે.



યાત્રીઓની ઉમટેલી ભીડના કારણે પેદા થયેલી અવ્યવસ્થાને કારણે પ્રશાસનને ગેટ સીસ્ટમ લાગુ કરવી પડી છે. આ પહેલી ઘટના છે કે ગેટ સીસ્ટમ લાગુ કરવામાં આવી છે. શનિવારે રાતથી રવિવારે બપોરે બે વાગ્યા સુધી વાહનોને અનેક જગ્યાએ રોકવામાં આવતા યાત્રીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ટ્રાફિકજામના કારણે યાત્રીઓએ રાત્રી બસમાં પસાર કરવી પડી હતી.

**યાત્રીઓને એક સાથે ન આવવા અપીલઃ** પ્રશાસને શ્રદ્ધાળુઓને એક સાથે ન આવવા અપીલ કરી છે. સંખ્યા નિયંત્રણમાં રહેશે તો યાત્રાળુઓને દર્શન કરવામાં સુવિધા રહેશે તેમ એસપીએ જણાવ્યું હતું.

ગંગોત્રી માર્ગ પર ફસાયા યાત્રાળુઓઃ ગંગોત્રી યાત્રા માર્ગ પર રવિવારે સુકકી બેન્ડથી બે કિલોમીટર પાછળ સુધી યાત્રાળુ વાહનોનો ટ્રાફીક જામ થયો હતો. લગભગ પોણા કલાક સુધી યાત્રીઓ ફસાયા હતા.

નૈનીતાલમાં ભવાલીથી કૈંસ ધામ સુધી ભીષણ ટ્રાફીક જામઃ ભારે સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા રવિવારે અહીં ભીષણ જામ સર્જાયો હતો. આઠ કિલોમીટરનું અંતર કાપવામાં બે કલાકથી વધુ સમય લાગ્યો હતો. ટ્રાફિક જામના કારણે યાત્રીઓ હરિદ્વારથી યાત્રા શરૂ કર્યા વિના નિરાશ થઈને પાછા ફરી રહ્યા છે.

# તમિલનાડુના સીપીઆઈના સાંસદ એમ. સેલ્વારાજનું ચેન્નાઈમાં નિધન

## કિડનીની બીમારીમાં નિધનઃ સોલ્વારાજ નાગપટ્ટિનમથી લોકસભા ચૂંટણીના ઉમેદવાર હતા

ચેન્નાઈ (તમિલનાડુ) તા.૧૩

તમિલનાડુના સાંસદ એમ. સેલ્વારાજનું આજે ચેન્નાઈની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે.

તેમની કિડની સંબંધિત બીમારીની સારવાર ચાલતી હતી. ૬૭ વર્ષીય નાગપટ્ટિનમના સાંસદ એન. સેલ્વારાજને અગાઉ કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરાઈ હતી. સેલ્વારાજ ચારવાર સાંસદ બની ચૂકયા છે. વર્ષ ૧૯૮૯, ૧૯૯૬, ૧૯૯૮ અને ૨૦૧૯માં તે લોકસભામાં ચૂંટાયા હતા.

સેલ્વારાજના નિધન પર શોક વ્યકત કરતા સીપીઆઈએ તેમને દ્રષ્ટાંતરૂપ નેતા ઓળખાવ્યા હતા. સીપીઆઈએ તેમને આ વખતે નાગપટ્ટિનમ લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા.

# સંજય દત્ત પર આધારિત ફિલ્મ 'ધ વર્જિન ટ્રી'નું શૂટિંગ પૂર્ણ



મુંબઈ, તા.૧૩

બોલિવૂડ એક્ટર સંજય દત્ત પર આધારિત ફિલ્મ ધ વર્જિન ટ્રીનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. 'ધ વર્જિન ટ્રી'નું શૂટિંગ મુંબઈ અને પુણેમાં કરવામાં આવ્યું છે. સિદ્ધાંત કુમાર સચદેવ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ એક હોરર કોમેડી છે.

ફિલ્મમાં કામ કરવાના અનુભવ વિશે વાત કરતાં નવનીત મલિકે કહ્યું કે, સંજય દત્તના યુવા દિવસોને પડદા પર લાવવો એ મારા માટે અવિશ્વસનીય સફર રહી છે. રણબીર કપૂર પછી સંજય દત્તની ભૂમિકા ભજવવાનું મારું સપનું છે. તે એક મહાન સન્માન છે. નવનીત મલિકે કહ્યું કે, સંજય સાથે કામ કરવું એ એક સ્વપન સાકાર થવા જેવું છે. તે માત્ર એક અદ્ભુત અભિનેતા જ નથી પણ એક અદ્ભુત માણસ પણ છે. શૂટિંગનો અનુભવ અદ્ભુત હતો. ફિલ્મ ધ વર્જિન ટ્રીમાં નવનીતનો લુક સંજય દત્તની ફિલ્મ રોકીમાંના તેના લુકથી પ્રેરિત છે. ધ વર્જિન ટ્રીમાં નવનીત મલિક સાથે મૌની રોયની પણ મહત્વની ભૂમિકા છે.

# અ.ભા.ઉત્થાન સંગઠનમાં જામનગર જીલ્લાના પ્રમુખ તરીકે રમેશભાઈ પનારાની નિમણુંક



ફલ્લા,તા.૧૩

અખિલ ભારતીય ઉપલોકના ઉત્થાન સંગઠનના પ્રદેશ પ્રમુખ જેઠાભાઈ પટેલ દ્વારા પટેલ સમાજમાં વેપારી રમેશભાઈ હીરાભાઈ પનારાની જામનગર જીલ્લાના પ્રમુખ તરીકેની નિયુકિત કરવામાં આવતા મિત્ર વર્તુળમાં હર્ષની લાગણી જોવા મળી છે જામનગર જીલ્લાની જે જવાબદારી આપવામાં આવી છે. એને પુરી નિષ્ઠાથી નિભાવવાની ખાતરી આપી હતી.

# નવાગામની બાલકૃષ્ણ વિદ્યાલયનું ધો.૧૦નું ઝળહળતુ પરિણામ




કાલાવડ તાલુકાના નવાગામે આવેલી બાલકૃષ્ણ વિદ્યાલયમાં ધોરણ ૧૦નું ૮૨.૮૬ ટકા જેટલું પરિણામ જાહેર થયું. જેમાં શાળામાં પ્રથમ નંબરે ભટ્ટ વિશાલ કમલેશભાઈ ૯૧.૧૩ પી.આર., દ્વિતીય નંબરે ગોહેલ અભિષેક શૈલેષભાઈ ૯૦.૫૪ પી.આર. અને ત્રીજા નંબરે પાગડા સોહા સંજયભાઈ ૯૦.૩૪ પી.આર. સાથે પાસ થયેલ છે તેમજ પાસ થનાર તમામ તેજસ્વી તારલાઓને શાળા સંચાલક અને આચાર્ય એવા પરેશભાઈ પાગડાર તેમજ સમગ્ર શાળા પરિવારે શુભેચ્છા પાઠવી. આ તકે નવાગામના અખબારી એજન્ટ હર્ષલ ખંધેડીયાએ પાસ થનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર શાળા પરિવારને શુભેચ્છા પાઠવી. **(તસ્વીરઃ હર્ષલ ખંધેડીયા, નવાગામ)**

# રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોમાં વધારાના કોચ લગાવાશે



રાજકોટ,તા.૧૩

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોમાં વધારાના કોચ લગાવવામાં આવશે.મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી સમર સ્પેશિયલ ટ્રેનો માં અસ્થાયી ધોરણે વધારાના કોચ ઉમેરવાનો નિર્ણય કર્યો છે.

આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે (૧) ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-જડચર્લા વીકલી સમર સ્પેશિયલ ટ્રેનમાં રાજકોટથી ૧૩.૦૫.૨૦૨૪ થી ૨૪.૦૬.૨૦૨૪ સુધી અને જડચર્લા થી ૧૪.૦૫.૨૦૨૪ થી ૨૫.૦૬.૨૦૨૪ સુધી વધારાના એક થર્ડ એસી અને બે સેકન્ડ સ્લીપર કોચ લગાવવામાં આવશે.

૨) ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની વીકલી સમર સ્પેશિયલ ટ્રેનમાં રાજકોટથી ૧૭.૦૫.૨૦૨૪થી ૨૮.૦૬.૨૦૨૪ સુધી અને બરૌનીથી ૧૯.૦૫.૨૦૨૪થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી વધારાના એક થર્ડ એસી અને બે સેકન્ડ સ્લીપર કોચ લગાવવામાં આવશે.

### કાલાવડ તાલુકાના નાની ભગેડી ગામની

# ગાર્ડી હાઈસ્કૂલનું શ્રેષ્ઠ પરિણામ

**(રાજુ રામોલિયા),**

કાલાવડ,તા.૧૩

કાલાવડ તાલુકાના નાની ભગેડી ગામ ની શ્રીમતી વી ડી ગાર્ડી હાઈસ્કુલ નું ઝળહળતું પરિણામ .આ વર્ષે શાળાનાં આચાર્ય શ્રી આર બી કોડિયાતર તેમજ શિક્ષક ડી. બી. પાતર અને શાળા સંચાલકોના અથાક મહેનત થી શાળાનું પરિણામ ૭૦ ટકા જેટલું આવેલ છે. જેમા શેઠિયા પ્રિન્સ ૧ નંબર પર અને કુબાવત રસ્મિતા ૨ નંબર પર અને ટારિયા રમીલા ૩ નંબર પર અને સિતાપરા ખુશ્બુ નંબર ૪ પર આવેલ છે. ઉતીર્ણ થયેલ બધા બાળકો એ શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે અને તેઓ ઉતરોતર પ્રગતિ કરે એવી અભિલાષા વ્યકત કરી.

## જયપુર (પહેલા પાનાનું ચાલું)

દેવાની ધમકી આપનારની ઓળખ કરી રહી છે. જાણકારી મુજબ એક અજ્ઞાત વ્યક્તિએ પ્રિન્સીપાલને ઈ-મેલ મોકલીને કહ્યું હતું કે સ્કુલની બિલ્ડીંગમાં બોમ્બ રાખ્યો છે. સ્કુલમાં બોમ્બ રાખ્યાની વાત ફેલાતા સ્કુલોમાં અફડાતફડી મચી ગઈ છે.

## હત્યા

(પહેલા પાનાનું ચાલું)

સામેલ બેઠકોમાં આંધ્રપ્રદેશની તમામ ૨૫ ઉપરાંત ઉતરપ્રદેશની ૧૩, તેલંગાણાની ૧૭, મહારાષ્ટ્રની ૧૧, મધ્યપ્રદેશની ૮, પશ્ચીમ બંગાળની ૮, બિહારની પાંચ, ઝારખંડ-ઓડિશાની ચાર-ચાર તથા જમ્મુ-કાશમીરની એક બેઠકોનો સમાવેશ થાય છે. મોટાભાગના ક્ષેત્રોમાં મતદાન શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યુ હતું છતાં પશ્ચીમ બંગાળના બોલપુરના કેતુગ્રામ ક્ષેત્રમાં બોંબ ઝીંકાતા તૃણમુલ કોંગ્રેસના એક કાર્યકરનું મોત નિપજયું હતું. પાર્ટીના જ આંતરિક વિવાદમાં હત્યા થઈ હતી જેમાં બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. કાશમીરની બેઠકના મતદાનમાં આજે ફારૂક અબ્દુલ્લા, ઉમર અબ્દુલ્લા, મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી મોહન યાદવ, એઆઈએમઆઈએમના અધ્યક્ષ ઔવેશી, સાઉથના ફીલ્મસ્ટાર અલ્લુ અર્જુન, કેન્દ્રીય મંત્રી ગીરીરાજસિંહ વગેરેએ સવારે જ મતદાન કર્યુ હતું. બિહાર સહિતના રાજયોમાં અનેક મતદાન મથકોએ સવારથી જ મતદારોની લાઈનો જોવા મળી હતી. મતદાન શાંતિપૂર્ણ રહે તે માટે સુરક્ષાનો જડબેસલાક બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. ચોથા તબકકાના સૌથી વધુ ૫૨૫ ઉમેદવારો તેલંગાણામાં છે. આંધ્રપ્રદેશમાં ૪૫૪, મહારાષ્ટ્રમાં ૨૯૮, ઉત્તરપ્રદેશમાં ૧૩૦, પશ્ચીમ બંગાળમાં ૭૫, મધ્યપ્રદેશમાં ૭૪, બિહારમાં ૫૫, ઝારખંડમાં ૪૫, ઓડિશમાં ૩૭ તથા કાશ્મીરમાં ૨૪ ઉમેદવારો જંગમાં છે. આજના તબકકાના ૧૭૧૭માંથી ૪૭૬ ઉમેદવારો કરોડપતિ છે અને ૩૬૦ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.



# ઉચ્ચ હિમાલયી ક્ષેત્રોમાં ૧૧ વર્ષ બાદ મે મહિનામાં બરફવર્ષા

## બરફવર્ષાને પગલે પૂરા ક્ષેત્રમાં કડકડતી ઠંડી

મુનસ્યારી તા.૧૩

અત્રે ઉચ્ચ હિમાલયી ક્ષેત્રોમાં ૧૧ વર્ષ બાદ મે મહિનામાં બરફવર્ષા થઈ છે, જેથી આ પુરા ક્ષેત્રમાં કડકડતી ઠંડી પડી રહી છે. બરફ વર્ષા બાદ માઈગ્રેશન ગામોમાં ઠંડી લોકોને પરેશાન કરી રહી છે.

અહીં સમુદ્ર સપાટીથી ૧૨ ફુટથી વધુની ઉંચાઈવાળા ક્ષેત્રોમાં મેમાં ૧૧ વર્ષ બાદ થયેલી બરફ વર્ષાથી ઠંડી વધી ગઈ છે. ક્ષેત્રના પંચામુલી, રાજરંભા, હસલિંગ, છિપલાકેદાર, નંદાદેવી વગેરે ક્ષેત્રોમાં બરફવર્ષા રોકાઈ રોકાઈને ચાલુ છે. આથી ક્ષેત્રના તાપમાનમાં ઘટાડો થયો છે. નંદા દેવી બેઝ કેમ્પમાં તાપમાન માઈનસ ૨ ડીગ્રી સુધી પહોંચી ગયું છે, મિલમમાં આ સમયે તાપમાન ૧ ડીગ્રી પહોંચી ગયું છે. આ ક્ષેત્રોમાં ૧થી૩ ઈંચ સુધી બરફવર્ષા થઈ છે. લોકોના કહ્યા મુજબ વર્ષ ૨૦૨૩માં ૧૧ વર્ષ પહેલા મે માં વરસાદ થયો હતો.

કેદારનાથમાં પળે પળે બદલાઈ રહ્યું હવામાનઃ કેદારનાથમાં પળે પળે બદલી રહેલા હવામાનને જોતા જિલ્લા પ્રશાસને દેશ-વિદેશના તીર્થયાત્રીઓને પુરી તૈયારી સાથે યાત્રા કરવાનું આહવાન કર્યું છે. જેથી તેમને પગપાળા માર્ગની સાથે સાથે જ ધામમાં બારિશ, ઠંડીથી થનારી મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.

જિલ્લા આપતિ મેનેજમેન્ટ અધિકારી ચંદનસિંહ રજવારે જણાવ્યું હતું કે યાત્રી પોતાની સાથે ગરમ કપડાં, જૂતા, છત્રી, રેઈનકોટ, ગરમ કપડા, જૂતા, છત્રી જરૂર સાથે રાખે. પગપાળા યાત્રામાં રોકાઈ રોકાઈને ચાલો, જેથી શરીરને આરામ મળતો રહે.

### આગામી તા. ૧૮ના શનિવારથી 'જય શ્રી રામ'નો નાદ ગુંજશે

# ગોંડલમાં ૪૨ વર્ષ બાદ પૂ. મોરારીબાપુની રામકથાનું ભવ્ય આયોજન : વાતાનુકુલીત વિશાળ ડોમ ઉભા કરાયા

## રામ કથામાં હજારોની મેદની ઉમટશે : એકીસાથે ૨૫ હજારથી વધુ લોકો પ્રસાદ લઈ શકે તેવી અદભુત વ્યવસ્થા : તૈયારીઓનો ધમધમાટ





**(જીતેન્દ્ર આચાર્ય)** ગોંડલ, તા. ૧૩

અત્રેના જેતપુર રોડ પર આવેલા દાસીજીવણ પાર્ટી પ્લોટ ખાતે પૂ. મોરારીબાપુ કંઠે શ્રી રામકથાનું આયોજન તા.૧૮ મે તા.૨૬ મે દરમિયાન કરાયું છે.

ગોંડલની પ્રાચીન અને પ્રસિધ્ધ વડવાળી જગ્યા લોહલંગરી ધામ દ્વારા મહામંડલેશ્વર મહંત સીતારામબાપુની અધ્યક્ષતામાં ચેતનભાઈ કિશોરકુમાર સાંગાણી-ચુગાન્ડા ના સહયોગથી યોજાનાર રામકથા માં પ્રથમ દિવસે તા.૧૮ ને શનિવારે પોથી યાત્રા બપોરે એક વાગ્યે ભગવતપરા વાડવાળી જગ્યાથી વાજતે ગાજતે નીકળી શહેર ના રાજમાર્ગો પર ફરી કથા સ્થળ દાસીજીવણ પાર્ટીપ્લોટ પોહચશે ત્યારબાદ બપોરે ચાર થી સાત કથાનો પ્રારંભ થશે.

દરરોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ સુધી પૂ. મોરારીબાપુ તેમની આગવી શૈલીમાં સંગીતની સુરાવલી સાથે કથા રસપાન કરાવશે. ઉલ્લેખનીય છે કે ૪૨ વર્ષ બાદ મોરારીબાપુની ગોંડલમાં રામકથા યોજવા જઈ રહી છે ત્યારે સેવકગણ તેમજ ગોંડલ તથા આસપાસની જનતામાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગોંડલ ખાતે શ્રી દાસીજીવણ પાર્ટી પ્લોટ મુકામે પૂ. મોરારીબાપુની રામકથામાં સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાત ઉપરાંત દેશ વિદેશથી મોટી સંખ્યામાં સંતો-મહંતો, સ્ત્રોતાઓ અને ભક્તો ઉપસ્થિત રહેશે આ માટે સુંદર બેઠક વ્યવસ્થા માટે વાતાનુકુલિત કથા મંડપ તેમજ દરરોજ એકીસાથે ૨૫હજાર થી વધુ લોકો પ્રસાદ લઇ શકે તે માટે મોટા ડોમ માં ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે

મહામંડલેશ્વર ૧૦૦૮ મહંતશ્રી સીતારામબાપુ એ જણાવ્યું હતું કે ૧૯૮૪માં વડવાળી જગ્યાના મહંત જમનાદાસબાપુ સેવા આપતા હતા અને તેમનો દ્રઢ સંકલ્પ હતો કે ગોંડલમાં પૂ.મોરારીબાપુ ની કથા કરવી છે જે આજે ૪૨ વર્ષ બાદ ગુરૂમહારાજની કૃપા અને આશીર્વાદથી સાર્થક થયો હતો.

મોરારીબાપુની રામકથાનાં આયોજનને લઈને નાગરિક બેંકનાં ચેરમેન અશોકભાઈ પીપળીયાએ પૂ.સીતારામબાપુની અધ્યક્ષતામાં શહેર ની વિવિધ સંસ્થાઓ અને જ્ઞાતિઓનાં આગેવાનોની યોજેલી બેઠકમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સંતો મહંતો અને આગેવાનોએ રામકથા દરમિયાન આયોજન માં સહભાગી બની સેવા આપવા તત્પરતા દાખવી ખાત્રી આપી હતી. ગોંડલમાં ૪૨ વર્ષ પહેલા મોરારી બાપુની કથાનું આયોજન સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં થયું હતુ. ત્યારે ૪૨ વર્ષ બાદ આયોજન કરાયુ હોય શહેરભરમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

## વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ તથા સાયકલોનિક સરકયુલેશનથી વાતાવરણ બદલાયુ

# દેશભરમાં પલ્ટાતો મોસમનો મિજાજ: ૧૬ સુધી ખરાબ હવામાનની ચેતવણી



### મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ, કર્ણાટક, કાશ્મીર, ઉતરપ્રદેશ, બિહાર સહિતના રાજયોમાં વરસાદ સાથે આંધી, ઉતરાખંડ માટે યલ્લો એલર્ટ

નવી દિલ્હી તા.૧૩

સાયકલોનિક સરકયુલેશન જેવી સિસ્ટમોને કારણે દેશના મોટાભાગના ક્ષેત્રોમાં વાતાવરણ અસ્થિર બન્યુ છે અને ૧૬મી મે સુધી મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થવા સાથે આકરી ગરમીમાં રાહત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગના રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે હાલ ઉતરીય પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રીય છે. ઉપરાંત પશ્ચીમી ઉતરપ્રદેશ તથા દક્ષિણ રાજસ્થાનમાં નીચલા સ્તરે અપરએર સાયકલોનીક સરકયુલેશન સર્જાયુ છે.

પરિણામે દેશના પુર્વિય, મધ્ય તથા દક્ષિણ ભાગોમાં મૌસમનો મિજાજ બદલાયો છે. પશ્ચીમ બંગાળના ઉપહિમાલયી ક્ષેત્રો, બિહાર, ઝારખંડ, પશ્ચીમી મધ્યપ્રદેશ, આંતરિક કર્ણાટક તથા તામિલનાડુમાં જુદા-જુદા સ્થળોએ ભારે વરસાદ થયો હતો અને અનેક સ્થળોએ આંધી ફુંકાઈ હતી. પુર્વીય ઉતરપ્રદેશ તથા રાજસ્થાનના અનેક ક્ષેત્રોમાં ધુળભરી આંધી ફુંકાઈ હતી. અનેક સ્થળોએ કરા પણ વરસ્યા હતા.

હવામાન વિભાગના કથન મુજબ ૧૬મી મે સુધી હજુ વાતાવરણ અસ્થિર જ બની રહેવાની સંભાવના છે. આ દરમ્યાન વરસાદ થવા ઉપરાંત તોફાની પવન ફુંકાવાની તથા વિજળી ત્રાટકવાની સંભાવના છે.

દેશના મધ્ય મહારાષ્ટ્ર, આંતરિક કર્ણાટક, કેરળ, બિહાર, ઝારખંડ, છતીસગઢ, ઓડિશા, ગુજરાત, પુર્વિય ઉતરપ્રદેશ, તેલંગાણા જેવા રાજયોમાં પણ તોફાની પવન સાથે વરસાદ થયો હતો. પુર્વ તથા મધ્ય ભારતમાં ૧૪ મે સુધી વરસાદ સાથે અસ્થિર વાતાવરણ યથાવત રહેવાની સંભાવના છે. દક્ષિણ ભારતના રાજયોમાં ૧૬ મે સુધી વાતાવરણ ખરાબ રહેશે અને ત્યારબાદ ગરમીનો નવો રાઉન્ડ શરૂ થશે. અસ્થિર વાતાવરણ-વરસાદને કારણે અનેક ભાગોમાં તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રીનો ઘટાડો થયો છે.

હવામાન વિભાગ દ્વારા ઉતરાખંડના પાંચ જીલ્લા-ઉતરકાશી, રૂદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર તથા પિથોરાગઢ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યુ છે. ૫૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાવા સાથે વરસાદ-કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે. કાચા મકાનો, અસુરક્ષિત સ્થાનોને નુકસાન થઈ શકે તેમ હોવાથી લોકોને સલામત રહેવાની સલાહ આપવામાં આવી છે.

# રામ મંદિરમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટે બનશે આઠ દરવાજા

### કિલ્લાના ભોંયરા ઉપર ભોંયતળિયાની દિવાલ બનાવવાનું કામ શરૂ: કારીગરો તમામ છ મંદિરોની દિવાલો પર આર્ટવર્ક વ્યસ્ત



અયોધ્યા, તા.૧૩

રામ મંદિરની પરિમિતિમાં અલગ પ્રવેશ અને બહાર નીકળવા માટે આઠ દરવાજા બનાવવામાં આવશે. જન્મભૂમિ પથથી પ્રવેશ ઉપરાંત અંગદ ટીલામાંથી બહાર નીકળવાનું નક્કી કરવામાં આવ્યું છે. ક્રોસિંગ થ્રી, જે VVIP પ્રવેશ અને બહાર નીકળવા માટેનો દરવાજો હતો, તેનો ઉપયોગ આ દિવસોમાં બાંધકામ સામગ્રીના લોડિંગ અને અનલોડિંગ માટે ઉપયોગમાં લેવાય છે.

આવી સ્થિતિમાં, આ પ્રવેશદ્વારને બદલે, ૧૧ ક્રોસિંગનો ઉપયોગ VVIP માર્ગ તરીકે કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ઉત્તરી દરવાજાનું પણ નિર્માણ ચાલી રહ્યું છે. બાકીના ક્રોસિંગ એક અને બે ભવિષ્યમાં વિશેષ હેતુ માટે રાખવામાં આવી શકે છે પરંતુ આ અંગે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. આ બે દરવાજા ઉપરાંત વધુ ત્રણ પ્રવેશદ્વારો માટે મંથન ચાલી રહ્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટી ડો.અનિલ મિશ્રા કહે છે કે, સરકારી બાંધકામ નિગમને પ્રવેશદ્વાર બાંધવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેણે કહ્યું કે, ક્રોસિંગ ૧૧ અને નોર્થ ગેટની સાઈઝ અને મેઝરમેન્ટ ઉપલબ્ધ થયા બાદ કોર્પોરેશન દ્વારા ટૂંક સમયમાં બંનેનું બાંધકામ શરૂ કરવામાં આવશે. તેવી માહિતી યાત્રાધામ વિસ્તારના ટ્રસ્ટી ડો દિવાલના છ મંદિરોના નિર્માણ માટે ભોંયતળિયે ભૂમિપૂજન કર્યા બાદ ટૂંક સમયમાં વધુ બાંધકામ શરૂ થશે. તેમણે કહ્યું કે, પાર્કમાં પ્રસ્તાવિત છ મંદિરોની દિવાલો અને તેમાં સ્થાપિત કલાકૃતિઓનો નાશ કરવામાં આવશે. ઈન્સ્ટોલેશનની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ દીવાલ પણ મંદિરની સાથે પૂર્ણ થશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ડિસેમ્બર સુધીમાં મંદિર આકાર લેશે અને માર્ચ ૨૦૨૫ સુધીમાં ફિનિશિંગ પણ પૂર્ણ થઈ જશે.

**રામ મંદિરમાં બે હજાર કાર્યકરો કામ કરી રહ્યા છે**

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટી ડો. મિશ્રાના જણાવ્યા અનુસાર, આ દિવસોમાં રામ મંદિરમાં બે હજાર કાર્યકરો કામ કરી રહ્યા છે. રામાયણ કાળના ઋષિઓ અને અન્ય પાત્રોના સાત મંદિરોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ મંદિરોના પાયાના ખોદકામ અને સમારકામનું કામ અલગથી ચાલી રહ્યું છે. ખૂબ જ ટૂંક સમયમાં બાંધકામની પ્રગતિ જાહેર કરવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે પેસેન્જર ફેસિલિટેશન સેન્ટર (PFC)નું ગ્રાઉન્ડ ફ્લોર પૂર્ણ થઈ ગયું છે. ભોંયરું પહેલેથી જ તૈયાર છે અને પ્રથમ માળ પછી બીજો માળ પણ પૂર્ણતાને આરે છે. તે પણ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે અને એક્ઝિક્યુટીંગ એજન્સી તેને યાત્રાધામ વિસ્તારને સોંપશે.

# ઈન્કમટેકસ : આવતા મહિને ફોર્મ-૧૬ ડાઉનલોડ થઈ શકશે

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને અસેસમેન્ટ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ITR ફાઈલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ એવા ઘણા નોકરીયાત લોકો છે જેઓ ફોર્મ ૧૬ ન મળવાને કારણે ટેક્સ રિટર્ન ફાઈલ નથી કરી શક્યા. ફોર્મ ૧૬માં




પગારદાર વર્ગની વ્યક્તિની આવક અને ખર્ચની સંપૂર્ણ વિગતો શામેલ છે. આવી સ્થિતિમાં, તમને કેટલો પગાર મળ્યો અને કેટલો ટેક્સ કાપવામાં આવ્યો તેની માહિતી ફોર્મ ૧૬માંથી સરળતાથી મેળવી શકાય છે. આ સિવાય ITR ફાઈલ કરવા માટે ફોર્મ ૧૬અ અને ફોર્મ ૨૭ઉ પણ જરૂરી છે.

**ITR ફાઈલ કરવા માટે ફોર્મ ૧૬, 16A અને 27D જરૂરી છે**

મોટેભાગે, એમ્પ્લોયર કંપનીઓ તેમના કર્મચારીઓ માટે ૧૬મી મે અથવા ૧૫મી જૂનના અંત સુધીમાં ફોર્મ જારી કરે છે. જો તમારી પાસે ફોર્મ ૧૬ નથી, તો તમે ફોર્મ 16A અને 27D દ્વારા પણ ITR ફાઈલ કરી શકો છો. આ ફોર્મ સરળતાથી ઓનલાઈન ડાઉનલોડ કરી શકાય છે.


**ફોર્મ ૧૬માં હોય છે સંપૂર્ણ માહિતી**

પગારદાર વર્ગની વ્યક્તિની સંપૂર્ણ માહિતી ફોર્મ ૧૬માં નોંધવામાં આવે છે. દર વર્ષના અંતે, એમ્પ્લોયર માટે તેના કર્મચારીઓને ફોર્મ ૧૬ જારી કરવું જરૂરી છે. તે સામાન્ય રીતે મે અને જૂનના અંત સુધીમાં કંપનીઓ દ્વારા બહાર પાડવામાં આવે છે. આ ફોર્મમાં, કંપની દ્વારા કાપવામાં આવેલ ટીડીએસ વગેરે જેવી માહિતી દાખલ કરવામાં આવી છે. આ ફોર્મ કરદાતાઓની ટેક્સ માહિતી પણ દર્શાવે છે.

### તબીબોએ ડુકકરની કિડની ઓછામાં ઓછી બે વર્ષ ચાલશે તેવું કહેલું ત્યારે..

# વિશ્વમાં સૌપ્રથમવાર ડુકકરની કિડની પ્રત્યારોપણ કરાવનાર અમેરિકાના દર્દીનું બે મહિનામાં મોત

### પેશન્ટનું મૃત્યુ ડુકકરની કિડનીના ફેલ્યોરથી કે અન્ય કારણે તે હજુ અસ્પષ્ટ



બોસ્ટન (અમેરિકા), તા. ૧૩

વિશ્વમાં સૌપ્રથમવાર ડુકકરની કિડની પ્રત્યારોપણ કરાવતા અમેરિકાના કિડનીના દર્દીનું કિડની પ્રત્યારોપણ કરાવ્યાના બે મહિનામાં મોત થયું છે.

વિશ્વમાં તાજેતરમાં કિડનીની બીમારી ધરાવતા એક પેશન્ટના શરીરમાં ડુક્કરની કિડની નાખવાનો પ્રયોગ થયો હતો. આ ઓપરેશન સફળ રહ્યું હતું, પરંતુ બે મહિના પછી પેશન્ટનું મોત થયું છે. અમેરિકાના બોસ્ટન ખાતે રિક સ્લેમેન નામની ૬૨ વર્ષીય વ્યક્તિએ મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ ખાતે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી જેમાં તેના શરીરમાં ડુક્કરની કિડનીનું આરોપણ કરાવવામાં આવ્યું હતું. માર્ચમાં ઓપરેશન થયા પછી મે મહિનામાં તેનું મોત થયું છે.

ડોક્ટરોએ જ્યારે ડુક્કરની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન કર્યું ત્યારે તે કિડની ઓછામાં ઓછા બે વર્ષ ચાલશે તેવું માનવામાં આવતું હતું. જોકે, આ પેશન્ટ કિડનીના ટ્રાન્સપ્લાન્ટના કારણે મૃત્યુ પામ્યો છે કે બીજી કોઈ તકલીફ હતી તે હજુ જાણવા નથી મળ્યું. મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ ખાતેની ટ્રાન્સપ્લાન્ટ ટીમે જણાવ્યું કે સ્લેમેનનું મોત થવાથી તેમને ઘણું દુખ થયું છે અને તેમણે પરિવાર સમક્ષ અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ડુક્કરની કિડની બેસાડવાના કારણે પેશન્ટનું મૃત્યુ થયું છે તેવા કોઈ સંકેત નથી મળ્યા. સ્લેમેન એ પ્રથમ એવી જીવીત વ્યક્તિ હતી જેણે આ પ્રકારની સર્જરી કરાવી હોય. અગાઉ બ્રેઈન ડેડ વ્યક્તિઓમાં ડુક્કરની કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હોય તેવા બે કેસ બન્યા છે. અગાઉ બે વ્યક્તિને ડુક્કરના હૃદય બેસાડવામાં આવ્યા હતા, પરંતુ મહિનાઓની અંદર જ તેમના મોત થયા હતા.

સ્લેમેને ૨૦૧૮માં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી, પરંતુ ત્યાર પછી કિડની ફેલ્યરના સંકેત મળતા તેણે ડાયાલિસિસ કરાવવું પડ્યું હતું. ડાયાલિસિસમાં પણ વારંવાર તકલીફો થઈ ત્યારે ડોક્ટરોએ તેના શરીરમાં ડુક્કરની કિડનીનું આરોપણ કરવા માટે સલાહ આપી હતી. સ્લેમેનના સગાવહાલાઓએ એક સ્ટેટમેન્ટમાં ડોક્ટરોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે ડોક્ટરોના પ્રયાસના કારણે સ્લેમેનને વધુ સાત વર્ષ માટે જીવવા મળ્યું હતું. તેની સ્મૃતિ હંમેશા અમારી સાથે રહેશે.

સ્લેમેને એવી સર્જરી કરાવી હતી જેમાં હજુ સુધારા થતા રહેશે અને ભવિષ્યમાં હજારો લોકોને ટ્રાન્સપ્લાન્ટ દ્વારા જીવીત રહેવાની આશા મળશે.

### ત્રણ હજાર વર્ષ દૂર તારા મંડળ માં થશે નવાં તારા નો જન્મ

# નક્ષત્રના સૌથી તેજસ્વી તારામાં વિસ્ફોટ થવાને કારણે એક નવો તારો જન્મ લેશે


**છેલ્લે ૧૯૪૬માં TCRBમાં બોમ્બ વિસ્ફોટ જોવા મળ્યો હતો**

કાનપુર. જો તમે નવા તારાના જન્મના સાક્ષી બનવા માંગતા હોવ તો રાત્રે આઠ વાગ્યા પછી ઘરની છત પરથી પૂર્વ-ઉત્તર દિશામાં આકાશ તરફ ધ્યાનથી જોવાનું રહેશે. સપ્તર્ષિ મંડળની આસપાસ એક તેજસ્વી તારો નૃત્ય કરતો જોવા મળશે. આ તારાની ચમક અને ગતિ આશ્ચર્યજનક છે.

ક્યારેક આગળ પાછળ તો ક્યારેક ઝિગ-ઝેગ પેટર્નમાં, ચમકતો આ તારો એક નવા તારાને જન્મ આપવાનો છે. પૃથ્વીના સૌરમંડળથી ત્રણ હજાર પ્રકાશવર્ષ દૂર TCRB (T Corona Borealis) નક્ષત્રના સૌથી તેજસ્વી તારામાં વિસ્ફોટ થવાને કારણે એક નવો તારો જન્મ લેવાનો છે. હજુ ત્રણ દિવસ સુધી આ ખગોળીય ઘટનાને નરી આંખે જોવી શક્ય છે. આ પછી, આગામી સાત દિવસ સુધી ટેલિસ્કોપની મદદથી આ અદ્ભુત ખગોળીય ઘટનાઓ જોવા મળશે.

નવા તારાના જન્મને કારણે ઉત્તર દિશામાં આકાશમાં વિસ્ફોટ જોવા મળશે: નવાં તારા ના જન્મ ને લઈ તારીખ નક્કી કરવી મુશ્કેલ છે. ખગોળશાસ્ત્રીઓના મતે, મે અને સપ્ટેમ્બર વચ્ચેના કોઈપણ દિવસે, TCRB નક્ષત્રમાં છેલ્લા વિસ્ફોટ પછી એક નવો તારો દેખાશે. અત્યારે મધર સ્ટાર વિસ્ફોટની પ્રક્રિયાને કારણે તેજસ્વી અને વધુ અસ્થિર દેખાય છે.

અંધારું પડ્યા પછી, આકાશમાં



ઉત્તર-પૂર્વ દિશામાં TCRB નક્ષત્રમાં વિસ્ફોટની પ્રક્રિયા દેખાશે. વિસ્ફોટને કારણે ઝઈછ઼ઇ નક્ષત્રના તારાની ચમક સામાન્ય તારા કરતા ઘણી વધારે છે.

**તેજસ્વી તારાની આસપાસ વામન ની પરિક્રમા:**

IIT-કાનપુરના ખગોળશાસ્ત્ર વિભાગ અનુસાર, લાલ વિશાળ અટલે લાલ દાનવ ગ્રહ અને એક સફેદ દ્વાર્ફ અટલે વામન ગ્રહ એકબીજાની ખૂબ નજીક આવવાને કારણે શક્તિશાળી પરમાણુ વિસ્ફોટ થાય છે. હાલમાં TCRB પર, એક સફેદ વામન ગ્રહ ઝડપથી લાલ વિશાળ ગ્રહની પરિક્રમા કરી રહ્યો છે.

આ પરિભ્રમણને કારણે, ડિસ્કની રચના દેખાય છે. ઘર્ષણને કારણે, તાપમાન વધશે અને પરિણામે, મે અને સપ્ટેમ્બર વચ્ચે કોઈપણ ક્ષણે, એક શક્તિશાળી વિસ્ફોટ થશે અને બહાર નીકળતો પ્રકાશ અને ઊર્જા અનંત અવકાશમાં ફેલાઈ જશે. છેલ્લે ૧૯૪૬માં TCRBમાં બોમ્બ વિસ્ફોટ જોવા મળ્યો હતો. તે સમયે, આ ખગોળીય ઘટના પર કોઈ વિશેષ અભ્યાસ થઈ શક્યો ન હતો. આવી સ્થિતિમાં, વિશ્વના તમામ ખગોળશાસ્ત્રીઓ વર્તમાન ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે.



TCRB ખાતે આગામી વિસ્ફોટ વર્ષ ૨૧૦૪ ની આસપાસ થશે.

**અવકાશમાં હાઈડ્રોજન બોમ્બ જેવો વિસ્ફોટ થશે: નાસાના જણાવ્યા અનુસાર નોવા વિસ્ફોટ તરીકે ઓળખાય છે**

જે વિસ્ફોટ થઈ રહ્યો છે તે મૂળભૂત રીતે અવકાશમાં હાઈડ્રોજન બોમ્બ છે. આ પ્રક્રિયામાં, સૂર્ય જેવા વિશાળ લાલ દ્રવ્યમાન ની પરિક્રમા કરતી વખતે સફેદ વામન તારાઓ પર પડતા હાઈડ્રોજન સમય જતાં એકત્ર થાય છે. લગભગ ૮૦ વર્ષોના સમયગાળામાં, વામન તારા પર મોટી માત્રામાં હાઈડ્રોજન એકઠું થાય છે, જે ઘર્ષણને કારણે અનિયંત્રિત થર્મોન્યુક્લિયર ઘટનાઓ બનાવવાનું શરૂ કરે છે. નાસાના ખગોળશાસ્ત્રીઓ નું એવું અનુમાન છે કે ૨૦૨૪ માં ઓક્ટોબરના થોડા સમય પહેલા નોવા વિસ્ફોટ શક્ય છે. નાસાના વૈજ્ઞાનિક વોલ્ટરે કહ્યું કે જ્યારે આવું થશે ત્યારે તે પોલારિસ સ્ટાર જેટલો તેજસ્વી હશે, જેને નોર્થ સ્ટાર પણ કહેવામાં આવે છે. નાસા અનુસાર, આ નવો તેજસ્વી તારો ઉત્તરીય આકાશમાં નક્ષત્ર કોરોના બોરેલિસ અથવા ઉત્તરીય તાજમાં દેખાશે.

# ૬ મહિનામાં AIનો ઉપયોગ કરનારની સંખ્યા બમણી થઈ

**૭૫ ટકા વૈશ્વિક નોલેજ વર્કર્સ AIનો ઉપયોગ**




નવી દિલ્હી, તા ૧૩

છેલ્લા ૬ મહિનામાં AIનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. લગભગ ૭૫ ટકા વૈશ્વિક નોલેજ વર્કર્સ કાર્યસ્થળે AIનો ઉપયોગ કરી રહ્યા છે. માઈક્રોસોફ્ટ અને લિંક્ડઈનના '૨૦૨૪ વર્ક ટ્રેન્ડ ઈન્ડેક્સ એન્યુઅલ રિપોર્ટ'માં આ દાવો કરવામાં આવ્યો છે.

સર્વેમાં ૩૧ દેશોના ૩૧ હજાર લોકોએ ભાગ લીધો હતો. સંશોધનમાં જાણવા મળ્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિશ્વભરમાં લોકોની કામ કરવાની, નેતૃત્વ કરવાની અને ભરતી કરવાની રીતને પ્રભાવિત કરે છે. ૮ મેના રોજ બહાર પાડવામાં આવેલ સંશોધન અહેવાલ કર્મચારીઓ દ્વારા વ્યક્તિગત AI સાધનો પર વધતી જતી નિર્ભરતાને પ્રકાશિત કરે છે, જે કામની અત્યાધિક ગતી અને માત્ર સાથે સંઘર્ષ કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ૯૦ ટકા AI યુઝર્સે કહ્યું કે તેનાથી તેમને સમય બચાવવામાં મદદ મળી છે. ૮૫ ટકા માને છે કે તેઓ તેમના મહત્વપૂર્ણ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં સક્ષમ છે.

**૭૯ નેતાઓએ કહ્યું, AI અપનાવો આવશ્યક**

નેતાઓ વ્યવસાય માટે AIના મહત્વને ઓળખે છે. કેટલાક માને છે કે તેમની સંસ્થાઓ પાસે AIનો અસરકારક રીતે લાભ લેવા માટે સ્પષ્ટ વ્યૂહરચનાનો અભાવ છે. AI એકીકરણની અનિવાર્યતા હોવા છતાં, રોકાણ પર તાત્કાલિક વળતર દર્શાવવાનું દબાણ પણ કેટલાક નેતાઓને ખચકાટ અનુભવે છે. ૭૯% નેતાઓ સહમત છે કે સ્પર્ધાત્મક રહેવા માટે AI અપનાવવું મહત્વપૂર્ણ છે. અને ૫૯ ટકા લોકો AIના ઉત્પાદકતા લાભોને માપવા અંગે ચિંતિત છે.

**લોકોને વધુ સારી તકો મળી રહી છે**

AI અને જોબ ડિસ્પ્લેસમેન્ટ અંગેની ચિંતાઓ હોવા છતાં, રિપોર્ટ એક ઝીણવટભર્યો પરિપ્રેક્ષ્ય આપે છે. જ્યારે ૪૫ ટકા કામદારો ચિંતિત છે કે AI તેમની નોકરીઓ બદલી લેશે, લગભગ સમાન હિસ્સો (૪૬ ટકા) તેમની નોકરી છોડવાનું વિચારી રહ્યા છે કારણ કે તેઓને વધુ સારી તકો મળે છે.

**નેતાઓ AI કૌશલ્યોના મહત્વને ઓળખી રહ્યા છે**

એમ્પ્લોયરો અને કંપનીના નેતાઓ પણ AI કૌશલ્યોના મહત્વને વધુને વધુ ઓળખી રહ્યા છે. સર્વેક્ષણમાં સામેલ ૬૬ ટકા લોકોએ કહ્યું કે તેઓ આ કૌશલ્યોનો અભાવ ધરાવતા કોઈને નોકરીએ રાખશે નહીં. વધુમાં, ૭૧ ટકા એઆઈ કૌશલ્ય ધરાવતા અનુભવી ઉમેદવારોને નોકરીએ રાખવાનું પસંદ કરે છે. ૭૭ ટકા માને છે કે AI પ્રારંભિક કારકિર્દીની પ્રતિભાને મોટી જવાબદારીઓ લેવા સક્ષમ બનાવશે.

# પોલેન્ડનો ૧૪૦૦ શોરૂમ ધરાવતો સૌથી મોટો શોપીંગ મોલ આગમાં ભસ્મીભુત



પોલેન્ડ, તા.૧૩

પોલેન્ડની રાજધાની વોર્સોમાં રવિવારે વહેલી સવારે સૌથી મોટા શોપિંગ સેન્ટરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં ૧૪૦૦ દુકાનો બળીને રાખ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડે જણાવ્યું હતું કે, મેરીવિલ્સ્કા ૪૪ શોપિંગ કોમ્પ્લેક્સમાં ૮૦ ટકાથી વધુ આગ લાગી હતી. અહીં પચાસથી વધુ ટીમો આગ ઓલવવાની અને બચાવ કામગીરીમાં રોકાયેલી હતી. હાલમાં કોઈને ઈજા થઈ હોવાની કોઈ માહિતી નથી. મીરવાડ, વોર્સો સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ ઔદ્યોગિક ઉત્પાદન કંપની, શોપિંગ સેન્ટરની માલિકી ધરાવે છે. શોપિંગ સેન્ટરો અને દુકાનો સામાન્ય રીતે રવિવારે બંધ હોય છે.

# રાષ્ટ્રપતિના નામે 'સંત' એ ઠગાઈ આચરી: સાંસદ બનાવવાની લાલચ આપી વેપારીને કરોડોનો ચૂનો ચોપડયો

### 'સંત'ના સાગરિતે પોતાને રાષ્ટ્રપતિનો પ્રોટોકોલ અધિકારી તરીકે ઓળખાવી ઠગાઈ આચરી: બન્ને શખ્સોની ધરપકડ

જયપુર (રાજસ્થાન) તા.૧૩

રાષ્ટ્રપતિના કોટામાંથી રાજ્યસભાના સાંસદ બનાવવાની લાલચ આપી રાજસ્થાનના નાગોરમાં કબીર આશ્રમના સંત નાનક દાસે એક બિઝનેસમેનને ૨ કરોડ રૂપિયાનો ચૂનો લગાડયો હતો. પોલીસે નાનકદાસ ઉપરાંત અન્ય એક આરોપીની ધરપકડ કરી છે.

આ અંગેની વિગત મુજબ આરોપી સંત નાનકદાસ નાગોરના મોટાખાટુમાં સતગુરુ કબીર આશ્રમ ચલાવે છે.

નવાઈની વાત એ છે કે પોતાને સંત તરીકે ઓળખાવનાર નાનકદાસે દિલ્હીના એક બિઝનેસમેન નરેન્દ્રસિંહ વેદપ્રકાશ (રહે.કિશનગઢ)ને રાજયસભામાં સાંસદ બનાવવાની લાલચ આપી હતી. પોલીસના જણાવ્યા મુજબ નરેન્દ્રસિંહ દર્ષ ૨૦૨૩માં નાનકદાસને મળ્યા હતા. નાનકદાસે તેનો પરિચય બિહારના નવીનસિંહ સાથે કરાવ્યો હતો. નવીનસિંહે પોતાની ઓળખ રાષ્ટ્રપતિના પ્રોટોકોલ અધિકારી તરીકે આપી હતી. આ દરમિયાન નવીનસિંહે પીડિત-ફરિયાદીને ૫ કરોડ રૂપિયામાં રાષ્ટ્રપતિના કોટામાંથી રાજયસભા સાંસદ બનાવવાની લાલચ આપી હતી. પીડિત નરેન્દ્રસિંહે પોલીસને જણાવ્યું હતું કે તેણે ૧ કરોડ ૨૫ લાખ આઈસીઆઈસીઆઈ બેન્ક ખાતાથી નવીનસિંહના ખાતામાં જમા કરાવ્યા હતા. આ ઉપરાંત ૭૫ લાખ રૂપિયા રોકડા નાનકદાસને આપ્યા હતા. દરમિયાન આરોપી નવીનસિંહે રાષ્ટ્રપતિ કાર્યાલયના નામના કેટલાક દસ્તાવેજો પણ મોકલ્યા, જેથી પીડિતને પુરેપુરો ભરોસો થઈ ગયો હતો. બાદમાં જયારે જાન્યુઆરી અને માર્ચમાં રાષ્ટ્રપતિ કોટામાંથી સાંસદોના નોમીનેશનનું લિસ્ટ આવ્યુ ત્યારે તેમાં ફરિયાદીનું નામ નહોતું, આથી નરેન્દ્રસિંહે આરોપીઓને આ મામલે ફરિયાદ કરી તો બન્ને આરોપીઓએ હાથ ખંખેરી નાખ્યા અને સંપર્ક તોડી નાખ્યા આથી છતરાયાની લાગણી અનુભવતા નરેન્દ્રસિંહે પોલીસને ફરિયાદ કરી.




પોલીસે બન્ને ઠગોને ઝડપવા જાળ બિછાવી જે મુજબ પોલીસની સલાહ મુજબ નરેન્દ્રસિંહે બન્ને આરોપીને બાકીની રકમ લેવા બોલાવ્યા. જયારે બન્ને આરોપીઓ દિલ્હી નરેન્દ્રસિંહ પાસે પહોંચ્યા કે પોલીસે તેમને દબોચી લીધા હતા. ઉલ્લેખનીય છે કે નાનકદાસ ટી બોર્ડ કમીટીનો મેમ્બર રહી ચૂક્યો છે.

# ગાયને અકસ્માતથી બચાવવા અનોખી પહેલ, હાઈ-વે પર ફરતી ૧ લાખ ગૌ-માતાને રેડિયમ બેલ્ટ બંધાયા

અમદાવાદ : હિન્દુ ધર્મ અને ભારતીય પરંપરામાં ગાયને માતા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. એવામાં ગાંધીનગરના બ્રહ્મ સમાજના આગેવાને ગાયને અકસ્માતથી બચાવવા માટે 'સહકાર થકી ગૌ રક્ષા' નામે અનોખી પહેલ શરૂ કરી છે.

હકીકતમાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં ઢોર નિયંત્રણ પોલિસીનો ચુસ્ત અમલ કરાવવામાં આવી રહ્યો છે. જેના કારણે શહેરના રસ્તાઓ પર ગાયો જોવા નથી મળી રહી. રસ્તા પર રખડતી ગાયોને ગૌ-શાળામાં રાખવામાં આવી રહી છે. જ્યારે કેટલીક ગાયોને શહેરના છેવાડે રખડતી મૂકવામાં આવી રહી છે. આવી ગાયો ગમે ત્યાં બેસી જતી હોય છે અને રાતના અંધારામાં દેખાતી પણ નથી હોતી. એવામાં હાઈવે પર પુરપાટ દોડતા વાહનો સાથે અથડાઈને આવી ગાયોનો ભોગ લેવાઈ જતો હોય છે.



આથી હાઈવે પર તેમજ ગૌ-શાળા આગળ ફરતી ગાયોને અકસ્માતથી બચાવવા માટે નયન જોશી નામના આગેવાને અનોખું બીડું ઉપાડ્યું છે. જેમાં રખડતી ગાયને રેડિયમ બેલ્ટ બાંધવામાં આવી રહ્યાં છે. જેથી અંધારામાં પણ રેડિયમ ચમકતુ રહે અને તેના કારણે વાહન ચાલકને ખ્યાલ આવી જાય કે આગળ ગાય છે. જેના પરિણામે અકસ્માત ટાળી શકાય છે.

આ અંગે વિગતો આપતાં નયન જોશીએ જણાવ્યું કે, હું વતન જઈ રહ્યો હતો, ત્યારે મારી કાર સામે અચાનક ગાય આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્દભાગ્યે અકસ્માતમાં મને કે ગાયને કોઈ ઈજા નહતી પહોંચી. આવા સમયે મને અંદરથી એક વિચાર આવ્યો કે, જો ગાય પર રેડિયમ બેલ્ટ બાંધેલો હોય, તો અકસ્માત ટાળી શકાય છે.

જો કોઈ વ્યક્તિને ઈજા થાય, તો તેને તાત્કાલિક દવાખાને ખસેડીને તેની સારવાર શરૂ કરવામાં આવે છે. જ્યારે હાઈવે પર વેદનાથી કણસતી ગાયને ધ્યાનમાં રાખીને મારા પરિવાર દ્વારા 'સહકાર થકી ગૌ રક્ષા' નામે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત હાઈવે પર ફરતી ગાયને અકસ્માત ના નડે તે માટે ખાસ પ્રકારના રેડિયમ બેલ્ટ બાંધવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં અમે ૫૦ હજારથી વધુ બેલ્ટ બાંધી ચૂક્યા છીએ. આ માટે મધ્ય પ્રદેશના ઈન્દોરની એક કંપનીને બીજા આવા ૧ લાખ બેલ્ટના ઓર્ડર પણ આપ્યા છે. આટલું જ નહીં, અમારી સાથે રાજ્યના વિવિધ સ્થળોએથી ૧૦ હજાર જેટલા ગૌ-રક્ષકો પણ અભિયાનમાં જોડાયા છે.

### ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની ચેતવણી


# ભ્રામક હોઈ શકે છે પેકેજડ ખાદ્ય પદાર્થોના લેબલ પર લખેલ દાવાઓ

**સુગર ફ્રી ખોરાક મા ચરબી વધુ**

નવી દિલ્હી, તા ૧૩

પેકેજડ ખાદ્ય પદાર્થો ના લેબલ પર લખેલ દાવાઓ ભ્રામક હોઈ શકે છે. ખરીદતી વખતે, લેબલ પર લખેલી માહિતી ધ્યાનથી વાંચવી જોઈએ. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ આ ચેતવણી આપી છે.

ICMR મુજબ સુગર ફ્રી ખોરાક ચરબીથી ભરેલા હોઈ શકે છે, જ્યારે પેકડ જ્યુસમાં માત્ર ૧૦ ટકા ફળોનો રસ હોઈ શકે છે. ICMRએ તાજેતરમાં જારી કરેલી માર્ગદર્શિકામાં જણાવ્યું હતું કે, પેકેજડ ખાદ્ય પદાર્થો પરના આરોગ્યના દાવાઓ ગ્રાહકોનું ધ્યાન ખેંચવા અને તેમને ખાતરી આપવા માટે બનાવવામાં આવ્યા છે કે તે ઉત્પાદન સ્વસ્થ છે. ICMR હેઠળ હૈદરાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (NIN) દ્વારા જારી કરાયેલા ભારતીયો માટેના આહાર માર્ગદર્શિકામાં જણાવાયું છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ખાદ્ય ઉત્પાદનો માટે કડક ધોરણો હોવા છતાં, લેબલ પર પ્રસ્તુત માહિતી ભ્રામક હોઈ શકે છે.




**ઉદાહરણ દ્વારા સમજાવ્યું**

૧. પેકડ જ્યુસમાં માત્ર ૧૦ ટકા ઓરીજનલ ફળોનો રસ હોઈ શકે છે.
૨. અનાજમાંથી બનાવેલ ઉત્પાદનનો અર્થ એ નથી કે તે સંપૂર્ણપણે અનાજમાંથી બનાવવામાં આવે છે.
૩. ખાંડ-મુક્ત ઉત્પાદનો ઘણીવાર ઓછી કેલરીમાં માનવામાં આવે છે પરંતુ ચરબી વધારે હોઈ શકે છે.

**ફિટ રહેવા માટે દર થોડા કલાકો ચાલો**

ICMRએ પણ લોકોને ફિટ રહેવાની સલાહ આપી છે. એવું કહેવાય છે કે જો કોઈ વ્યક્તિ સતત બેસીને કામ કરે છે તો તેણે થોડા કલાકો પછી પાંચથી ૧૦ મિનિટ ચાલવું જોઈએ. લિફ્ટને બદલે સીડીનો પણ ઉપયોગ કરી શકાય છે.

# વાડીનાર જેટી પરથી દરિયામાં પટકાયેલા યુવાનનું અપમૃત્યુ

**(કુંજન રાડીયા)**

જામ ખંભાળિયા, તા.૧૩

ખંભાળિયા - જામનગર હાઈવે પર આવેલા વાડીનાર ગામે જેટીથી ૧૦ કી.મી. દુર દરિયામાં ટગ પાસે રમેશભાઈ સંદાયા મલાયલી (ઉ.વ. ૨૮) નામના યુવાન દરિયામાં પડી જતા ડૂબી જવાના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ અંગેની જાણ નેહલભાઈ જીતેન્દ્ર લાલજી સોલંકી (ઉ.વ. ૨૯, રહે. હાલ વાડીનાર) એ સ્થાનિક પોલીસને કરી છે.

**ખંભાળિયામાં હિંમતનગરના વેપારીનો મોબાઈલ ચોરાયો**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે રહેતા મૌલિકકુમાર વિનોદકુમાર પટેલ નામના ૩૧ વર્ષના વેપારી યુવાનનો વિવો કંપનીનો ફોન ગત તારીખ ૧૧ ના રોજ અત્રે હાઈવે પર આવેલી મઢૂલી હોટલ પાસેથી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હોવાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

**ખંભાળિયામાં પીધેલા વાહનચાલકો સામે કાર્યવાહી**

ખંભાળિયા નજીકના સલાયા સર્કલ પાસેથી ટ્રાફિક પોલીસે કેફી પીણું પીધેલી હાલતમાં ડ્રાયવિંગ લાયસન્સ વગર રૂપિયા બે લાખની કિંમતની જી.જે. ૦૭ ડી.સી. ૫૮૬૬ નંબરની ઈક્કો મોટરકાર લઈને નીકળેલા સોડસલા ગામના દેવશી ઉર્ફે દેવ પુનાભાઈ પરમાર (ઉ.વ. ૨૧) ને તથા રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમતના મોટરસાયકલ પર નીકળેલા મધુસુદન ઉર્ફે લાલો રમણીકલાલ અગ્રાવત (ઉ.વ. ૪૦, રહે. કુંભાર વાડો - ખંભાળિયા) ને ઝડપી લઇ, જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# ચડત ભરણપોષણની રકમ નહીં ચૂકવતા પતિને ૫૬૦ દિવસની કેદઃ ખંભાળિયાની ફેમીલી અદાલતનો ચુકાદો

**(કુંજન રાડિયા)**

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયામાં રહેતા રાજેશભાઈ હિંડોચાના સુપુત્રી પૂજાબેનના લગ્ન મૂળ જૂનાગઢ ખાતે રહેતા વિવેક કિશોરભાઈ રૂપારેલીયા સાથે ૨-૦૫-૨૦૧૩ ના રોજ ખંભાળિયા ખાતે હિન્દૂ શાસ્ત્રોક્ત વિધિથી થયા હતા. લગ્નજીવન દરમ્યાન તેઓને પુત્રી સાક્ષીનો જન્મ થયો હતો. લગ્ન બાદ તેઓ જુનાગઢ ખાતે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. સાસરીયાઓએ થોડો સમય પૂજાબેનને સારી રીતે રાખ્યા બાદ પતિ વિવેક રૂપારેલીયા તેમજ સાસુ, સસરા, નણંદ, દેર વિગેરેએ ઘરકામ બાબતે મેણા ટોણા મારી, દહેજની માંગણી કરી અને શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપી, તારીખ ૧૭-૦૨-૨૦૨૧ ના રોજ તેણીના સ્ત્રી ધનની ચીજ વસ્તુઓ રાખી લઈ અને માસુમ પુત્રી સાથે પહેર્યા કપડે ઘરની બહાર કાઢી મૂકી હતી.

આ અંગે ખંભાળિયાની અદાલતમાં પૂજાબેન દ્વારા પતિ વિવેક કિશોરભાઈ સામે ભરણપોષણ મેળવવા અંગેની અરજી કરતા ફેમિલી કોર્ટે સંયુક્ત રીતે માસિક રૂપિયા ૮,૫૦૦ ભરણપોષણ મંજુર કર્યું હતું. આ પછી પરિણીતાના પતિ વિવેકએ ભરણપોષણની રકમ નહીં ચૂકવતા અરજદારે પુનઃ અહીંની ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મેળવવા માટેની અરજી કરી હતી. જેમાં અરજદારના પતિએ ચડત ભરણપોષણની રકમ તેણીને નહીં ચૂકવવા બદલ ફેમિલી કોર્ટના જજ શ્રી બારોટ સાહેબે અરજદારના પતિ વિવેકને ૫૬૦ દિવસની જેલની સજાનો હુકમ કરી, આ અંગેનું વોરંટ કાઢવાનો હુકમ કર્યો હતો. અરજદાર તરફે અહીંના સિનિયર એડવોકેટ જીતેન્દ્રભાઈ કે. હિંડોચા, હર્ષિદા કે. અશાવલા, વિગેરે રોકાયા હતા.




# દ્વારકામાં ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞ યોજાયો

યાત્રાધામ દ્વારકા ખાતે તમામ તહેવારોની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ત્યારે શ્રી વિનાયક ચોથની ઉજવણી અંતર્ગત અહીં સેવા ક્ષેત્રે જાણીતા રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ દ્વારકાની ધર્મપ્રેમી જનતાએ લીધો હતો. આ પ્રસંગે પંચકુંડી મહાયજ્ઞ સાથે ગણપતિ મંદિરે નૂતન ધ્વજારોહણ, ખુલ્લા પડદે સ્નાન અભિષેક સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો દ્વારા આ ઉજવણી કરાઈ હતી. છેલ્લા ત્રણ વર્ષથી વિનાયક ચોથના દિવસે રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે આવા અનેક ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો દ્વારકાનાં આ રિદ્ધિ સિદ્ધિ યુવા ગ્રુપના માધ્યમથી કરવામાં આવે છે. (ફોટોઃ- કુંજન રાડિયા)

# ખંભાળિયા સહિતની વિવિધ સંસ્થાઓમાં નોંધપાત્ર યોગદાન આપનારા લોહાણા અગ્રણી સતીશ દત્તાણીનું નિધન

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા તેમજ સલાયા પંથકમાં વિવિધ સેવા ક્ષેત્રોમાં પ્રથમ હરોળનું સ્થાન ધરાવતા લોહાણા અગ્રણી સતિષભાઈ દત્તાણીનું તાજેતરમાં કાંદીવલી ખાતે દુઃખદ નિધન થતા ખંભાળિયાના રઘુવંશી સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.



છેલ્લા વર્ષોમાં કાંદિવલીના વિકાસમાં અને ખાસ કરીને એજ્યુકેશન તથા હેલ્થ-સેક્ટરમાં પાયાનું કામ કરનારા મંગુભાઈ દત્તાણીના કામને આગળ ધપાવવાનું અને એની માવજત કરીને વટવૃક્ષ બનાવવાનું ભગીરથ કાર્ય કરનાર તેમના પુત્ર સતીશ દત્તાણીનું તાજેતરમાં ૭૬ વર્ષની જૈફ વયે આકસ્મિક નિધન થયું હતું. રાતે બાર વાગ્યા સુધી પરિવારના મેમ્બરો સાથે વાતો કર્યા બાદ સતીશભાઈ સૂવા ગયા હતા. ત્રણ વાગ્યે તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાથી તેમણે પરિવારના સભ્યોને જગાડયા હતા. પરિવારના સભ્યો હજી ડૉક્ટરને બોલાવે કે તેમને સારવાર અપાય એ પહેલાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

તેમની અચાનક વિદાયથી પરિવાર સાથે સમગ્ર પંથક સ્તબ્ધ થઈ ગયો હતો. નિધન બાદ તેમના પાર્થિવ દેહનાં લોકો અંતિમ દર્શન કરી શકે એ માટે હિતવર્ધક મંડળ, કેઈએસ શ્રોફ કોલેજ અને બાલાશ્રમમાં રાખવામાં આવ્યો હતો. કાંદિવલીના અનેક લોકોએ તેમને ભાવભીની અંજલિ આપી હતી.સતિષભાઈ દ્વારા તેમના વતન ખંભાળિયા તેમજ સલાયામાં નિયમિત રીતે સેવા કાર્યોમાં અનુદાન સાંપડતું હતું.તેઓ લોહાણા વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલ ''લોહાણા બાલાશ્રમ'', લોહાણા મહાજન અને જલારામ મંદિર વિગેરે માટે વર્ષો સુધી કાર્યરત રહ્યા હતા. એકદમ સાલસ અને સરળ સ્વભાવના સતીશભાઈ કોઈ પણ સામાજિક કાર્યમાં મદદ કરવા માટે તૈયાર રહેતા. તેમના નિધનથી મુંબઈ સાથે ખંભાળિયા રઘુવંશી સમાજને પણ ન પૂરી શકાય તેવી ખોટ પડી હોવાના પ્રતિભાવ વ્યક્ત કરી, ખંભાળિયા લોહાણા મહાજન તેમજ સાથે રઘુવંશી જ્ઞાતિના આગેવાનો, હોદ્દેદારો દ્વારા તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. (ફોટોઃ- કુંજન રાડિયા)

# જૂનાગઢના જૂના જનસંઘી અને પૂર્વ ધારાસભ્ય રત્નાબાપા ઠુંમરનું ૧૦૩ વર્ષે નિધન

## સરકારે ખેડૂતો પર લગાવેલ લેવી કર લડત આપી રદ કરાવ્યો હતો

જૂનાગઢ,તા.૧૩

અન્નઅછતના દિવસોમાં તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી લાલ બહાદુર શાસ્ત્રીની આહલેક હતી કે અઠવાડિયે એક ટંક અનાજ ભોજન મા નહીં લેવું. આ વાત જીવન પર્યંત સ્વીકારીને રત્નાબાપાનો પરિવારને આજે પણ દર સોમવારે એક ટંક ભોજન નહીં કરવાની પ્રથા રત્નાબાપા નાં અંતિમ શ્વાસ સુધી ચાલુ રાખી લાલ બહાદુર શાસ્ત્રીને સમર્પિત શ્રદ્ધભાવ વ્યકત કરે છે



સૌરાષ્ટ્રની ધરા પરથી આજે શતાયુ ઉંમર પાર કરી ચૂકેલા પ્રખર રાષ્ટ્રવાદી મૂલ્યનિષ્ઠ રાજનીતિજ્ઞ, ખેડૂતોના મસિહા પૂર્વ ધારાસભ્ય એવા રત્નાભાઇ મનજીભાઈ ઠુંમરનું આજે ૧૦૩ વર્ષની ઉંમરે દેહાવસાન થતાં સૌરાષ્ટ્ર પ્રદેશે એક સનિષ્ઠ સત્યવાદી રાજનેતાની છત્રછાયા ગુમાવી છે,

અત્રે ઉલ્લેખનીય છે કે સોરઠ પ્રદેશમાં વસવાટ કરતા મૂલ્ય નિષ્ઠ રાજનીતિજ્ઞોમાં સૂર્યકાંતભાઈ આચાર્ય કે જેઓ વનવાસી ક્ષેત્રમાં વન બંધોના કલ્યાણ અર્થે જીવન પર્યંત પોતાની જિંદગી ખર્ચી હતી, અને સોરઠમાં ખેડૂતો પર અગાઉની સરકારોએ લાદેલી લેવી પ્રથા એટલે કે લેવીકરને નાબૂદ કરવા માટે જેમણે લોકલડત ને અંજામ આપ્યો હતો એવા પ્રખર સત્યનિષ્ઠ રત્નાભાઇ ઠુંમર પ્રધાનમંત્રી શ્રીના અંગત વર્તુળ પૈકીના આત્માઓ રહ્યા છે. આજે રત્નાભાઇએ ૧૦૩ વર્ષની ઉંમરે પોતાના વિશાળ પરિવારને વિલાપ કરતો મૂકીને વૈકુઠ તરફ પ્રયાણ કર્યું છે, ત્યારે સૌરાષ્ટ્ર પ્રદેશે એક મૂલ્યનિષ્ઠ નેતૃત્વની ખોટ પડી છે ,અત્રે ઉલ્લેખનીય છે કે રાજકીય કારકિર્દી દરમિયાન રત્નાભાઇ ઠુમરે સરકારની તિજોરીમાંથી ક્યારેય એક પણ પૈસાનો ભથ્થાનો સ્વીકાર કર્યો નથી,ધારાસભ્ય પદે પોતાના કાર્યકાળ દરમિયાન તેઓએ સામાન્ય એસટી બસમાં જ ગાંધીનગર ખાતે જવા આવવાની નેમ રાખી હતી. રત્નાભાઇએ લાલ બહાદુર શાસ્ત્રીના અઠવાડિયે એક ટંક અને અન્ન ત્યાગની વિભાવનાને જીવન પર્યંત સ્વીકારીને પોતાના પરિવાર સાથે દર સોમવારે એક ટંક ભોજન નહીં સ્વીકારવાની પ્રથા કાયમી અમલ બનાવી રાખી હતી. આ જ રીતે રત્નાભાઇએ પોતાના માતૃશ્રી જીવી બાના સ્મરણ અર્થે પોતાની પાસે એક અલગ આવકનો સોર્સ જાળવાઈ રહે તે માટે જમીન રાખી તેમાંથી ઉત્પાદિત ખેત ઉત્પાદનમાંથી થતી આવક ગામની વિધવા ત્યકતા બહેનોના કલ્યાણ અર્થે, ગરીબ બાળકોના શિક્ષણ અર્થે, ગામની ગૌશાળા ના દાન માટે, અને જરૂરીયાત મંદ પરિવારોને અન્ન વિતરણ થઈ શકે તે દિશામાં સત્કાર્ય કરતા રહ્યા છે. ત્યારે તેઓએ પ્રધાનમંત્રીની હાકલને સાંભળીને કોરોના કાળે પ્રધાનમંત્રીના ફંડમાં એકાવન હજાર રૂપિયાની નિધિ અર્પણ કરી હતી. ભગવાન શ્રીરામના નીજ મંદિર ના નિર્માણ છે ૨૫૦૦૦ રૂપિયાનું અનુદાન જોડયુ હતું.તો સૈનિક વેલ્ફર કલ્યાણ ફંડમાં બીપીન રાવતના સ્મરણાર્થે પોતે ૫૧૦૦૦ની નિધિ લખાવીને સત્કાર્યમાં પોતાનો હિસ્સો જોડયો હતો. આમ રત્નાભાઇ ઠુંમર આજે આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે તેમના ચીરકાલીન કાર્યો આ સમાજને નવો રાહ ચિંધતા રહેશે અને તેમના પથ પર ચાલવા આજના યુવાનોને નવી પ્રેરણા મળતી રહેશે. ભગવાન દિવંગત રત્નબાપા ઠુંમરના આત્માને ચિર ગતી પ્રદાન કરે એવી પ્રાર્થના આજે તેમના લાખો શુભચિંતકો વ્યક્ત કરી રહ્યા છે

# ખંભાળિયા નજીક પીધેલી હાલતમાં ટ્રક ચાલક ઝડપાયો

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા - જામનગર હાઈવે પર અત્રેથી આશરે સાત કિલોમીટર દૂર ટોલ ગેઈટ પાસેથી ટ્રાફિક પોલીસે મોડી રાત્રિના સમયે કેફી પીણું પીધેલી હાલતમાં રૂપિયા ૧૨ લાખની કિંમતનો જી.જે. ૩૭ ટી ૫૦૩૮ નંબરના ટ્રકને લઈને ડ્રાયવિંગ લાયસન્સ વગર નીકળેલા ભાણવડ તાલુકાના રૂપામોરા વિસ્તારના રહીશ કરણ રામશીભાઈ પીપરોતર (ઉ.વ. ૩૩) ને ઝડપી લઇ, જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.(કુંજન રાડિયા)



# ખંભાળિયામાં પરશુરામ જયંતીની ભવ્ય ઉજવણી

જામ ખંભાળિયા, તા.૧૩

ભગવાન શ્રી વિષ્ણુજીના છઠ્ઠા અવતાર એવા શ્રી ભગવાન પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે ખંભાળિયામાં બ્રહ્મ સમાજ દ્વારા ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમૂહ ભૂદેવ (મહા આરતીનું આયોજન) કરાયું હતું. જેમાં બ્રહ્મનાદ સાથે મોટી સંખ્યામાં ભૂદેવ પુરુષ તેમજ મહિલાઓ જોડાયા હતા. દાદા પરશુરામજીની મહાઆરતી તેમજ સમગ્ર વિશ્વમાં તમામ જીવની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજન અત્રે શારશૃત બ્રહ્મપુરી (ભૈરવા કોઠા પાસે) ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દર્શન કનુભાઈ પાંધી, એડવોકેટ જયભાઈ કુવા, નિલેશભાઈ શુકલ, મયંકભાઈ ભટ્ટ, હિરેનભાઈ ખેતિયા, વજુભાઈ વોરીયા, શૈલેષભાઈ ભટ્ટ, ચેતનભાઈ જોશી, સહિતના યુવાનો, આગેવાનો તેમજ કાર્યકરો જોડાયા હતા. (તસ્વીર : કુંજન રાડીયા)

# ભાણવડઃ આહિર સમાજનું ગૌરવ

ભાણવડ નજીક વીર શહીદ રમેશભાઈ જોગલનાં માદરે વતન મેવાસા ગામનાં વતની અને ભાણવડની સરકાર સંચાલીત વી.એમ.ઘેલાણી હાઈસ્કુલમાં અભ્યાસ કરતાં આહીર જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થી આશીષ દેવાણંદભાઈ ભાદરકાએ હમણાંજ જાહેર થયેલ ધોરણ બારનાં પરિણામમાં ૯૯.૩૮ ટકા સાથે ભાણવડ કેન્દ્રમાં બીજું સ્થાન મેળવી આહીર સમાજ અને સમગ્ર વિસ્તારનું નામ ગુંજતું કર્યું છે, તેજસ્વી વિદ્યાર્થી આશીષએ એકાઉન્ટમાં પુરા '૧૦૦' માર્કસ સાથે ઝળહળતી ફતેહ મેળવી છે, વિદ્યાર્થી આશીષની શૈક્ષણિક વર્તુળમાં ચોમેર પ્રશંસા થઈ છે.



# સલાયામાં રેલ્વે લાઈનનું કામ પુરજોશમાં ચાલુ

## રેલવે ચાલુ થતા સલાયાના વિકાસને મળશે ગતિઃ બંદરનો થશે વિકાસ

(ભરત લાલ) સલાયા,તા.૧૩

સલાયામાં વર્ષો પહેલા રેલ્વે લાઈન હતી.અને ટ્રેન આવતી જે સમયાંતરે બંધ થઈ હતી. થોડા સમય પહેલા કેન્દ્ર સરકાર દ્વારા આં રેલ્વે લાઈન ફરી ચાલુ કરવાની જાહેરાત કરવામાં આવેલ હતી. જે અનુસંધાને રેલ્વે લાઈનમાં થયેલ દબાણોને સરકારશ્રીએ નિયમાનુસાર દૂર કરાયા હતા. બાદ હાલ આં જગ્યામાં જયાં જૂનું રેલ્વે સ્ટેશનનું માળખું ઊભું છે ત્યાંથી ખંભાળિયાના રેલ્વે લાઇન્ને જોડવા માટે પાટાનાં કામ માટે લેવલીંગનું કામ પુર જોશમાં ચાલુ થયેલ છે. સલાયાનાં બુધ્ધિજીવી લોકોના મત મુજબ આં રેલ્વે લાઈન ફરી શરૂ થતાં સલાયાના બંદર અને સલાયા ગામનો ખૂબ વિકાસ થશે. અને સલાયા તથા આજુબાજુના લોકોને રોજગારીની તકો પણ વધી જસે. સલાયા બંદરે લાકડાના વહાણ બનાવવામાં આવે છે અને અન્ય બંદરોથી તે દુબઈ,શારજહા જેવા ખાડીના દેશોમાં માલ ભરીને જાય છે. અગાઉ આં વહાણો સલાયા બંદરેથી જ માલ ભરીને જતા જે હાલ સરકારના આદેશ મુજબ બંધ છે. ધીમે ધીમે સરકાર દ્વારા આં બંદરનો પણ વિકાસ કરવામાં આવે તો સલાયા બંદર સમગ્ર દેશના અર્થતંત્રના વિકાસમાં સહભાગી બની શકે છે! હાલ પ્રથમ રેલ્વે લાઇન્નું કામ પુર જોશમાં ચાલુ થતા સલાયાવાસીઓને વિકાસનું એક આશાનું કિરણ દેખાયું છે. આગળ ધીમે ધીમે સરકાર બંદરનો પણ વિકાસ કરશે તો સલાયા બીજા બંદરોની જેમ ખૂબ પ્રગતિ કરશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.



# ખંભાળિયાઃ રઘુવંશી યુવાનના જન્મદિવસ નિમિત્તે સેવાકાર્ય સાથે ઉજવણી

ખંભાળિયાના સેવાભાવી રઘુવંશી અગ્રણી પરિવારના પુત્ર મનન નીતિનભાઈ લાલના તાજેતરમાં જન્મદિવસ નિમિત્તે ખંભાળિયામાં સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે સ્લમ વિસ્તારમાં ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અત્રે ઘી ડેમ પાસેની ઝૂંપડપટ્ટી વિસ્તાર નજીક મોટી સંખ્યામાં બાળકોને સુવ્યવસ્થિત રીતે ભોજન આપવામાં આવ્યું હતું. (ફોટોઃ- કુંજન રાડિયા)

# જામજોધપુરના બાલવા ગામના કુવામાં દિપડો ખાબકયો

## વનવિભાગના કર્મચારીઓની ટીમે રેસ્કયુ કરી દિપડાને કુવામાંથી બહાર કાઢયો

**(ભરત ગોહેલ દ્વારા)**

જામજોધપુર તા.૧૩

જામજોધપુર તાલુકાનાં બાલવા ગામની સીમમાં ખુલ્લા કુવામાં દીપડો પડી ગયો હતો. આ બનાવની જાણ થતાં જ વનવિભાગની ટીમ દોડી ગઈ હતી અને રેસ્કયુ કરી દીપડાને બહાર કાઢવામાં આવેલ હતો.

જામજોધપુર પંથકમાં દીપડાનાં આંટાફેરા હોવાનું લાંબા સમયથી સાંભળવા મળતું હતું. પરંતુ દીપડાનાં સગડ મળતા ન હતા. દરમ્યાન તાલુકાનાં બાલવા ગામની સીમમાં એક ખેડૂતની વાડીનાં કુવામાં દીપડો ખાબકયો હતો.

આ અંગેની જાણ થતાં જ વન વિભાગની ટુકડી સાધન સામગ્રી સાથે બાલવા ગામે દોડી ગઈ હતી, અને કુવામાં ખાટલો ઉતારી દીપડાનું રેસ્કયુ કરી સલામત બહાર કાઢયો હતો. આવેલા એ ગામના લોકોનો ટોળું એકત્ર થયું હતું.



# ખંભાળિયા બ્રહ્મ સમાજનું ગૌરવ



જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા નગરપાલિકા સંચાલિત શેઠ દા.સુ. ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી કુ. દિવ્યા ભાવેશભાઈ મહેતા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ ૧૨ ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૮.૨૬ પર્સન્ટાઇલ રેન્ક મેળવી અને સમગ્ર શાળામાં પ્રથમ હાંસલ કર્યો છે. બ્રહ્મ સમાજનું ગૌરવ વધારવા બદલ દિવ્યા મહેતાને બ્રહ્મ સમાજના પ્રમુખ વિપુલભાઈ જોશી વિગેરેએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખંભાળિયા રઘુવંશી જ્ઞાતિનું ગૌરવઃ જશ વિઠલાણી



જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયાની સેન્ટ કર્વે સ્કૂલમાં અભ્યાસ કરતા જશ હેમલભાઈ વિઠલાણીએ તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૯૮.૫૫ પી.આર. સાથે એ-વન ગ્રેડ મેળવીને શાળામાં અગ્ર ક્રમે ઉતીર્ણ થઇ, વિઠલાણી પરિવાર સાથે સમગ્ર રઘુવંશી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

# ધો.૧૦ માં દીપ હડિયલ પ્રથમ ક્રમેઃ સતવારા સમાજનું ગૌરવ



ખંભાળિયાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતા દીપ વિજયભાઈ હડિયલએ તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષામાં ૯૮.૨૭ પર્સેન્ટાઇલ રેન્ક સાથે સમગ્ર સ્કૂલમાં પ્રથમ ક્રમે ઉતીર્ણ અને શાળા સંસ્થા તેમજ સતવારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. (તસ્વીર : કુંજન રાડીયા)

# અવસાન નોંધ

**રાજકોટઃ** હાલ રાજકોટ લતીપુર નિવાસી વોરા જેસંગલાલ કોકળદાસના પુત્ર જયસુખલાલભાઈ (ઉ.વર્ષ ૮૬) તે હિતેશભાઈ લતીપુર, પરેશભાઈ વિમલભાઈ તથા વર્ષાબેન ભુપતભાઈ વોરા અમદાવાદના પિતાશ્રી સ્વ. રમણીકભાઈ લતીપુર તથા લલિતભાઈ, રાજકોટ તથા સ્વ. ગુણવંતીબેન બાલાચદ, રાજકોટ તથા ગં. પુષ્પાબેન મહેન્દ્રભાઈ મહેતા, કલકતાના ભાઈ તથા વાંકાનેર નિવાસી સંઘવી વનેચંદભાઈ જુંજાભાઈના જમાઈ અરીહંત શરણ પામેલ છે. સદગતનું ઉઠમણું વૈશાખ સુદ ૭ને મંગળવાર તા.૧૪-૫-૨૦૨૪ સવારે ૯-૩૦ કલાકે પ્રહલાદ પ્લોટ દેરાસર, રાજકો ખાતે તેમજ પ્રાર્થનાસભા સવારે ૧૧ કલાકે વિશાશ્રીમાળી જ્ઞાતિની વાડી ૧૧ કરણપરા ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુળ જામકંડોરણા વાળા હાલ રાજકોટ કિરણબેન કિશોરભાઈ વઢવાણીયા (ઉ.૭૨) તે વિશાલભાઈ સ્વ. સોનલબેન તથા હેમાબેન તતા હર્ષાબેનના માતુશ્રી તથા કમલભાઈ વડનગરા તથા મહેશભાઈ વડનગરાના બહેન તા.૧૧ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષનું બેસણું તા.૧૩ને સોમવારના સાંજે ૫થી ૬ પુરીબેન હોલ જીલ્લા ગાર્ડન ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**ઉનાઃ** શ્રીગૌડ મેડતવાડ બ્રાહ્મણ મોઠા નિવાસી હાલ ઉના બાલકૃષ્ણ રામશંકર દવે (ઉ.૭૫) તે સ્વ. ઈશ્વરલાલ રામશંકર દવાના નાનાભાઈ, લીતાબેન વિજયભાઈ ભટ્ટ જામનગર, મીનાબેન કિરીટકુમાર જામી (જામનગર)ના ભાઈ, મનીષભાઈ, સુભાષભાઈ, ભાવનાબેન નિલેશભાઈ ભટ્ટ જામનગર અને શોભનાબેન નૈષધકુમાર ત્રિવેદી (જામનગર)ના પિતાશ્રી, ગીરીશભાઈ, હરેશભાઈ ના કાકા, જાનવીબેન, કેવલભાઈ, અક્ષયભાઈના દાદા, મૂળ નારીયેલી મોલી નિવાસી સ્વ. વ્રજલાલ ભાણજી જાનીના મોટા જમાઈ તા.૧૨ના રોજ કૈલાશવાસ પામેલ છે. બેસણુ/ઉઠમણું તા.૧૩ના ૪થી ૬ તેમના નિવાસ સાજણનગર, એરટેલ ટાવર પાસે ઉના રાખેલ છે.

**અમરેલીઃ** મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ રાવલ (ઉ.૮૨) તે કિરીટભાઈ, પ્રવિણભાઈ, રેખાબેનના પિતાશ્રી તથા કિશોરભાઈ, નવલભાઈના મોટાભાઈ, વિપુભાઈના કાકા, હિતના દાદા, રિતુ, પ્રશમના નાનાનું તા.૧૨ના અવસાન થયું છે. બેસણું તા.૧૬ના ૪થી ૬ ખેડાવાડ બ્રાહ્મણ વાડી, ગર્લ્સ સ્કૂલ સામે અમરેલી મુકામે રાખેલ છે.

કીરીટભાઈ ૬૩૫૧૦ ૯૦૧૩૧, પ્રવિણભાઈ ૯૮૭૯૬ ૫૮૧૩૩.

**સાવરકુંડલાઃ** સાવરકુંડલા નિવાસી બીનાબેન જીજ્ઞેશભાઈ પાઠક (ઉ.૫૨)નું તા.૮ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તે જીજ્ઞેશભાઈ શિવશંકરભાઈ પાઠકના પત્ની, વૈભવભાઈ પાઠકના માતુશ્રી, જયેન્દ્રભાઈ પી. ભટ્ટ અમદાવાદના પુત્રી થાય.

**સાવરકુંડલાઃ** સાવરકુંડલા નિવાસી અરૂણાબેન હસમુખભાઈ ખોલકિયાના પુત્ર, જિજ્ઞાબેનના પતિ, દિયા, દીક્ષાના પિતાશ્રી નિકુંજભાઈ (ઉ.૪૨) તા.૧૧ના અક્ષર નિવાસી થયેલ છે. તે ગીરીશભાઈ, રમેશભાઈના ભત્રીજા, હીનાબેન વિજયકુમાર સાપરીયા (બોટાદ)ના ભાઈ, નિલેશકુમાર ચોટલીયા સુરતના ભાણેજ, સ્વ. મંજુબેન અમરેલી, નયનાબેન મહુવા, કૈલાશબેન સુરતના ભાણેજ, જયોતિબેન જયંતીલાલ જાદવ રાજકોટ, ભારતીબેન મેહુલકુમાર પરમાર (કોળીયાક) હીનાબેન જયસુખભાઈ ચોટલીયા (ઈંદોર)ના ભત્રીજા થાય. બેસણું તા.૧૩ના ૪થી ૬ ઉતરકીયા તા.૨૨ના અમારા નિવાસ મારૂતીનગર શેરી નં.૩ સાવરકુંડલા રાખેલ છે.

**સાવરકુંડલાઃ** રાજુભાઈ ખુશાલભાઈ વાળા (ઉ.૪૦) તે મનોજભાઈ ખુશાલભાઈના ભાઈ, જય મનોજભાઈના કાકાનું તા.૧૧ના અવસાન થયું છે. બેસણું તા.૧૩ સોમવાર સાંજે ૪થી ૬ દેવળા ગેટ, પોલીસ ચોકી પાછળ સાવરકુંડલા રાખેલ છે.

**રાજકોટઃ** હંસાબેન પ્રવીણચંદ્ર ત્રિવેદી (ઉ.વ- ૮૦) તે નયનાબેન, તૃપ્તિબેન, દિવ્યાબેન, જયશ્રીબેન, જાગૃતીબેન તથા સ્નેહલતાબેનના માતુશ્રીનું તા. ૧૧ને શનિવારે અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૩ના સોમવારે સાંજે ૫ થી ૭ કલાકે તેમના નિવાસસ્થાન ક્રિસ્ટલ બી ૧૦૫, રાધા પાર્ક, અયોધ્યા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે. (મનોજભાઈ પ્રભુલાલ રાવલ- ૯૭૧૨૧ ૬૦૫૫૦)

**જામ ખંભાળિયાઃ** વસંતાબેન બાબુલાલ કોટેચા (ઉ.વ. ૯૦) તે કિશોરભાઈ, જયેશભાઈ, સ્વ. અરવિંદભાઈ અને ભાવનાબેન ભૂપેન્દ્રકુમાર રૂપારેલના માતુશ્રી તેમજ અલ્પીત અને વિકલ્પના દાદીમાં, સ્વ. ચંદુલાલ પોપટ (સી.કે.) અને નટુભાઈ પોપટ (મિલન વારા)ના બહેન તા. ૧૨ ના રોજ અવસાન પામ્યા છે.

તેમની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી સોમવાર તા. ૧૩ ના રોજ સાંજે ચારથી સાડા ચાર અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.

**ગોંડલ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ રમાબેન (ઉ.વ. ૭૫) તે સ્વ. મધુકાંતભાઈ કલ્યાણજી જોષીના પત્ની, સ્વ. કલ્યાણજી મહાશંકર જોષીના પુત્રવધુ, સ્વ. શિવશંકર વીરજી જોષી (પારડી)ના પુત્રી, તૃપ્તિબેન વિવેકકુમાર જોષીના માતૃશ્રી, મનીષભાઈ જીતેન્દ્રભાઈ જોષીના ભાભુનું તા.૧૨ના રોજ અવસાન થયું છે. બંને પક્ષનું બેસણું તા ૧૬ને ગુરુવારે સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન તેમના નિવાસ સ્થાન પાસે, ગુર્જર સુતાર જ્ઞાતિની વાડી, ભોજરાજપરા શેરી નં. ૨૮/૯, ગોંડલ ખાતે રાખેલ છે.


**જુનાગઢ** નિવાસી ઉપેન મનસુખલાલ ત્રિવેદીના ધર્મ પત્ની ચેતનાબેન ઉપેનભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૧) તા.૧૨ને રવિવારના રોજ કૈલાસવાસ પામેલ છે. તે મનિષભાઈ અને અતુલભાઈ, તેમજ યશવંતભાઈ, વિજયભાઈ, ભાવિનભાઈ તથા મહેશભાઈ (રાજકોટ),ઘનશ્યામભાઈ(ગોંડલ )રાજેશભાઈ (ગુંદાળા) ના નાના ભાઈના ધર્મ પત્ની,તથા કૌશિકના ભાભી (અમદાવાદ ),તથા જય (જય ત્રિવેદી ફોટોગ્રાફી), સમીર ( દર્પણ સ્ટુડિયો) ધનુષભાઈ, મનાલભાઈ, સુમિતભાઈ (પ્લેઝર જેમ્સ કલરલેબ), પ્રકાશભાઈ (ભાલછેલ)વાળાના કાકી, તેમજ પોરબંદર નિવાસી અશ્વિનભાઈ ઠાકર અને કૌશિકભાઈ ઠાકરના નાના બહેન થાય.

સદગતનું બેસણું તા. ૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ અમારા નિવાસ મયુરનગર શેરી નં.૩, ગોકુલેશ ગૌશાળા રોડ, ઝાંઝરડા રોડ, જુનાગઢ ખાતે રાખેલ છે.

## સ્વ.જયસુખભાઈ વોરાનું કાલે ઉઠમણું-પ્રાર્થના સભા

રાજકોટ,તા.૧૩

હાલ રાજકોટ લતીપુર નિવાસી વોરા જેસંગલાલ ગોકળદાસના પુત્ર જયસુખલાલભાઈ (ઉ.વ.૮૬) જે હિતેશભાઈ લતીપુર, પરેશભાઈ વિમલભાઈ તથા વર્ષાબેન ભુપતભાઈ વોરા અમદાવાદના પિતાશ્રી સ્વ.રમણીકભાઈ લતીપુર તથા લલિતભાઈ, રાજકોટ તથા સ્વ.ગુણવંતીબેન બાલાચદ, રાજકોટ તથા ગં.પુષ્પાબેન મહેન્દ્રભાઈ મહેતા, કલકતાના ભાઈ જે વાંકાનેર નિવાસી સંઘવી વનેચંદભાઈ જુંજાભાઈના જમાઈ અરિહંત શરણ પામેલ છે.સદ્ગતનું ઉઠમણું વૈશાખ સુદ ૭ને મંગળવાર તા.૧૪ના સવારે ૯.૩૦ કલાકે પ્રહલાદ પ્લોટ દેરાસર, રાજકોટ ખાતે તથા પ્રાર્થના સભા સવારે ૧૧ કલાકે સ્થળ: વિશાશ્રીમાળી જ્ઞાતિની વાડી, ૧૧- કરણપરા રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજકોટઃ** ચેતનાબેન (ઉ.વર્ષ ૫૨) તે દિનેશભાઈ રાજદેવના ધર્મપત્ની, ચાર્મી તથા હર્ષના માતુશ્રી, દર્શનભાઈ પંડયાના સાસુ તથા રાજુભાઈ અને રાકેશભાઈ રૂપારેલના બહેનનું તા.૧૧ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૧૩-૫-૨૦૨૪ને સોમવારે સાંજે ૪-૩૦થી ૬-૦૦ તેમના નિવાસસ્થાને રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે જ કલ્પતરૂ બિલ્ડીંગ બ્લોક નં.૪૦૪, જે.કે. પાર્ક આલાપ ગ્રીનસીટી, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. દિનેશભાઈ મો.નં. ૯૮૨૫૬ ૦૮૧૧૮, હર્ષભાઈ ૭૪૩૩૯ ૦૯૬૨૯.

# જામનગરની બ્રિલિયન્ટ સ્કુલના વિદ્યાર્થીઓ આ રીતે બને છે બ્રિલિયન્ટ





જામનગર તા.૧૩ઃ જામનગરની સુપ્રસિધ્ધ શ્રી બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સ નુ અવિરત શ્રેષ્ઠ પરીણામ આવે છે જે સૌ સ્વીકારે છે ત્યારે શ્રેષ્ઠ પરીણામો આવવા પાછળનુ કારણ જાણવા વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષણવિદો, અગ્રણીઓ વગેરેના અભિપ્રાય મેળવી એક રસપ્રદ સર્વે કરવામાં આવ્યો છે

સામાન્ય રીતે જુદા જુદા વિદ્યાર્થીઓ એમ કહે છે કે અમને અહી ભણવાની જુદી જુદી ગેઈમ, સ્પર્ધા, પ્રવૃતિઓમાં મજા આવે છે

આ મજા શબ્દ બહુજ મહત્વનો છે કેમકે બાળક ખૂબજ જીજ્ઞાસુ હોય છે,નવી જગ્યાએ જવા માટે, નવુ જાણવા માટે, સાદા શબ્દોમા જમવાની ભૂખ લાગે તેમ જોવા જણવા શીખવાની તાલાવેલી બાળકોમાં સહજ હોય છે તેમાંય તેમની પ્રશસ્િત ,પોતીકાપણુ પણ ખૂબ મોટો ભાગ ભજવે છે.બાળક જે જુએ તે તેઓના મગજમા છપાય જાય છેહા બાળકો જુદા જુદા પરીવારમાથી આવતા હોય તેઓના પ્રશ્નો કે જાણવાની ઈચ્છાઓ માં વિવિધતા હોય છે

આ તમામ સાયકોલોજિકલ-સ્પીરીચ્યુઅલ(માત્ર ધર્મના અર્થમાં નહી) સહિતના આસ્પેક્ટ અહી ફુલફિલ થાય છે કેવી રીતે?? આ શાળામાં પ્રવેશતા જ પોઝીટીવ તરંગોનો અનુભવ થાય છે આપણે એસેસમેન્ટ ન કરી શકીએ તો પણ આપણા શરીર અને મન ને આ તરંગો હકારાત્મકતા તરફ લઈ જાય છે(આ તરંગો ભર્યો માહોલ સર્જન કરવા ખૂબ સંયમ-આદર્શોના પાલન વગેરે ઘણુ કરવુ પડે છે જે અલગથી આર્ટીકલ બને)હવે આ હકારાત્મકતા ની હળવાશ લઈ વિદ્યાર્થીઓ પ્રાર્થના કરે બાદમાં વર્ગ ખંડમા જાય ત્યા પણ સમર્પિત શિક્ષકો(આ માટે સંચાલકો દ્વારા વખતોવખત કરેકશન કરાય છે, સમજણ અપાય છે તે પણ આગવી ઢબથી)દ્વારા જુદા જુદા વિષયમાં બાળકોને એવી રીતે પ્રવેશ કરાવાય છે કે જાણે આંગળી પકડીને જ્ઞાનમંદિરમાં માનસિક વિહાર કેમ કરાવતા હોય તેવી રીતે,તેમજ વિદ્યાર્થીઓને પ્રશ્ન પુછવાની સ્વતંત્રતા છે કેમકે બાળકને તમે પ્રશ્ન કરતા અટકાવો તો તેમનો વિકાસ રૂંધાય જાય ને??ઉપરાંત શિક્ષકો પણ અમુક પ્રકરણ ભણાવી પ્રશ્ન પુછે છે ન સમજાયુ હોય તો વધુ સરળતાથી સમજાવે છે આ વખતે બાળકો વચ્ચે હેલ્ધી કોમ્પીટેશન કરાવે છે આવુ અનેક આયામો થી થઈ રહ્યુ છે જે સંચાલકો ચેરમેન શ્રી અશોકભાઈ ભટ્ટ , ડાયરેક્ટ શ્રીમતિ ઉસ્મિતાબેન ભટ્ટ ની જહેમત છે તેઓએ જણાવ્યુ હતુ કે કોર્ષ પુરો કરી દેવો કે ચોપડી ભણાવી દેવી માત્ર તે અમારો હેતુ ક્યારેય નથી અમે બાળકોમા તેમની જીજ્ઞાસા મુજબ જ્ઞાન અને માહિતીઓનું સિંચન કરીએ છીએ અને એકંદર અનેક પરીપ્રેક્ષ્યથી શિક્ષણ-વિદ્યાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અમે અમલમા મુકી છે સાથે જ સ્વચ્છતા, શિસ્ત, અનુશાસન, સમય બધ્ધતા, નિયમિતતા, ઉત્સાહ વગેરે ગુણોનું સિંચન કરીએ છીએ જેથી સ્વયંભુ એક અનોખુ વાતાવરણ બને છે ખાસ કરીને અમે બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સને ખરા અર્થમા જ્ઞાનમંદિર બનાવ્યુ છે તેમાટે એક તો સૌ નો અભિગમ પોઝીટીવ,બાળકો પ્રત્યે આત્મિયતા,વિદ્યાની દેવી માં સરસ્વતીજીની નિત્ય સાધના વગેરેથી એક શ્રેષ્ઠ તરંગમયતા સાધી શક્યા છે જે અમારા બાળકોના સારા પરીણામોમા ખુબ મોટો હિસ્સો ધરાવે છે તેમજ આ જ આપણી શાસ્રીય પરંપરા છે જેનુ પાલન અમારા શિક્ષણ યજ્ઞ ને પ્રજ્વલીત રાખે છે તેમ પણ શ્રી અશોકભાઈ અને શ્રીમતિ ઉસ્મીતાબેન એ ઉમેર્યુ હતુ આ જ સિદ્ધાંતોની પુષ્ટી વાલીઓ અને નિષ્ણાંતોએ પણ સર્વે દરમ્યાન આપી હતી કે એક આદર્શ પદ્ધતિ સાથે અને શાસ્રોના યમ નિયમના સિદ્ધાંતોના પાલન સાથે જ્યારે રક શાળા કાર્યરત હોય તે વિદ્યામંદિર ગણાય છે જેમા બાળકોની શક્તિઓ પુર્ણ રૂપે ખીલી શકે જોકે આવુ વાતાવરણ બનાવવુ ખૂબ અઘરૂ છે અને જાળવી રાખવુ તે તો ખૂબ કઠીન છે ત્યારે શ્રી બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ ખરા અર્થમા જામનગરનુ ઝળહળતુ જ્ઞાનમંદિર બની રહ્યુ છે તેમજુદા જુદા અભિપ્રાયોનો સાર જાણવા મળ્યો છે.

# પાછલા તળાવના નવીનીકરણના નવા રાઉન્ડમાં માટીના ઉપયોગની વિચિત્ર પદ્ધિતિથી વિવાદ

**કરોડના ખર્ચે થનાર વિકાસ માટે ખોદકામ માટે રહેણાંક વિસ્તારનું બહાનું કાઢી માટી બહારથી મંગાવવાનું તંત્રનું વલણ ચર્ચામાં**

જામનગર તા.૧૩ઃ

જામનગરમાં રણમલ તળાવના ભાગ-૨ અને ઉના ડેવલપમેન્ટના ચાલી રહેલા કામમાં તંત્ર દ્વારા તળાવમાં પડેલી ટનબંધ માટીને ઉપાડીને ઉપયોગમાં લેવાને બદલે બહારથી રોજ ડમ્પરો ભરી-ભરીને ટનબંધ માટી મંગાવીને તળાવના અંદરના ભાગે વોકીંગ-જોગીંગ અને સાયકલીંગ ટ્રેક બનાવવાનું કામ શરુ કરવામાં તળાવની માટીના ઉપયોગ સાથે તળાવની પાણીની સંગ્રહ ક્ષમતા વધારવાનો મોકો હાથમાંથી જતો હોવાનું સામે આવે છે. તંત્રના સત્તાધારીઓ દ્વારા આ તળાવમાં નીચે પથ્થર આવી ગયો હોવાથી ખોદાણ ન થઈ શકે. તેવો લુલો બચાવ કરવામા આવ્યો છે.

મહાનગરપાલિકાએ રૂપિયા ૩૦ કરોડના ખર્ચના રણમલ તળાવના પાછલા તળાવ તરીકે ઓળખાતા દિગ્વિજય પ્લોટ ૧૫ થી જોલી બંગલા, અને સુમેર કલબ રોડ બે થી મીંગ કોલોની,ગવરમેન્ટ કોલોની પાછળથી જુના આરટીઓ થઈને તળાવના ચબૂતરા સુધી બે કિલોમીટરના પરિઘમાં વોકીંગ-જોગીંગ, સાયકલીંગ ટ્રેકનું સર્જન કાર્ય હાલ ચાલુ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં ૧૭૯૮ મીટર જોગીંગ ટ્રેક અને ૧૮૦૬ મીટરનો સાયકલીંગ ટ્રેક બનશે. તંત્ર દ્વારા શહેરને એક વધારાની સુવિધાની ભેટ આપવામાં આવી રહી છે. તે વાત સાચી પરંતુ આ કામ માટે હાલ ખાલી જેવા તળાવમાં જેસીબી જેવા સાધનો ઉતારીને તળાવમાંથી જેટલો ઉલેચી સકાય તેટલો માટીનો જથ્થો ઉલેચીને તળાવને પણ ઉંડુ ઉતારતા જવા સાથે નવા પ્રોજેક્ટનું સર્જન કરવામાં આવે. તો ૨૬.૬ હેક્ટર્સમાં ફેલાયેલા અને ૧૩૩ કરોડઢ લીટરની જળ સંગ્રહ ક્ષમતા ધરાવતા તળાવની સંગ્રહ શક્તિમાં વધારો થાય અને તેના કારણે શહેરના મીગકોલોની, રણજીતનગર, કૃષ્ણનગર, પટેલકોલોની તેમજ તળાવના નીચેના ગુરુદ્વારા, ગવર્મેન્ટ કોલોની, પટેલકોલોની સહિતના વિસ્તારોના ભુતળમાં વધુ સમય સુધી પાણી મળી રહે. આ તળાવને કારણે હજારો બોર જીવતા રહે છે. લોકોને પાણીની મુશ્કેલી પડતી નથી. તંત્રએ વેસ્ટમાંથી બેસ્ટ જેવો ઉપાય પણ વિચારવો જોઈએ. સત્તાધિશોનું આ અંગે કહેવું છે કે, હવે તળાવમાં હાર્ડ રોક કહેવું આવી ગયો છે. તેથી બ્લાસ્ટિંગ શક્ય નથી. સત્તાધિશો ભલે હાર્ડ રોક તોડવા બ્લાસ્ટીંગ ન કરાવે પણ તળાવમાં જ્યાં કાંઠા પાસે જેસીબીથી ઉપડી શકે તેમ છે. તેવી કેટલાય સો ટન માટી તો ઉપાડીને ઉપગયોયમાં લેવાવી જોઈએ. તેવી લોકોની લાગણી છે.

# ગણપતિ મંદિરે પંચકુંડી મહાયજ્ઞ અને ધ્વજારોહણ




ધર્મ નગરી દ્વારકામાં તમામ તહેવારોની ઉજવણી થતી હોય છે ત્યારે ગઈકાલે શ્રી વિનાયક ચોથની ઉજવણી દ્વારકાનો સેવા ક્ષેત્રે જાણીતું રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો લાભ દ્વારકાની ધર્મ પ્રેમી જનતાએ લીધો હતો પંચ કુંડી મહાયજ્ઞ સાથે ગણપતિ મંદિરે ધ્વજારોણ ખુલ્લા પડદે સ્નાન અભિષેક સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ વર્ષ થયા શ્રી વિનાયક ચોથના રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે પંચકુડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષ આવા અનેક ધાર્મિક અને સોશ્યલ કાર્યક્રમો દ્વારકા નાં આ રિદ્ધિ સિદ્ધિ યુવા ગ્રુપ મા માધ્યમ થી કરવામાં આવે છે..

# સ્વામિનારાયણ મંદિર નિશુલ્ક નેત્રયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ

જામનગર તા.૧૩ઃ જામનગર ખાતે.વી. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૬ના ગુરુવારે બેડી ગેઈટ સ્વામીનારાયણ મંદિર ખાતે સવારે ૯ થી બપોરે ૧૨ દરમિયાન વિનામુલ્યે મોતીયાના ઓપરેશનની સેવા સાથેનો નેત્રયજ્ઞ અને સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ જીવદયા પરિવાર સેવા સંસ્થાના સહયોગથી યોજવામાં આવ્યો છે. જેનો લાભ લેવા સંસ્થાના પ્રમુખ નટુભાઈ ત્રિવેદની યાદીમા જણાવે છે.

# જામનગરમાં બાળકો માટે સમર કેમ્પ

જામનગર તા.૧૩ઃ જામનગરમા એચ.એલ.ગ્રુપ દ્વારા આયોજિત અને સ્વામી વિવેકાનંદ ક્રેડિટ સોસાયટી પ્રાયોજીત સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સમર કેમ્પનું આયોજન તા.. ૧૩/૦૫/૨૦૨૪ થી તા. ૧૯/૦૫/૨૦૨૪ સુધી ૪ વર્ષથી ૧૪ વર્ષના બાળકો માટે ડાન્સ, મેથ્સ વીથ મેજીક, આર્ટ એન્ડ ક્રાફટ, વેસ્ટમાંથી બેસ્ટ, લેડી સમાર્ટ સમર સ્પેશ્યલ મેકઅપ, હેર સ્ટાઈલ, ફેબરીક જ્વેલરી, હેન્ડમેડ જ્વેલરી, નેઈલ આર્ટ, મહેંદી, દાંડીયાના કલાસનું અને છેલ્લા દિવસે તો ફેશન શોનું આયોજન નેશનલ હાઈસ્કૂલ ખાતે રાખેલ છે.

# ફલ્લા નજીક વહેલી સવારે બોલેરો પલ્ટી જતા એકનું મોતઃ અન્ય ૧૦ને ઈજા






તસવીર : હિતેષ મકવાણા

**સિક્કા વિસ્તારનો પરિવાર લગ્નની ચાંદલા વિધિ માટે બોટાદ જતા હતા ત્યારે નડયો અકસ્માત**

જામનગર તા.૧૩

જામનગરના સિક્કા-સરમત વિસ્તારમાં રહેતો એક પરિવાર બોલેરોમાં લગ્નનો ચાંદલો લઈને બોટાદ જઈ રહ્યો હતો દરમિયાન વહેલી સવારે જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર આવેલ ફલ્લા ગામની ગોલાઈ પાસે આ પરિવારને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં બોલેરો પલ્ટી મારી જતાં તેમાં બેઠેલ ૧૧ વ્યક્તિઓને નાની-મોટી ઈજા પહોંચી હતી જે પૈકી એક વ્યક્તિનું મોત નિપજ્યાનું સામે આવ્યું છે.

બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અકસ્માતની જાણવા મળતી વધુ વિગત અનુસાર જામનગર તાલુકાના સિક્કા-સરમત ગામના એક પરિવારના ૧૧ થી ૧૫ જેટલા સભ્યો આજે વહેલી સવારે એક બોલેરોમાં બેસીને બોટાદ તરફ લગ્નનો ચાંદલો લઈને જઈ રહ્યાં હતાં. દરમિયાન જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ફલ્લાની ગોલાઈ પાસે વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં બોલેરો પલ્ટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત સર્જાતાં બોલેરોમાં બેઠેલા જાનૈયાઓએ ચીસચીસ કરી મુકી હતી. બોલેરોની અંદર બેઠેલા જાનૈયાઓ પૈકી માલાભાઈ પરમાર (ઉ.વ.૫૦) નામના એક આધેડનું ગંભીર ઈજા પહોંચવાને લઈધે મૃત્યું નિપજ્યું હતું. ઉપરાંત બોલેરોમાં બેઠેલા નાનજીભાઈ, નારાયણભાઈ તેમજ દિનેશભાઈ પરમાર, મનોજભાઈ પરમાર, નારણભાઈ પરમાર વગેરે નાની મોટી ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત જામનગરની જી.જી.હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ અકસ્માતની પંચકોષી એ ડિવિઝન પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને બાદમાં જી.જી.હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

જામનગરઃ જામરાવલવારા સ્વ.ગોકલદાસ ખીમજી રાયચુરાના સુપુત્ર કેશુભાઈ (હાલ જામનગર)વારાના પત્નિ પ્રવિણાબેન (ઉ.વ.૬૯) તે કાજલબેનના માતૃશ્રી, તરૂણકુમાર રૂપારેલીયાના સાસુ, ભાવનગરવારા ચંદુલાલ વિઠ્ઠલદાસ કાનાબારના પુત્રીનું તા.૧૧-૫-૨૪ને શનિવારના રોજ ચરણ પામેલ છે સદ્ગતનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા.૧૩-૫-૨૪ના બપોરે ૪ થી ૪ઃ૩૦ ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ, જામનગર ખાતે રાખેલ છે.

રાજકોટઃ વોરા જેસંગલાલ ગોકળદાસ (મુળ ગામ લતીપુર)ના દીકરા જયસુખભાઈ (ઉ.વ.૮૬) તે હિતેષભાઈ (લતીપુર), પરેશભાઈ, વિમલભાઈ તથા વર્ષાબેન ભુપતભાઈ વોરા (અમદાવાદ)ના પિતા તેમજ સ્વ.રમણિકભાઈ (લતીપુર) તથા લલીતભાઈ (રાજકોટ), સ્વ.ગુણવંતીબેન બાલાચંદ (રાજકોટ) અને ગં.પુષ્પાબેન મહેન્દ્રભાઈ (કલકત્તા)ના ભાઈ તેમજ સંઘવી વનેચંદભાઈ જુંજાભાઈ (વાંકાનેર)ના જમાઈ અવસાન પામ્યા છે. ઉઠમણું તા.૧૪-૦૫-૨૦૨૪ના સવારે ૯-૩૦ સવારે પ્રહલાદ પ્લોટ દેરાસર (રાજકોટ) ખાતે અને પ્રાર્થનાસભા સવારે ૧૧ વાગ્યે વિશા શ્રીમાળી જ્ઞાતિની વાડી (૧૧-કરણપરા, રાજકોટ) ખાતે રાખવામાં આવી છે.

# રણુજાના યુવાનનું હાર્ટએટેકથી મોત નિપજ્યું

જામનગર તા.૧૩ઃ દેશભરમાં કોરોનાની બિમારી પછી યુવાનોમાં હાર્ટએટેકમાં પ્રમાણ વધી રહ્યું છે. તેવામાં જામનગર જિલ્લામાં વધુ એક વખત હાર્ટએટેક એક યુવાનને ભરખી ગયો છે. કાલાવડના રણુજા પાસે એક કંપનીમાં કામ કરતાં યુવાનનું હૃદય બંધ પડી જતાં મૃત્યું નિપજ્યું હતું.

આ બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસ મથકેથી જાણવા મળતી વધુ વિગત અનુસાર કાલાવડ નજીકના રણુજા પાસે આવેલી અક્ષર સ્પિનટેક પ્રાઈવેટ લીમીટેડ નામની કંપનીમાં રહીને મૂળ ઉત્તરપ્રદેશના પીલીભીત જિલ્લાના બિલાશપુર તાલુકામાં આવેલ મુસેપુર કલાન ગામના રહેવાસી અને હાલ ઉપરોક્ત કંપનીમાં રહી મજુરી કામ કરતાં જાગનલાલ તેજારામ વર્મા (ઉ.વ.૨૮) નામના પરપ્રાંતિય શ્રમિક યુવાનને ગઈકાલે એકાએક હૃદય રોગનો હુમલો આવી ગયો હતો. યુવાનને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો દરમિયાન સારવાર કારગત ન નિવડતા આ યુવાનનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે નિરજભાઈ રામનયન દુબે નામના વ્યક્તિએ કાલાવડ ટાઉન પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ત્યારબાદ હોસ્પિટલ પહોંચી મૃત્તકનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં ઝેર પી આધેડનો આપઘાત


જામનગર તા.૧૩ઃ જામનગરમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પાછળના ભાગમાં રહેતાં એક આધેડે ગઈકાલે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની પાછળ શિવમ પાર્ટી પ્લોટ પાસે રહેતાં અને નિવૃત્ત જીવન જીવતા દઉંભાઈ જગાભાઈ આંબલિયા નામના ૫૦ વર્ષિય આધેડે ગઈકાલે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી હતી. દરમિયાન બેશુધ્ધ અવસ્થામાં આધેડને સરવાર માટે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના ડોકટરે તેઓનું મૃત્યું નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃત્તકના પુત્ર અશ્વિનભાઈ આંબલિયાએ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે અને ત્યારબાદ હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસને મૃત્તદેહનો કબ્જો સંભાળી આગળની તપાસ હાથ ધરી હતી.

# એક્યુપ્રેશર સુજોક તથા મેગ્નેટ પધ્ધતિનો કેમ્પ

જામનગર તા.૧૩ઃ શ્રી સોહમનગર આહિર સેવા સમાજમાં એક્યુપ્રેશર, સુજોક અને મેગ્નેટ પધ્ધતિનો પાંચ દિવસીય ફ્રી સારવાર કેમ્પ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં ચીકનગુનિયા, જુના સાંધાનો દુખાવો, કમર દર્દ, પેટના રોગ, માઈગ્રેન, પેરેલાઈસ, બીપી, સુગર, જાડાપણું, આંખ, કાન, ગળુ અને દરેક બિમારીઓનો ઈલાજ વગર દવા (હાથ પગની નાડીઓ દબાવીને) કરવામાં આવશે. કેમ્પનું સ્થળ શ્રી સોહમનગર આહિર સેવા સમાજ, સોહમનગર, સમર્પણ હોસ્પિટલ ચેક, જકાતનાકા પાસે,આયોજન છે. કેમ્પની તા : ૧૨-૫-૨૦૨૪,રવિવાર થી તા. ૧૬-૫-૨૦૨૪,ગુરૂવાર સુધી રહેશે.

# પૂર્વમંત્રી સ્વ.બાબુભાઈ લાલની પુણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પ



જામનગર તા.૧૩ઃ

જામનગર શહેરમાં અનેકવિધ સેવાકિય પ્રવૃતિઓ કરતી સંસ્થા શ્રી હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ તથા કેદાર લાલ કિદાર જીતેન્દ્ર લાલ) ફાઉન્ડેશન દ્વારા ગુજરાત રાજ્યના પૂર્વ રાજયમંત્રી શ્રી હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ની પૂણ્યતિથિને અનુલક્ષીને આગામી તા.૧૫-૦૫-૨૦૨૪ ને બુધવારે સાંજે ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન લોહાણા મહાજનવાડી (બદિયાણી વિંગ, પંચેશ્વર ટાવર) ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જામનગર શહેરમાં રકતદાનની પ્રવૃતિને વધુને વધુ વેગવંતી બનાવવાના ધ્યેય સાથે ઉપરાંત જરૂરીયાતમંદ દર્દીઓને સમયસર રકત મળી રહેવા તેવા શુભ આશ્રય સાથે અમારા ટ્રસ્ટો દ્વારા થોડા થોડા સમયાંતરે રકતદાન કેમ્પનું આયોજન કરાઈ રહયું છે. જેના ભાગરૂપે આગામી તા.૧૫-૦૫-૨૦૨૪ ને બુધવારે સાંજે રકતદાન કેમ્પ આયોજીત કરવામાં આવ્યો છે. આ સેવાયજ્ઞમાં સર્વે હાલારવાસીઓને જોડાઈને રકતદાન જેવું મહાદાન કરીને પવિત્ર ફરજ અદા કરવા માટે ટ્રસ્ટી જીતેન્દ્ર એચ.લાલ (જીતુ લાલ) દ્વારા અનુરોધ કરાયો છે.

### તમામ ૨૬ બેઠકો જીતવાની હેટ્રીકનો ટાર્ગેટ પાર થવો મુશ્કેલ

# ગુજરાતની ૪ બેઠકો જીતવી ભાજપ માટે અઘરી : IBના રીપોર્ટથી નેતાગીરી ચોંકી

## જામનગર, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ બેઠક ભાજપ જીતે તો પણ માર્જીન સામાન્ય રહેવાનો આઈબીનો રીપોર્ટ : ભાજપ નેતાગીરીએ ચારેય બેઠકનું નવેસરથી વિશ્લેષણ શરૂ કર્યુ

ગાંધીનગર, તા. ૧૩ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે અને હવે પરિણામ માટે ત્રણેક અઠવાડિયાની પ્રતિક્ષા છે ત્યારે ગુપ્તચર વિભાગના રીપોર્ટથી ભાજપ નેતાગીરીની ઉંઘ હરામ થઇ ગઇ છે. આઇબીના રીપોર્ટને ગંભીરતાથી લઇને નેતાગીરી દ્વારા તેની સમીક્ષા શરૂ કરવામાં આવી છે.





ભાજપના જ માહિતગાર સુત્રોની વાત માનવામાં આવે તો આઇબી દ્વારા એવો રીપોર્ટ આપવામાં આવ્યો છે કે ગુજરાતની બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને જામનગરની બેઠકો ભાજપ માટે લોઢાના ચણા ચાવવા જેવી બની શકે તેમ છે. આ બેઠકોમાં ભાજપનો વિજય થાય તો પણ જીતનું માર્જીન ખાસ મોટુ રહી શકે તેમ નથી. આ રીપોર્ટના પગલે ભાજપ નેતાગીરી દ્વારા ચારેય બેઠકોના મતદાનના આંકડાઓની ચકાસણી શરૂ કરવામાં આવી છે. ચારે બેઠક પર કેટલું મતદાન થયું હતું અને તેમાંથી ભાજપને કેટલા મત મળી શકયા હોય તેની ગણતરી શરૂ કરવામાં આવી છે. ક્ષત્રિય આંદોલનને કારણે ભાજપ ઉમેદવારો સરસાઇને વત્તા ઓછા પ્રમાણમાં અસર થવાની ગણતરી રાખવામાં આવતી જ હતી. ક્ષત્રિય આંદોલનની મુખ્ય અસર જામનગર, ભાવનગર જેવી અમુક બેઠકો પુરતી મર્યાદિત રહેવાની મનાતુ હતું. પરંતુ આઇબી રીપોર્ટમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના કારણે આ બેઠકોમાં શું અસર થઇ છે. તેનું વિશ્લેષણ શરૂ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકોની ચૂંટણી ગત ૭મી મેના રોજ પૂર્ણ થઇ ગઇ હતી. સુરત બેઠક અગાઉ જ બીનહરીફ થઇ હતી એટલે ૨૫ બેઠકો પર ચૂંટણી મતદાન યોજાયું હતું. મતદાન વધારવાના ભરચક પ્રયત્નો કરવામાં આવ્યા હોવા છતાં ૨૦૧૯ની સરખામણીએ ટકાવારી ઘટી હતી. આ સ્થિતિમાં ભાજપને કેવી અસર થાય છે તેનું વિશ્લેષણ અગાઉ જ શરૂ કરી દેવાયું હતું. હવે આઇબીના રીપોર્ટ પ્રમાણે ચાર બેઠકોની સમીક્ષા શરૂ કરવામાં આવી છે. ઓછા મતદાન માટે આકરા તાપ, હિટવેવની સ્થિતિને કારણરૂપ ગણવામાં આવી હતી. તે સિવાય પણ ઓછા મતદાન માટે અન્ય કોઇ કારણ હતું કે કેમ તે પણ ચકાસવામાં આવ્યું જ છે. અત્રે નોંધનીય છે રાજકીય સટ્ટાબજારમાં બુકીઓ અમરેલી અને બનાસકાંઠાની સીટ ભાજપ માટે જીતવી મુશ્કેલ હોવાનું ગણાવી રહ્યા છે. આઇબીના રીપોર્ટમાં જે ચાર બેઠકોનો ઉલ્લેખ છે તેમાં બનાસકાંઠા બેઠક આવી જાય છે. આ સંજોગોમાં આઇબી અને સટ્ટાબજારનું ગણિત બનાસકાંઠાની બેઠક માટે સમાન રહ્યું છે તે સુચક છે.

ગુજરાતમાં ૨૦૧૪ અને ૨૦૧૯ એમ બંને લોકસભા ચુંટણીમાં ભાજપે તમામ ૨૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. આ વખતે પણ તમામ બેઠકો જીતીને વિજયની હેટ્રીક સર્જવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. સાથોસાથ પાંચ લાખ કરતા વધુની લીડ મેળવવાનો પણ ભાજપનો ટાર્ગેટ હતો જોકે ચૂંટણી પૂર્વે જ આંદોલન સહિતના મુદ્દાઓને કારણે વાતાવરણ ડહોળાઇ જતા ટાર્ગેટ મુજબની લીડ મળવા વિશે આશંકા ઉભી થવા લાગી હતી અને ચૂંટણી બાદ અમુક બેઠકો પણ ગુમાવી પડે તેવી અટકળો પણ સર્જાઇ હતી.

### ચૂંટણી પૂર્ણ : પેન્ડીંગ ફાઈલો કલીયર કરવા સરકારની કવાયત તેજ



ગુજરાતમાં લોકસભા ચૂંટણી આચારસંહિતાના કારણે ઠપ્પ થઇ ગયેલી વહીવટી કામગીરી ફરી પાટે ચડાવવા માટે સરકારે કમર કસી છે. કલેકટર જેવા તમામ સીનીયર અધિકારીઓ ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત રહ્યા હતા તેના કારણે મહેસુલીથી માંડીને વિવિધ ફાઇલોના થપ્પા લાગવા માંડયા હતા. હવે ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે, પરિણામને આડે ત્રણેક અઠવાડિયાનો સમય છે ત્યારે સરકાર દ્વારા જુદા જુદા વિભાગોની ફાઇલો કલીયર કરવાની સૂચના આપવામાં આવી છે અને એ દિશામાં કવાયત તેજ કરવામાં આવી છે.

### ચૂંટણી ફરજ બાદ સારુ પોસ્ટીંગ મળવાની અધિકારીઓને આશા



ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે અને પરિણામો ૪થી જુને જાહેર થવાના છે. ત્યારબાદ વહીવટી તંત્રમાં મોટા ફેરફારો થવાની શકયતા છે. સચિવાલયમાં એવી ચર્ચા જોર પકડવા લાગી છે કે જુદા જુદા જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને અન્ય સીનીયર અધિકારીઓ બદલીના ઘાણવા વખતે સારી જગ્યાએ પોસ્ટીંગ મળવાની અપેક્ષા રાખી રહ્યા છે. ચૂંટણી દરમ્યાન સત્તાધારી પક્ષના નેતાઓ પ્રત્યે કુણુ વલણ દાખવનારા અધિકારીઓને સારા પોસ્ટીંગની અપેક્ષા રહી છે. ચૂંટણી પરિણામના તુર્ત બાદ મોટા પાયે બદલી-બઢતીનો ઘાણવો કાઢવામાં આવે તેવી સંભાવના છે.

# અખિલેશ યાદવ, અસદુદ્દીન ઔવેસી, અધીર રંજન ચૌધરી, મહુવા મોઈત્રા સહિતના નેતાઓનું રાજકીય ભવિષ્ય આજે નક્કી થશે








### લોકસભાની ચૂંટણીના તબક્કા ૪ માટેના ઉમેદવારોમાં ઘણા હેવીવેઈટ છે જેમની દેશભરમાં ચર્ચા થઈ રહી છે

ન્યુ દિલ્હી,તા.૧૩ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં આજે ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ બેઠકો માટે કુલ ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. આ ઉમેદવારોમાં કેટલાક હેવીવેઇટ છે જેમના ચૂંટણી પ્રદર્શન પર દેશભરમાં નજીકથી નજર રાખવામાં આવશે.

**અખિલેશ યાદવ (કનૌજ):** સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન આ વખતે સંસદીય ચૂંટણીના મેદાનમાં પાછા ફર્યા છે, કન્નૌજથી ચૂંટણી લડશે જે બેઠક પર તેમણે ૨૦૦૦-૨૦૧૨ સુધી ૧૨ વર્ષ સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું. બે દાયકાથી વધુ સમય સુધી સમાજવાદી પાર્ટીના કબજામાં, કન્નૌજ ૨૦૧૯ની ચૂંટણીમાં બીજેપીના હાથમાં આવી ગયું, જ્યારે સુબ્રત પાઠકે વર્તમાન સાંસદ અને શ્રી યાદવની પત્ની ડિમ્પલ યાદવને ૧૩,૦૦૦ કરતા ઓછા મતોના પાતળા માર્જિનથી હરાવ્યા. ભાજપે આ વખતે શ્રી પાઠકને તેમના ઉમેદવાર તરીકે જાળવી રાખ્યા છે.

કન્નૌજની લડાઈ એ સમાજવાદી પાર્ટી માટે પ્રતિષ્ઠાની લડાઈ છે કારણ કે શ્રી યાદવ તેમના સ્વર્ગસ્થ પિતા મુલાયમ સિંહ યાદવ દ્વારા સ્થપાયેલા પરિવારના ગઢને પાછું જીતવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. બીએસપીએ કન્નૌજથી પોતાના ઉમેદવાર તરીકે ઈમરાન બિન ઝફરનું નામ આપ્યું છે, પરંતુ સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો થવાની સંભાવના છે.

**મહુઆ મોઈત્રા (કૃષ્ણનગર) :** તૃણમૂલ કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા, જેમને કેશ-ફોર-કવેરી કેસમાં ગયા ડિસેમ્બરમાં સાંસદ તરીકે હાંકી કાઢવામાં આવ્યા હતા, તે પશ્ચિમ બંગાળના કૃષ્ણનગરમાંથી ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. આ જ બેઠક પરથી ૨૦૧૯ની ચૂંટણીમાં જીત્યા હતા. આ બેઠક ૨૦૦૯ થી તૃણમૂલ કોંગ્રેસ પાસે છે. ભાજપે કૃષ્ણનગરના પૂર્વ રાજવી પરિવારના સભ્ય અમૃતા રોયને મેદાનમાં ઉતાર્યા છે. શ્રીમતી રોય આ વર્ષે માર્ચમાં ભાજપમાં જોડાયા હતા. માર્ચના અંતમાં જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની સાથે ટેલિફોન પર વાત કરી ત્યારે તેણીએ રાષ્ટ્રીય હેડલાઇન્સ બનાવી.

**અધીર રંજન ચૌધરી (બહેરામપુરા) :** ત્રીજા તબક્કામાં પશ્ચિમ બંગાળની આઠ બેઠકોમાંથી બહેરામપુર છે, જે લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીના કિલ્લા છે. આ બેઠક પરથી પાંચ વખત સાંસદ રહી ચૂકેલા શ્રી ચૌધરી ઉત્તર બંગાળ મતવિસ્તારમાં નોંધપાત્ર દબદબો ધરાવે છે. આ વખતે તેઓ ભાજપના નિર્મલ કુમાર સાહા અને તૃણમૂલ કોંગ્રેસ માંથી પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ સામે લડી રહ્યા છે. લોકસભા સીટનો ભાગ છે તેમાં આવતી સાત વિધાનસભા વિભાગોમાંથી છ તૃણમૂલ કોંગ્રેસ પાસે છે.

**અસદુદ્દીન ઓવૈસી (હૈદરાબાદ) :** હૈદરાબાદથી ચાર વખતના સાંસદ, AIMIMના અસદુદ્દીન ઓવૈસી તેમના પરિવારના ગઢ હૈદરાબાદમાંથી ચૂંટણી લડી રહ્યા છે, જેનું પ્રતિનિધિત્વ તેમના પિતા સલાહુદ્દીન ઓવૈસી બે દાયકા સુધી, ૧૯૮૪-૨૦૦૪ દરમિયાન કરતા હતા. જ્યારે કોંગ્રેસ અને ભારત રાષ્ટ્ર સમિતિએ આ બેઠક પરથી મોહમ્મદ વલીઉલ્લાહ સમીર અને ગદ્દામ શ્રીનિવાસ યાદવને મેદાનમાં ઉતાર્યા છે, ઓવૈસીના સૌથી વધુ ચર્ચિત વિરોધી ભાજપના કોમ્પેલા માધવી લથા છે. એક અગ્રણી હિંદુત્વ ચહેરો, માધવી લથા એક સામાજિક કાર્યકર્તા છે જેણે ટ્રિપલ તલાકની હવે ગેરકાયદેસર પ્રથા સામે સક્રિયપણે ઝુંબેશ ચલાવી હતી.

ચૂંટણીની દોડમાં, શ્રીમતી માધવી લથા એક વાયરલ વિડિયોને કારણે વિવાદના કેન્દ્રમાં હતી જેમાં તે મસ્જિદની દિશામાં તીર ચલાવતા હોય તેવું જોવા મળે છે. અસદુદ્દીન ઓવૈસી સહિતની ભારે ટીકા વચ્ચે, ભાજપના ઉમેદવારે ''જો કોઈની લાગણીઓને ઠેસ પહોંચી હોય તો'' માફીની ઓફર કરી હતી, પરંતુ દાવો કર્યો હતો કે વીડિયો ''અધૂરો'' છે.

**ગિરિરાજ સિંહ (બેગુસરાઇ):** પોતાના વિવાદાસ્પદ નિવેદનોથી હેડલાઈન્સ બનાવવા માટે જાણીતા ફાયરબ્રાન્ડ નેતા અને કેન્દ્રીય મંત્રી બિહારના બેગુસરાઈથી ચૂંટણી લડી રહ્યા છે, જે તેમણે ૨૦૧૯ની ચૂંટણીમાં જીતી હતી. અગાઉ, તેઓ લોકસભામાં નવાદાનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે અને બિહાર સરકારમાં મંત્રી અને રાજ્ય વિધાન પરિષદના સભ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. બેગુસરાય ૨૦૧૪ થી ભાજપ સાથે છે. ૨૦૧૯ની ચૂંટણીમાં, શ્રી સિંહે JNU વિદ્યાર્થી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ કન્હૈયા કુમારને -- પછી CPI અને હવે કોંગ્રેસ સાથે -- ને ૪ લાખથી વધુ મતોના માર્જિનથી હરાવ્યા હતા. આ વખતે તેમનો મુકાબલો ઈન્ડિયા બ્લોકના ઉમેદવાર, સીપીઆઈના અવધેશ કુમાર રાય સામે છે. કોંગ્રેસ અને આરજેડીએ ગિરિરાજ સિંહ સામેની તેમની લાંબી લડાઈમાં સીપીઆઈને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. હાલમાં, કેન્દ્રમાં ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી, શ્રી સિંહ ૨૦૧૪ માં કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળી ત્યારથી કેન્દ્રીય મંત્રી તરીકે સેવા આપી છે.

**વાયએસ શર્મિલા (કડપા):** આંધ્ર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ, જેઓ મુખ્યમંત્રી અને YSRCPના વડા વાયએસ જગન મોહન રેડ્ડીની બહેન પણ છે, આંધ્ર પ્રદેશના કડપાથી ચૂંટણી લડી રહ્યા છે, જેનું પ્રતિનિધિત્વ ભૂતકાળમાં તેના પિતા અને પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વાયએસ રાજશેખર રેડ્ડી અને તેના કાકા દ્વારા કરવામાં આવ્યું હતું.સ્વર્ગસ્થ વાયએસ વિવેકાનંદ રેડ્ડી. આ સીટનું પ્રતિનિધિત્વ જગન મોહન રેડ્ડી પણ કરે છે અને છેલ્લી બે સામાન્ય ચૂંટણીઓમાં તેમની પાર્ટીએ જીત મેળવી હતી. YS શર્મિલા તેના પિતરાઈ ભાઈ અને YSCRP નેતા YS અવિનાશ રેડ્ડી સામે છે, જેમણે ૨૦૧૪ અને ૨૦૧૯ માં કડપા સીટ જીતી હતી. એન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની તેલુગુ દેશમ પાર્ટીએ કડપામાં ચડીપીરલ્લા ભૂપેશ સુબ્બારામી રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે.

# ચોથા તબક્કામાં મોદી સરકારના પાંચ મંત્રીઓ પણ મેદાનમાં..

ન્યુ દિલ્હી : લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે મતદાન શરૂ થઈ ગયું છે. આ તબક્કામાં ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ બેઠકો પર મતદાન થવાનું છે. આ બેઠકો માટે કુલ ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જે બેઠકો માટે મતદાન થવાનું છે તેમાં કેન્દ્રીય મંત્રીઓની બેઠકોનો પણ સમાવેશ થાય છે.

### ગિરિરાજ સિંહ:



ગિરિરાજ સિંહ બિહારની બેગુસરાય બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આ વખતે સીપીઆઈના અવધેશ કુમાર રાયનો મુકાબલો ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ્ય મંત્રી ગિરિરાજ છે. ૨૦૧૯ માં, ભાજપના ગિરિરાજ સિંહે બેગુસરાય બેઠક પર સીપીઆઈના કન્હૈયા કુમારને હરાવ્યા હતા. તે ચૂંટણીમાં ૬૪.૧% મતદાન થયું હતું.

### અજય મિશ્રા ટેની:




ઉત્તર પ્રદેશની ખેરી બેઠક પણ ચર્ચામાં છે. અહીં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રા ટેની ફરી ભાજપની ટિકિટ પર મેદાનમાં છે. ટિકુનિયાની ઘટનામાં ખેડૂતોના મોતના કેસમાં તેમના પુત્ર આશિષ મિશ્રાનું નામ સામે આવ્યું હતું. આ ચૂંટણીમાં સપાએ પૂર્વ ધારાસભ્ય ઉત્કર્ષ વર્માને અને બસપાએ પંજાબી સમુદાયના અક્ષય કાલરાને મેદાનમાં ઉતાર્યા છે. ગત ચૂંટણીમાં ખેરી બેઠક પરથી ભાજપના અજય મિશ્રાએ જીત મેળવી હતી. તે ચૂંટણીમાં ૬૬.૨% મતદાન થયું હતું.

### નિત્યાનંદ રાયઃ



નિત્યાનંદ રાય મસાલાના ઉત્પાદન માટે પ્રખ્યાત બિહારના ઉજિયારપુરથી ચૂંટણી લડી રહ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ નિત્યાનંદ મોદી સરકારમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી છે. તેમની સામે આરજેડી નેતા અને પૂર્વ મંત્રી આલોક કુમાર મહેતા છે. ૨૦૧૯માં નિત્યાનંદ રાયે ભાજપની ટિકિટ પર ઉજિયારપુર સીટ જીતી હતી. તે ચૂંટણીમાં અહીં ૬૧.૯% મતદાન થયું હતું.

### કિશન રેડ્ડીઃ



તેલંગાણાની પ્રખ્યાત સીટ સિકંદરાબાદથી જી. કિશન રેડ્ડી ચૂંટણી લડી રહ્યા છે. રેડ્ડી કેન્દ્ર સરકારમાં સંસ્કૃતિ, પર્યટન અને વિકાસ મંત્રી તેમજ તેલંગાણા ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે. આ ચૂંટણીમાં કિશન રેડ્ડીનો સામનો કોંગ્રેસ તરફથી દાનમ નાગેન્દ્ર અને બીઆરએસ તરફથી ટી. પદ્મ રાવ સામે છે. ૨૦૧૯માં સિકંદરાબાદ બેઠક પરથી ભાજપના જી. કિશન રેડ્ડી જીત્યા હતા. તે ચૂંટણીમાં ૪૮.૯% મતદાન થયું હતું.

### રાવસાહેબ દાદારાવ દાનવેઃ



ચોથા તબક્કામાં ચૂંટણી લડી રહેલા મંત્રીઓમાં રાવસાહેબ દાદારાવ દાનવે પણ સામેલ છે. દાનવે, કેન્દ્રીય રેલ્વે, કોલસા અને ખાણ રાજ્ય મંત્રી, મહારાષ્ટ્રની જાલના બેઠક પરથી ભાજપના ઉમેદવાર છે. તેમની સામે કલ્યાણ કાલે કોંગ્રેસનો ચહેરો છે. ૨૦૧૯માં ભાજપના રાવસાહેબ દાદારાવ દાનવે જાલના બેઠક પરથી જીત્યા હતા. તે ચૂંટણીમાં ૬૯.૩% મતદાન થયું હતું.

## શ્રીનગરમાં મતદાનઃ ચુંટણી સ્ટાફમાં પણ ઉત્સાહ

આતંકવાદગ્રસ્ત કાશ્મીરમાં ચુંટણીને પડકારજનક ગણવામાં આવતી હોય છે પરંતુ આ વખતે સ્થિતિ જુદી છે. ત્રાસવાદી કે અલગતાવાદી સંગઠનોએ કોઈ બહિષ્કારનું એલાન કર્યુ નથી કે ધમકી આપી નથી ત્યારે મતદારોની સાથે ચૂંટણીસ્ટાફમાં પણ ઉત્સાહ રહ્યો હતો. ઈવીએમ સહિતની સામગ્રી સાથે હિમતભેર પોતપોતાના ફરજ પરના મતદાન મથકોએ મૌજૂદ થયા હતા.



# ભાજપને ૪૦૦ પાર કરવા માટે પૂર્વીય રાજ્યોમાંથી પ્રચંડ જનસમર્થન મળશે? વડાપ્રધાનને જબરી આશા

## તેલંગાણા, આંધ્ર, ઓડિશા, બંગાળમાં એવા પરિણામો આવશે જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોયઃ PM મોદી




પટના : લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાનના ત્રણ તબક્કા પૂર્ણ થઈ ગયા છે. આજે એટલે કે સોમવારે ચોથા તબક્કા માટે મતદાન થશે. ૨૮૪ બેઠકો પર ઉમેદવારોનું ભાવિ સીલ થઈ ગયું છે. પીએમ મોદીએ રવિવારે પટનામાં રોડ શો કર્યો હતો. આ રોડ શોમાં બિહારના સીએમ નીતિશ કુમાર પણ તેમની સાથે હતા. એક ન્યુઝ ચેનલ સાથે વાત કરતા વડાપ્રધાને દાવો કર્યો કે આ વખતે એનડીએનું તોફાન ફૂંકાઈ રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે પૂર્વ ભારતના રાજ્યોમાં અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં આ વખતે ભાજપને મોટી સફળતા મળશે.

**પીએમ મોદીને પૂર્વના રાજ્યોમાંથી કેમ આશા છે?**

છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યો માટે ઘણી યોજનાઓ પર કામ કર્યું છે. પૂર્વીય રાજ્યો પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડ માટે પણ ભાજપ દ્વારા મોટી તૈયારીઓ કરવામાં આવી છે. નીતીશ કુમાર બિહારમાં એનડીએમાં પાછા ફર્યા, જ્યારે ઝારખંડ ભાજપનો જૂનો ગઢ રહ્યો છે. જો કે, ઝારખંડમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ભાજપે તેના જૂના દિગ્ગજ નેતા બાબુલાલ મરાંડીને પરત મેળવીને પાર્ટીને મજબૂત બનાવી છે.

**પૂર્વીય રાજ્યોનું સમીકરણ શું છે?**

જો બિહાર, ઝારખંડ, બંગાળ અને ઓડિશાની વાત કરીએ તો આ રાજ્યોમાં કુલ ૧૧૭ લોકસભા સીટો છે. ગત લોકસભા ચૂંટણીમાં NDAને ૭૭ બેઠકો પર સફળતા મળી હતી. બિહારમાં NDA ને ૪૦ માંથી ૩૯ બેઠકો મળી હતી. ઝારખંડમાં NDA એ ૧૪માંથી ૧૨ સીટો જીતી હતી. બંગાળમાં ભાજપે ૪૨માંથી ૧૮ બેઠકો જીતી હતી. ઓડિશામાં ૨૧ બેઠકોમાંથી ભાજપે ૮ બેઠકો જીતી હતી. આ ૪ રાજ્યોમાં હજુ પણ ૪૦ બેઠકો એવી છે જ્યાં ભાજપને ગત ચૂંટણીમાં જીત મળી ન હતી. એનડીએના મિશન ૪૦૦ને લઈને ભાજપ આ વિસ્તારોમાં વિસ્તરણ ઈચ્છે છે.

**કયા રાજ્યમાં કેટલી બેઠકો વધારવાનો લક્ષ્યાંક છે?**

જો ઝારખંડની વાત કરીએ તો NDA પાસે ૧૪માંથી ૧૨ સીટો છે. એનડીએ તમામ ૧૪ બેઠકો જીતવાનો પ્રયાસ કરી રહી છે. એનડીએ ઝારખંડમાં ૨ સીટો વધારવા માંગે છે. છેલ્લી ચૂંટણીમાં બંગાળની ૪૨માંથી ૧૮ બેઠકો જીતી હતી. એનડીએએ આ ચૂંટણીમાં ૩૫ બેઠકોનો લક્ષ્યાંક રાખ્યો છે. એટલે કે NDA ૧૭ સીટો વધારવાના લક્ષ્ય પર કામ કરી રહી છે. ઓડિશામાં પણ ભાજપનું મિશન ૧૫ બેઠકો છે. આવી સ્થિતિમાં ભાજપને ઓડિશામાંથી પણ ૭ બેઠકો વધવાની આશા છે. આ રાજ્યોમાં એનડીએ અગાઉની ચૂંટણીઓ કરતાં ૨૭ વધુ બેઠકો જીતવાના લક્ષ્ય સાથે કામ કરી રહી છે.

**આંધ્ર પ્રદેશ, તેલંગાણામાં રેકોર્ડ સર્જાશેઃ**

વડા પ્રધાને કહ્યું, 'આ વખતે પૂર્વ ભારતના રાજ્યો બંગાળ, બિહાર, ઓડિશા, તેલંગાણામાં ચોંકાવનારા પરિણામો જોવા મળશે.'તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં અમારી સરકારે આરોગ્ય, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત દરેક ક્ષેત્ર માટે ધ્યાન આપવામાં આવ્યું છે.

આ ચૂંટણીમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવશે.' તેમણે દાવો કર્યો કે તેલંગાણા, બંગાળ, ઓડિશા, બિહાર જેવા રાજ્યોમાં મોટી જીત થશે. તેમણે દાવો કર્યો કે NDA બિહારમાં તમામ ૪૦ બેઠકો જીતશે.

પીએમ મોદીએ કહ્યું, દેશે કોંગ્રેસ અને ડાબેરીઓનું મોડલ જોયું, દેશે મિશ્ર સરકારનું મોડલ પણ જોયું. દેશે ભાજપની ગતિશીલ, નિર્ણાયક સરકાર પણ જોઈ છે, લોકોએ અમારી રિસ્ક લેતી સરકાર જોઈ છે. ભાજપે શાસનનું મોડેલ આપ્યું.

જ્યારે પીએમ મોદીએ કહ્યું કે તેલંગાણા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં અમને એવી સફળતા મળશે જેની લોકો કલ્પના પણ નહીં કરે. આ બંને રાજ્યો ભાજપના મિશન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કર્ણાટક બાદ દક્ષિણ ભારતના આ બે રાજ્યો છે જ્યાં ભાજપે જોરદાર એન્ટ્રી કરી છે. તેલંગાણામાં લોકસભાની ૧૭ બેઠકો છે. ગત ચૂંટણીમાં ભાજપને ૪ બેઠકો મળી હતી. આ વખતે ભાજપ પોતાનો આંકડો ૨ અંક સુધી લઈ જવા માંગે છે. જો આંધ્રપ્રદેશની વાત કરીએ તો ભાજપે આ રાજ્યમાં મજબૂત ગઠબંધનની તૈયારી કરી છે.

# બેંગ્લુરુની સતત 5મી જીત: પ્લેઓફની આશા અકબંધ: પાટીદારની ફિફટી, યશ દયાલે ૩ વિકેટ ઝડપી

## ૧૬ વર્ષની મિત્રતામાં પ્રથમ વખત બોલર ઈશાંત શર્માએ વિરાટ કોહલીને આઉટ કર્યો






### સીઝનમાં પાટીદારની 5મી ફિફ્ટી :

રજત પાટીદારે ૨૯ બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. તેણે સિઝનમાં તેની ૫મી ફિફ્ટી ફટકારી. આ તેની ૭મી આઈપીએલ ફિફ્ટી છે.

### કોહલીની વિકેટ લેતો ઈશાંત, પેવેલિયન જતાં વખતે બન્ને મિત્રોએ મસ્તી કરી :

બેંગલુરુએ પણ ચોથી ઓવરમાં બીજી વિકેટ ગુમાવી દીધી હતી. અહીં વિરાટ કોહલી ૨૭ રન બનાવીને આઉટ થયો હતો. તે ઈશાંત શર્માના હાથે વિકેટકીપર અભિષેક પોરેલના હાથે કેચ આઉટ થયો હતો. ઈશાંતે IPL ઈતિહાસમાં પ્રથમ વખત કોહલીની વિકેટ લીધી છે.

બેંગલોર,તા.૧૩

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2024માં સતત ૫મી જીત હાંસલ કરી. ટીમે વર્તમાન સિઝનની ૬૨મી મેચમાં દિલ્હી કેપિટલ્સને ૪૭ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે RCBએ તેની પ્લેઓફની આશા જીવંત રાખી છે. ટીમ ૧૨ પોઈન્ટ સાથે ૫માં નંબર પર આવી છે. આ સાથે જ દિલ્હી છઠ્ઠા નંબર પર આવી ગયું છે.

એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં દિલ્હીએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. બેંગલુરુએ હોમ ગ્રાઉન્ડ પર ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૪૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આરસીબી માટે રજત પાટીદારે ૩૨ બોલમાં ૫૨ રનની અડધી સદી ફટકારી હતી જ્યારે વિલ જેક્સે ૪૧ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ ૩ છગ્ગાની મદદથી ૨૭ રન બનાવ્યા હતા. કેમરૂન ગ્રીને ૩૨ રનની અણનમ ઈનિંગ રમી હતી. ખલીલ અહેમદ અને રસિક સલામને ૨-૨ વિકેટ મળી હતી. ઈશાંત શર્મા, મુકેશ કુમાર અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી.

ડીસીના કેપ્ટન અક્ષર પટેલે ૫૭ રનની ઈનિંગ રમી હતી. શાઈ હોપ ૨૯ રન બનાવીને આઉટ થયા હતા અને જેક ફ્રેઝર-મેગાર્ક ૨૧ રન બનાવીને આઉટ થયા હતા. યશ દયાલને ૩ અને લોકી ફર્ગ્યુસનને ૨-૨ વિકેટ મળી હતી. સ્વપિનલ સિંહ, મોહમ્મદ સિરાજ અને કેમરન ગ્રીનને એક-એક વિકેટ મળી હતી. ૨ બેટ્સમેન રન આઉટ થયા હતા.

### IPL રસપ્રદ અને નિર્ણાયક સ્થિતિમાં : હવે પ્લેઓફ માટે ટીમો વચ્ચે કાંટે કી ટક્કર

# CSK એ RRને ૫ વિકેટે હરાવ્યું: ગાયકવાડના અણનમ ૪૨ રન, સિમરજીત સિંહ પ્લેયર ઓફ ધી મેચ - ૩ વિકેટ લીધી

## ચેન્નાઈ સુપર કિંગ્સએ ઘર આંગણે ચિદમ્બરમ સ્ટેડિયમમાં ૫૦ મેચ જીતની ઉજવણી કરી





ચેન્નાઈ :

ચેન્નાઈ સુપર કિંગ્સે IPL-૨૦૨૪ના પ્લેઓફની પોતાની આશાઓ અકબંધ રાખી છે. ટીમે વર્તમાન સિઝનની ૬૧મી મેચમાં રાજસ્થાન રોયલ્સને ૫ વિકેટથી હરાવ્યું હતું. આ જીત સાથે CSK પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. ચેન્નાઈના ૧૩ મેચ બાદ ૧૪ પોઈન્ટ છે.

એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી દિવસની પ્રથમ મેચમાં રાજસ્થાને ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૪૧ રન બનાવ્યા હતા અને ચેન્નાઈને ૧૪૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ચેન્નાઈએ ૧૮.૨ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. CSK તરફથી કેપ્ટન રુતુરાજ ગાયકવાડે ૪૨ રનની અણનમ ઈનિંગ રમી હતી. જ્યારે સિમરજીત સિંહે ૩ વિકેટ લીધી હતી. આ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો.

રાજસ્થાન માટે રિયાન પરાગે ૩૫ બોલમાં અણનમ ૪૭ રનની ઈનિંગ રમી હતી . તેમના સિવાય ધ્રુવ જુરેલે ૨૮, યશસ્વી જયસ્વાલે ૨૪ અને જોસ બટલરે ૨૧ રન બનાવ્યા હતા. ચેન્નાઈ તરફથી સિમરજીત સિંહે ૩ વિકેટ ઝડપી હતી. તેના સિવાય તુષાર દેશપાડેએ ૨ વિકેટ લીધી હતી.

લક્ષ્યનો પીછો કરતી વખતે ચેન્નાઈ તરફથી કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેણે ૪૧ બોલમાં ૪૨ રનની અણનમ ઈનિંગ રમી હતી. તેમના સિવાય રચિન રવિન્દ્રએ ૨૭ રન, ડેરિલ મિશેલે ૨૨ રન અને શિવમ દુબેએ ૧૮ રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી રવિચંદ્રન અશ્વિને ૨ વિકેટ લીધી હતી. નાન્દ્રે બર્જર અને યુઝવેન્દ્ર ચહલને ૧-૧ વિકેટ મળી હતી. જ્યારે રવીન્દ્ર જાડેજા મેદાનમાં અવરોધ ઉભો કરવાને કારણે આઉટ થયો હતો.




IPLની આ સિઝન સાથે વધુ 'સિકસર' માટે જાણીતી બની ગઇ છે ત્યારે ચોગ્ગાની ધમાલ પણ ઓછી નથી. આ વખતે 'સિકસર'ની જેમ ચોગ્ગા પણ ગોલીની રફતાર જેમ લાગી રહ્યા છે. અત્યારે એવું લાગે છે કે જુના બધા રેકર્ડ ધ્વંસ્ત થઇ જશે. ૨૦૨૩ના IPLમાં ૨૧૭૪ ચોગ્ગા લાગ્યા હતા. અત્યારની સિઝનમાં ૫૮ મેચ સુધીમાં દરેક મેચમાં ૩૧ ચોગ્ગા સરેરાશ લાગ્યા છે. હજુ મેચો બાકી છે. કદાચ એક સિઝનમાં સૌથી વધુ ચોગ્ગા લગાવવાનો રેકોર્ડ પણ તુટી શકશે. હેડની લય આમને આમ રહેશે અને તેની ટીમ ફાઇનલ સુધી પહોંચી તો ડેવિડ વોર્નરના એક સીઝનમાં સર્વોચ્ચ ૮૮ ચોગ્ગાનો રેકોર્ડ તુટી શકશે.

### ડાબા હાથનો ખેલ

આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ ચોગ્ગા લગાડનાર ખેલાડીઓ કુલ છ છે જેમાંથી ચાર ખેલાડીઓ ડાબોડી છે. IPLમાં છેલ્લી ૧૬ સિઝનમાં ડાબોડી બેટરોએ સૌથી વધુ ચોગ્ગા લગાવ્યા છે કહેવાય છે ને કે આ તો તેમના ડાબા હાથની રમત છે.

# વિરાટને ઓપનિંગમાં મોકલો : સૌરવ ગાંગુલીનું અગત્યનું મંતવ્ય



બેંગલુરૂ : ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ શુક્રવારે કહ્યું કે ભારતીય ટીમ મેનેજમેન્ટે વર્તમાન આઇપીએલમાં વિરાટ કોહલીના શાનદાર ફોર્મને ધ્યાનમાં લેવું જોઇએ અને તેને આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇનિંગ્સની શરૂઆત કરવી જોઇએ. આ આઇપીએલમાં કોહલીએ ૧૨ મેચમાં ૧૫૩.૫૧ના શાનદાર સ્ટ્રાઇક રેટ અને ૭૦.૪૪ની એવરેજની ૬૩૪ રન બનાવ્યા બાદ ઓરેન્જ કેપ પહેરી છે અને આ સ્ટ્રાઇક રેટ તેની કારકીર્દીના ૧૩૪.૩૧ના સ્ટ્રાઇક રેટ કરતા ઘણો વધારે છે. ગાંગુલીએ કહ્યું, વિરાટ ખુબ સારૂ રમી રહ્યો છે.

આપણે તેની છેલ્લી કેટલીક આઇપીએલ ઇનિંગ્સ પર નજર કરીએ તો તે શાનદાર રહી છે. આ કારણે જ દાવની શરૂઆત કોહલીએ કરવી જોઇએ. ગાંગુલીએ કહ્યું કે ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ માટે એક સંતુલિત ટીમ પસંદ કરી છે જે ૧૭ વર્ષના અંતરાલ બાદ ટ્રોફી જીતવાની ક્ષમતા ધરાવે છે.

બીજી તરફ મહાન ભારતીય સ્પીનર અનિલ કુંબલેએ પણ વિરાટ કોહલીની પ્રશંસા કરી હતી અને આશા વ્યકત કરી હતી.

કોહલીનું ફોર્મ જરૂર અમેરિકામાં ચાલુ થનાર ટી-૨૦ વર્લ્ડ કપમાં તેનું શાનદાર આઇપીએલ ફોર્મ ચાલુ રાખશે. કુંબલેએ કહ્યું, તે શાનદાર ફોર્મમાં છે. તેને આ આઇપીએલમાં બ્રેક મળ્યો અને ત્યારથી તે સતત વધુને વધુ સારૂ રમી રહ્યો છે. તમે તેને જોઇ શકો છો.

# I.P.L.ના ઈતિહાસમાં ૨૦૨૪ની સિઝનમાં સિકસરોનો વરસાદ થયો!!




## સનરાઈઝર્સ હૈદરાબાદની ઓપનીંગ જોડી અભિષેક-હેડનો I.P.L.ના ઈતિહાસમાં સૌથી વધુ ૬૬ સિકસ મારવાનો ઈતિહાસ રચાયો

અત્યારની આઈ.પી.એલ. સીઝન આઈ.પી.એલ. ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ 'સિકસરની સિઝન' તરીકે ઓળખાશે. કદાચ ટી-૨૦ની અન્ય કોઈ લીગમાં પણ એક સીઝનમાં આટલી સિકસરો લાગી નથી. અત્યાર સુધીમાં આઈ.પી.એલ.-૨૪માં ૫૭ મેચોમાં કુલ ૧૦૦૦થી વધુ સિકસરો લાગી ગઈ છે. ફલેશ બેકમાં જાય તો ૧૫ વર્ષ પહેલા ૨૦૦૯માં આઈ.પી.એલ.માં માત્ર ૫૦૬ સિકસરો લાગી હતી. મતલબ કે આ વખતની લીગમા 'ગ્રોથરેટ' જોઈએ તો બમણાથી પણ વધુ જોવા મળે છે.

પંદર વર્ષ પહેલા દરેક મેચમાં ૮.૮૮ની એવરેજ સિકસ મારવાની હતી. અત્યારે આ આંકડો ૧૭.૮૧ની એવરેજે પહોંચી ગયો છે. સીકસની આ રેસમાં ટોચ પર સનરાઈઝ હૈદરાબાદ છે. આ ટીમના પાંચ ખેલાડીઓ દ્વારા જ કુલ ૧૨૫ સિકસો લગાવી છે. આ સીઝનમાં સૌથી વધુ સિકસ લગાડવાવાળા ખેલાડીઓના ત્રણ બેટરો તો હૈદરાબાદ ટીમના જ છે.

### સિકસની સેન્ચુરી

| સીઝન | ટીમ | ૧૦૦+ સીકસ | ૨૫+ સિકસ |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૧૦ | ૮ | ૫ |
| ૨૦૨૩ | ૧૦ | ૮ | ૧૧ |
| ૨૦૧૮ | ૮ | ૬ | ૯ |
| ૨૦૨૪ | ૧૦ | ૫ | ૮ |
| ૨૦૧૮ | ૮ | ૩ | ૭ |

### દિલ્હીની વિકેટ પર સૌથી વધુ સિકસ

૨૦૨૪માં દિલ્હીની વિકેટ પર ચાર મેચમાં ૧૧૪ સિકસ લાગી. કોલકતાની વિકેટ પર ૬ મેચમાં ૧૩૯ છકકા લાગ્યા. બેંગ્લોરની વિકેટ પર ૫ મેચમાં ૧૧૧ છકકા લાગ્યા. હૈદરાબાદની વિકેટ પર ૫ મેચમાં ૧૧૦ છકકા અને મુંબઈની વિકેટ પર ૭ મેચમાં ૧૪૧ છકકા લાગ્યા.

### આ સિઝનમાં ટોપ સિકસ હિટર

૨૦૨૪માં અત્યાર સુધીમાં 'ટોપ સિકસ હિટર' તરીકે પ્રથમ છે.


| અભિષેક શર્મા | સુનીલ નરેન | હેડ | કલાસેન | રિયાન પરાગ |
|---|---|---|---|---|
| ૧૨ મેચ ૩૫ સિકસ | ૧૧ મેચ ૩૨ સિકસ | ૧૧ મેચ ૩૧ સિકસ | ૧૨ મેચ ૩૧ સિકસ | ૧૧ મેચ ૨૮ સિકસ |

### સિકસ અને આઈ.પી.એલ. સિઝન

| ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૮ | ૫૭ | ૬૦ | ૭૪ | ૭૬ | ૭૬ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૭૪ | ૭૪ | ૫૭ |

# સૂરજની સપાટી પર થયેલા વિસ્ફોટોથી નીકળેલી જવાળાઓ નાસાના કેમેરામાં કેદ

## આસમાનમાં દેખાઈ રોશની: સૂર્યની સપાટી પર થયેલા વિસ્ફોટોની તાકાત અબજો હાઈડ્રોજન બોમ્બ જેટલી

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૩

નાસાએ સૂર્યની સપાટી પર શુક્રવારે અને શનિવારે થયેલા બે વિસ્ફોટોને રેકોર્ડ કર્યા હતા. આ દરમિયાન સૂરજમાંથી જવાળાઓ (સોલર ફલેયર્સ) પણ નીકળી હતી. સોલર ડાયનેમિકસ ઓબ્ઝર્વેટરીએ આ નજારાને કેદ કર્યો હતો. નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૧-૧૧ મે ૨૦૨૪ના સૂર્યમાંથી બે ફલેયર્સ નીકળ્યા હતા. સોલર ડાયનેમિકસ ઓબ્ઝર્વેટરીએ ઘટનાઓની તસ્વીરો ખેંચી હતી. જેને એકસ ૫.૮ અને એકસ ૧.૫ શ્રેણીના ફલેયર્સના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

આકાશમાં દેખાય છે રોશની: ખરેખર તો સૂર્યના નોર્થ અને સાઉથ પોલ્સ પોતાની જગ્યા બદલે છે જેને બીજી વાર સ્વીચ કરવામાં ૧૧ વર્ષ લાગે છે. આ સમયગાળા દરમિયાન સૂર્યમાંથી ફલેયર્સ નીકળે છે. ધરતી પર પણ તેની અસર જોવા મળે છે અને આકાશમાં તો સુંદર રોશની જોવા મળે છે. જો કે સૌથી શકિતશાળી સૌર વાવાઝોડુ વર્ષ ૧૮૫૯માં પૃથ્વી સાથે ટકરાયું હતું તેને કરીંગટન ઈવેન્ટ નામ આપવામાં આવ્યું હતું. આ તોફાનના કારણે સંચાર લાઈનો પુરી રીતે ખરાબ થઈ ગઈ હતી.

**આ રીતે બને છે સૂરજ ફલેયર્સ:** સૂર્યમાંથી જયારે ચુંબકીય ઉર્જા રિલીઝ થાય છે ત્યારે તેમાંથી નીકળતા પ્રકાશ અને પાર્ટિકલ્સ સૌર ફલેયર્સનું રૂપ ધારણ કરે છે.

આપણા સૂર્ય મંડળમાં ફલેયર્સ અત્યાર સુધીના શકિતશાળી વિસ્ફોટ છે. જેમાં અબજો હાઈડ્રોજન બોમ્બની તુલનામાં ઉર્જા રિલીઝ થાય છે. તેમાં રહેલ અનેર્જિક પાર્ટિકલ્સ પ્રકાશન ગતિથી પોતાની સફર નકકી કરે છે. જો સોલર ફલેયરની દિશા પૃથ્વી તરફ હોય તો તે જિયો મેગ્નેટીક અર્થાત ભૂ ચુંબકીય ગરબડ પેદા કરી શકે છે.

### ઈન્કમટેકસે નવી સુવિધા શરૂ કરી

# આવકવેરા વિભાગના પોર્ટલ પર એક જ કલીકથી તમામ નોટીસ-માહિતી જોવા મળશે



નવી દિલ્હી તા.૧૩

કરદાતાઓની સુવિધા માટે નવા-નવા સુધારા કરતા આવકવેરા વિભાગે પોર્ટલ પર વધુ એક સુવિધા શરૂ કરી છે જેની મદદથી એક જ કલીકના આધારે કરદાતા આવકવેરા વિભાગની તમામ નોટીસો જોઈ શકશે. નવા ઈ-પ્રોસીડીંગ સેકશનમાં આ સુવિધા જોડવામાં આવી છે.

આવકવેરા વિભાગ દ્વારા એક પ્રશ્નોતરી જારી કરીને નવા ફિચર વિશે જાણકારી આપવામાં આવી છે. ઈ-ફાઈલીંગ પોર્ટલ પર ઉપલબ્ધ ઈ-પ્રોસીડીંગ ટેબમાં આવકવેરા વિભાગે જારી કરેલી તમામ નોટીસ, ઈન્ટીમેશન તથા પત્રો એક જ સ્થળે નિહાળી શકાશે. નવા ટેબ પર કલીક કરવાની સાથે જ તમામ નોટીસ અને પેન્ડીંગ ટેકસની વિગતો મળી શકશે અને તેનો ઓનલાઈન જવાબ પણ આપી શકાશે. ટેબમાં સર્વેનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે તેના આધારે કરદાતા સરળતાથી કોઈ ચોકકસ નોટીસ અલગ તારવી શકે છે. કરદાતા દ્વારા આવકવેરા રીટર્ન ફાઈલ કરવામાં ન આવે અથવા બેંક, વ્યાજ, પ્રોપર્ટી ભાડા કે તેના વેચાણની આવક કે અન્ય મોટા વ્યવહારોની માહિતી આપવામાં ન આવે તો વિભિન્ન જોગવાઈઓ હેઠળ નોટીસ ઈસ્યુ કરવામાં આવતી હોય છે. ચાલુ વર્ષે નોટીસ મેળવનારા કરદાતાઓને જવાબ આપવાની મુદત ૩૦ જૂન હોય છે.

# જામનગરમાં અખિલ ભારતીય કિન્નર મહાસંમેલનનો પ્રારંભ









તસવીર : હિતેષ મકવાણા

જામનગર તા.૧૩: વિશ્વશાંતિ અર્થે જામનગરમાં અખિલ ભારતીય કિન્નર મહાસંમેલન રવિવારથી શરૂ થયું છે. ૨૩ મેં સુધી ચાલનારા સંમેલનમાં ભડારો સહિતના કાર્યક્રમો યોજાશે. ૧૧ દિવસના સંમેલનમાં ગુજરાત સહિત ભારતભરમાંથી ૫૦૦૦ કિન્નર ભાગ લેશે.

નવાનગર-જામનગર સનાતન ધર્મ માનવ સેવા કીન્નર સંપ્રદાય દ્વારા શહેરના આંગણે વિશ્વશાંતિ અર્થે અખિલ ભારતીય કીન્નર મહાસંમેલનનું આયોજન ૧૨ થી ૨૩ મે સુધી કરવામાં આવ્યું છે, જેનો પ્રારંભ રવિવારે થયો હતો. આ પ્રસંગે રવિવારે સવારે વાજતે ગાજતે કીન્નરો દ્વારા મામેરાનો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. સંમેલન અંગે જામગનરના ગાદીપતિ મહામંડલેશ્વર નાયક જનકદે પૂનમદે નાયકે જણાવ્યું હતું કે, ૧૧ દિવસ ચાલનારા સંમેલનમાં નવચંડી મહાયજ્ઞ, રાસ-ગરબા, ભજન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સંમેલનમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, યુપી, હેતાબાદ, પુના, મારવાડ, બારાગઢ, દિલ્હી, મુંબઈ સહિતના શહેરોમાંથી ૫૦૦૦ કીન્નરો ભાગ લેશે.

અખિલ ભારતીય કિન્નર મહાસંમેલનમાં સવારે ૪ થી ૮ કિન્નરો મૌનવ્રત રાખી માતાજીની પૂજા કરશે. બે ગાદીપતિ કિન્નરોનું અવસાન થયું હોય તેઓના મોક્ષાર્થે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રીનના રાસગરબા દ્વારા માતાજીની આરધના કરવામાં આવશે.

અખીલ ભારતીય કિન્નર મહાસંમેલનમાં દરરોજ ૫૦૦ થી વધુ કિન્નરો ભોજન ગ્રહણ કરશે. પરંતુ આ માટે કોઈ રસોયા રાખવામાં આવ્યા નથી. કિન્નરો સ્વયં ૧૧ દીવસ રસોઈ બનાવશે. બહારથી આવનારા તમામ કિન્નરો માટે ઉતારા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

અત્રે નોંધનીય જામનગરના આગવો સતત ત્રીજી વખત અખિલ ભારતીય કિન્નર મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૂર્વે વર્ષ-૨૦૧૪ અને ૨૦૨૩ માં મહાસંમેલન યોજાયું હતું.

## ધ્રોલમાં સગીરાની છેડતી મામલે છ શખ્સો સામે ફરિયાદથી ચકચાર

જામનગર તા.૧૩: મહિલા સુરક્ષાના દાવા વચ્ચે જામનગર જિલ્લાના ધ્રોલમાં સગીરાની છેડતીની ચકચારી ફરિયાદ નોંધાય છે. જેને લઈને પોલીસ તંત્ર દોડતું થયું છે. ૧૬ વર્ષીય સગીરાની છેડતી કરાયાના આક્ષેપ સાથે ચોંકાવનારો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેને લઇને પોલીસે સગીરાની માતાની ફરિયાદના આધારે છ શખ્સો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે ધ્રોલ પોલીસ સૂત્રમાંથી જાણવા મળતી વિગતો અનુસાર જામનગરના ધ્રોલમાં ફૂલવાડી વિસ્તારમાં સગીરાને અડપલાં અને છેડતી કરાયાના ધગધગતા આક્ષેપ થઈ રહ્યા છે. તાજેતરમાં જ સગીરાનું ધો.૧૦નું બોર્ડનું રિઝલ્ટ આવ્યું હતું. જેમાં સગીરા પાસ થતા આરોપી ગત તા. ૧૧/૫, રાત્રે ૯ આસપાસ તેને ગિફ્ટ આપવા માટે ગયો હતો. આ દરમિયાન આરોપી સગીરાના ઘરનો દરવાજો ખટખટાવતા હતો. ત્યારે તેમની માતા જોઈ ગઈ હતી જેને લઈને પરિવારજનોએ આરોપીનો પ્રતિકાર કર્યો હતો. આ દરમિયાન ભાગ્યોદય મણીલાલ શ્રીમાળીને સગીરા સાથે પ્રેમ સંબંધ હોવાની વાત કરી અને તેમણે દરવાજો ખોલવા માટે જણાવતા સગીરાએ દરવાજો ખોલ્યો હતો. આથી આરોપીએ સગીરાનો હાથ પકડી અને શરીરના અન્ય ભાગે સ્પર્શ કરી છેડતી કરી અને પોતાની સાથે આવવા માટે બળજબરી કરી હતી.

જ્યાં સગીરાએ સાથે જવાની ના પાડતા મામલો બિચકાયો હતો અને બંને પરિવારજનો વચ્ચે માથાકૂટ થઈ હતી.છોકરા અને છોકરીના પરિવાર વચ્ચે માથાકૂટ થતાં સમગ્ર વિસ્તારમાં સોપો પડી ગયો હતો. આ દરમિયાન આરોપીના પરિવારજનો એ પણ તેમને માથાકૂટ કરી હતી. જેને લઈને મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો આ દરમિયાન સગીરાની માતાએ મુખ્ય આરોપી ભાગ્યોદય મણીલાલ શ્રીમાળી તથા મયુર મણીલાલ શ્રીમાળી, ગોરીશંકર ઓસારામ શ્રીમાળી, મંજુબેન ગૌરીશંકર શ્રીમાળી, મીનાક્ષી ગૌરીશંકર શ્રીમાળી, વૈશાલી ગૌરીશંકર શ્રીમાળી (રહે. તમામ ફૂલવાડી વિસ્તાર, ધ્રોલ) સામે ફરિયાદ નોંધાવી હતી. જેને લઈને ધ્રોલ પોલીસે કલમ ૩૫૪, ૩૫૪એ, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતીમાન કર્યા છે.

## બાલંભામાં માતાના ઠપકા બાદ યુવતીએ જીવતર ટૂંકાવ્યું

જામનગર તા.૧૩: જોડીયા તાલુકાના બાલંભા ગામમાં માતાએ ઘર કામ બાબતે ઠપકો આપતા ૧૭ વર્ષની પુત્રીને મનમાં લાગી આવતાં ગળાફાંસો ખાઈને જીંદગી ટુંકાવી લેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

બાલંભા ગામમાં શાંતીનગરમાં રહેતી સાઈરોજ સુલતાન જાકુબભાઈ લોંડળા (ઉ.વ.૧૭) નામની કીશોરીને માતાએ ઘરનું કાંઈ કામ કાજ કરતી ન હોય જેથી માતાએ ઠપકો આપ્યો હતો. જેથી પુત્રી સાઈરોજને મનમાં લાગી આવતાં ગત તા.૧૨ના રોજ વહેલી સવારમાં સાડા ચારેક વાગ્યાના આસપાસ ઘરના ફળીયાની ચાલીના પતરા ઉપરના લોખંડના ઈંગલ સાથે ઓઢણી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો. હતો. જેની જાણ પરિવારને થતાં તેણીને તાત્કાલિક નીચે ઉતારીને સારવાર માટે જોડીયા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તપાસીને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક વ્યાપી ગયો. હતો. આ બનાવની મૃતકના પિતા સુલતાન જાકુબભાઈએ પોલીસમાં જાહેર કરણા જોડીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. આર.એમ.જાડેજાએ મૃતદેહનો કબ્જો સંભાળીને પીએમ માટે મોકલી દીધો હતો.

## જામનગરમાં વેપાર કરતા, નિવૃત્ત જવાનના ઘરમાંથી પિસ્તોલ સહિત ૧૮ લાખ ઉપરાંતની ચોરીથી સનસનાટી

જામનગર તા.૧૩:

જામનગરમાં બેફામ બનેલા તસ્કરો પોલીસને રીતસરનો પડકાર ફેંકી રહ્યા છે તેવામાં વધુ એક ચોરીની ચકચારી ઘટના સામે આવી છે. જેમાં નિવૃત્ત આર્મી જવાન, વેપારીના ઘરેથી તસ્કરોએ હાથફેરો કરી પીસ્તોલ સહિત ૧૮ લાખ ઉપરાંતની રકમની ચોરી કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. નિવૃત્ત આર્મી મેનના દાદીનું અવસાન થતા તેઓ પોતાના વતન યુપી ગયા હતા. ત્યારે પાછળથી તસ્કરોએ મકાનને નિશાન બનાવી ચોરી કરી હતી.જેને લઈને પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓ સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે પોલીસ મથકે નોંધાયેલી વિગત એવી છે કે જામનગરના એરફોર્સ સ્ટેશન રોડ પર આવેલ બાલાજી પાર્ક ત્રણમાં રહેતા રણવીર પ્રતાપ સુધાકરભાઈ રાજપુત ના ઘરમાં ચોરી થઈ હતી. મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી રણવીર પ્રતાપ વર્ષ ૨૦૧૯ માં આર્મીમાંથી સેવા નિવૃત થયા હતા અને ત્યારબાદ તેઓ જામનગરમાં જ મિત્ર હસમુખભાઈ સિંહલા સાથે મળી અને મસાલા તેમજ ગ્લોસરી ના નામે વેપાર શરૂ કર્યો હતો. પોતે દેશભરમાં મસાલા સપ્લાયનો વ્યવસાય ચલાવી રહ્યા હતા. પોતાના ઘરે નીચેના માળે કારખાનું રાખી અને વ્યવસાય કરતા હતા.

આ દરમિયાન તાજેતરમાં જ તેમના યુપીમાં રહેતા દાદીમાનું અવસાન થતાં નિવૃત્ત આર્મી જવાન પોતાના પત્ની પુત્ર અને પુત્રી સહિતના પરિવારજનો સાથે પોતાના વતન ઉત્તર પ્રદેશ ગયા હતા. આ દરમિયાન પોતાના જામનગરમાં આવેલા મકાનને તાળું મારી અને પોતે વતન ગયા હતા. પાછળથી તસ્કરોએ મકાનના રસોડાની ગ્રીલ કાપી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાંથી રૂપિયા ૫૦,૦૦૦ ની કિંમતની ઓલ ઈન્ડિયા લાયસન્સ વાળી પિસ્ટોલ તેમજ ૩૦ રાઉન્ડ કારટીસ અને રોકડ રૂપિયા ૧૩,૯૮૦૦૦, તથા સોનાના દાગીના તથા ચાંદીના સિક્કા સહિત ૧૮ લાખ ૫૬,૩૦૦ રૂપિયાની ચીજ વસ્તુઓનો અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા.

મહત્વનું છે કે આર્મી જવાને તાજેતરમાં જ રણબીરભાઈ સાથે ભાગીદારી કરી અને જામનગરમાં યાર્ડમાં લસણનો વેપાર શરૂ કર્યો હતો અને આ લસણના વેપાર પેટે તેમને ૧૩,૦૦,૦૦૦ ઉપરાંત રોકડની રકમ આવી હતી જે રકમ પોતે ઘરમાં જ રાખી હતી આ ઉપરાંત રાણી છાપ ૫૫૧ સિક્કાઓ પણ હતા જે પોતે ઘરમાં જ રાખ્યા હતા તેને નિશાન બનાવી આરોપીઓ હાથ ફેરવ કરી ગયા હતા.

ચોરી મામલે તેમના ભાગીદાર બે-ચાર દિવસે ફૂલ છોડને પાણી પાવા માટે ઘરે આવતા હતા.તેઓ ગત તારીખ ૨૯/૩ ના રોજ ઘરે આવ્યા ત્યારે મકાનનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. આથી તેમને વતનમાં ઘરે આવેલા પોતાના ભાગીદારને ફોન કર્યો હતો અને સમગ્ર વિગતની જાણકારી હતી. જેને લઈને આર્મી જવાન. સહિતનો પરિવાર પોતાના ઘરે જામનગર આવ્યો હતો અને સમગ્ર પરિસ્થિતિ જોઈ અને તેઓએ તાત્કાલિક સીટી સી ડિવિઝન પોલીસનો સંપર્ક કર્યો હતો. જ્યાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## જામનગરના ચાર ન્યાયાધીશની બદલી

જામનગર તા.૧૩: હાઈકોર્ટ દ્વારા ગુજરાતભરમાં વિવિધ કેડરના જજીસની બદલીના થયેલા આદેશ અનુસાર જામનગરના ચાર સેસન્સ જજની અમદાવાદ, બે એડીશનલ સિનિયર સીવીલ જજની અમદાવાદ, વડોદરા બદલી થઈ છે. તો જિલ્લામાં ૩ સેસન્સ જજ અને એક સિનિયર સીવીલ જજની નિમણુંક થવા પામી છે.

તાજેતરમાં જજીસની બદલીના થયેલા સામુહિક આદેશ અંતર્ગતી જામનગરના ફર્સ્ટ એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ એમ.આર.ચૌધરી, સેકન્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ આરતી વ્યાસ, ત્રીજા એડી. ડિસ્ટ્રીક્ટ જજ એ.એસ. વ્યાસ તથા ચોથા એડિ. ડિસ્ટ્રીક્ટ જજ એ.ડી.ભટ્ટની અમદાવાદ તેમજ ૭મા એડિશનલ સિનિયર સીવીલ જજ વી.જે.ગઢવીની જામનગરથી બરોડા અને ૧૨મા એડિશનલ સિનિયર સીવીલ જજ એમ. આર.પટેલની જામનગરથી અમદાવાદ બદલી થવા પામી છે. જિલ્લામાં એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજીસ તરીકે ખંભાળીયાથી વી. પી અગ્રવાલ, ડીસાથી આર.વી. માંઠાણી તથા પોરબંદરથી માધવી ભટ્ટ મુકાયા છે. જ્યારે સાતમા એડિશનલ સિનિયર સીવીલ જજ તરીકે વડોદરાથી ભાવેશ આર, દવે મુકાયા છે.

## પડાણા નજીક નદીમાં થતુ ગેરકાયદેસર ખોદકામઃ મામલતદારની ટીમનો દરોડો

### ખોદકામ માટે વપરાયેલ સાધનો અને રેતી પોલીસને સોંપાયા બાદ ગુન્હો નોંધવામાં કોની શરમ નડી?



જામનગર તા.૧૩: જામનગર જિલ્લામાં મોટાપાયે ખનીજ અને રેતીની બેરોકટોક હેરાફેરી ચાલુ છે. ત્યારે લાલપુર માલતદાર અને સ્ટાફે કડક કાર્યવાહીનો દાખલો બેસાડીને પડાણા ગામ નજીક નદીમાં મોટાપાયે થઈ ખનીજ ચોરી પકડી પાડી છે. મામલતદાર કચેરીની ટીમએ ૧ જેસીબી, ખનીજના જથ્થા સાથે બે ટ્રક જપ્તીમાં લઈને પોલીસને સોંપ્યા છે. પરંતુ કોઈ સામે એફઆઈઆર નોંધાવવામાં આવી નથી. તંત્રની આવી ઢીલી નિતિને કારણે રેતી માફીયાઓની હિંમત ખુલે છે. ખરેખર તો દરેક તાલુકામાં આ પ્રકારની કડક કાર્યવાહી જરૂરી બની છે.

ભાણવડના ગોપ ડુંગર તરફથી શરુ થતી ઢાંઢર નદીનો પ્રવાહ લાલપુર ગામથી આગળ બે ત્રણ રીતે ફંટાય છે. જેમાં પડાણા તરફના પટમાં ગેરકાયદે રેતી ચોરી ચાલતી હોવાની ફરિયાદો ઉઠી હતી. લોકોએ ઉચ્ચ કક્ષાએ ફરિયાદો પણ કરી હતી. તેથી ચુંટણી બાદ તા.૮મીના રોજ લાલપુર મામલતદાર કેતન ચાવડા અને સ્ટાફ દ્વારા સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. જે બાદ તા.૧૦ના શનિવારની રજાના દિવસે મામલદાર કેતન ચાવડા, નાયબ મામલતદાર નિલેશ બાવરીયા, બ્રિજેશ કણસાગરા, ભગિરથસિંહ જાડેજા, હિતેષ પરમાર અને ડી.એન. ઝાલાની ટીમએ નદીના પટમાં ચાલુ ખનન ઉપર અલગ-અલગ સ્થળે રેડ પાડી હતી. જેમાં પડાણા વિસ્તારમાં નદીના પટમાં મંજુરી વગરની બે સાઈટ મળી આવી હતી. જેમાંથી એક જેસીબી અને બે ખટારા જપ્તીમાં લઈને મામલતદારએ પોલીસને સોંપવાની કામગીરી કરી છે.

લાલપુર મામલદતદાર કેતનભાઈ ચાવડા જણાવે છે કે, આ કામગીરી વેળાએ નાશી છુટેલા ચાર ખટારાના નંબર જામનગર પોલીસ અધિક્ષકને અહેવાલ કરીને મોકલવામાં આવ્યા છે. તેમજ ખાણ-ખનિજ વિભાગને પણ અહેવાલ કરતાં ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓ પકડાયેલા માલનું એસેસમેન્ટ કરીને કેટલા રૂપિયાની ખનીજ ચોરી થઈ છે. તેનો અહેવાલ આપશે. ઉલ્લેખનિય છે કે, સમગ્ર ઘટના પોલીસ સુધી પહોંચી છે. પરંતુ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી નથી. તે વિચિત્ર બાબત છે.

## હાપા વિસ્તારમાં સલ્ફર ભરેલા ટ્રકના ઉપરના ભાગે આવેલા ટ્રાન્સફોર્મરમાં આગની ઘટનાથી દોડધામ



જામનગર તા.૧૩ જામનગર નજીક હાપા જલારામ મંદિર નજીકના વિસ્તારમાં ગઈકાલે સવારે સલ્ફર ભરેલા ટ્રકની ઉપર આવેલા વીજ ટ્રાન્સફરમાં અકસ્માતે સ્પાર્ક થયા પછી આગની ઘટના બની હતી. વિજ તંત્ર એ સત્વરે દોડી જઈ મરામતની કાર્યવાહી હાથ ધરી હતી. સદનશીબે ગંભીર અકસ્માત ટળ્યો હતો.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક હાપા જલારામ મંદિર પાસે એક સલ્ફર નું કારખાનું આવેલુ છે, જે કારખાના ની બહાર સલ્ફર ના જથ્થા ભરેલો ટ્રક પાર્ક કરવામાં આવ્યો હતો. જે જીજે -૧૧ ઝેડ ૩૫૩૫ નંબરના ટ્રક ની બાજુમાં જ એક વિજ ટ્રાન્સફોર્મર આવેલું છે, જેમાં ગઈકાલે પરોઢિયે એકાએક સ્પાર્ક થયા પછી આગની ઘટના બની હતી, અને ટ્રાન્સફોર્મર સળગ્યું હતું.

આગના બનાવની જાણ થતાં હાપા પીજીવીસીએલના હેમરાજભાઈ પરમાર સહિતની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને સૌપ્રથમ વીજ પુરવઠો બંધ કરાવી મરામતની કામગીરી હાથ ધરી હતી. સદ નસીબે સલ્ફર ભરેલા ટ્રક પર તણખો પડ્યો ન હતો, અને ગંભીર અકસ્માત ટળ્યો હતો. તેથી સર્વેએ હાશકારો અનુભવ્યો હતો.

હાપા જલારામ મંદિર ના ટ્રસ્ટી વગેરે દ્વારા જલારામ બાપાનો ચમત્કાર ગણાવ્યો હાપા જલારામ મંદિરની નજીક જ ગઈકાલે પરોઢીએ સલ્ફર ભરેલા ટ્રક ની ઉપરનું વિજ ટ્રાન્સફોર્મર સળગ્યું હતું, અને આગજનીની ઘટના બની હતી. પરંતુ સદનસીબે કોઈ ગંભીર અકસ્માત સર્જાયો ન હતો. જેને જલારામ બાપા નો ચમત્કાર ગણાવ્યો હતો.

ઉપરોક્ત વિસ્તારમાં જો સલ્ફર ભરેલા ટ્રકમાં તણખો પડ્યો હોત, તો મોટી બ્લાસ્ટની દુર્ઘટના સર્જાઈ શકે, તેવી પરિસ્થિતિ હતી.

પરંતુ આવી કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી, અને ગંભીર સંકટ ટળ્યું હોવાથી અને હાપા જલારામની મંદિરની સામે જ આ ઘટના બની હોવાથી તેને જલારામ બાપાનો પરચો અથવા ચમત્કાર ગણાવ્યો છે.

## પીપર ગામે તળાવમાં ન્હાવા પડેલ સાત વ્યકિત પૈકી એક યુવકનું મોત

જામનગર તા.૧૩

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી અવધ નમકીન નામની કંપનીમાં કામ કરી રહેલાં સાતેક જેટલા કર્મચારીઓ ગઈકાલે રવિવારની રજા હોય પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા ગયા હતાં. જ્યાં એક યુવાનનું ઉંડા પાણીમાં ડૂબી જવાને કારણે મોત નિપજ્યું હતું.

આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર મૂળ જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના ગામના વતની અને હાલ કાલાવડના નિકાવા નજીક આવેલી અવધ નમકીન નામની ફૂડ પ્રોસેસીંગ કંપનીના ક્વાર્ટરમાં રહીને મજૂરી કામ રી રહેલાં દેવ કરશનભાઈ ભરડા (ઉ.વ.૧૯) નામનો યુવાન ગઈકાલે રવિવારે રજા હોવાથી પોતાના સાત જેટલા સાથી કર્મચારીઓ સાથે કાલાવડ તાલુકાના પીપર ગામની સીમમાં આવેલ એક તળાવમાં નાહવા માટે ગયા હતાં. બધા મિત્રો નાઈ રહ્યાં હતાં તેવામાં દેવ નામનો યુવાન એકાએક ઉંડા પાણીમાં ડુબવા લાગ્યો હતો. જેથી તેમના સાથી કર્મચારીઓએ તેને બચાવવા માટેના અનેક પ્રયાસો કર્યા હતાં પરંતુ દેવનું ઊંડા પાણીમાં ગરક થઈ જવાના કારણે મોત નિપજ્યું હતું. અકસ્માતે યુવાનના મોતને લીધે તેના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

આ બનાવ અંગે દેવની સાથે કામ કરી રહેલાં પરેશ જીવાભાઈ વાસણ નામના અન્ય એક યુવાને કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે દેવના મૃત્તદેહને તળાવમાંથી બહાર કઢાવી મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગ ગ્રામ્ય પોલીસના હેડ કોન્સ્ટેબલ વાય.પી.ગોહિલ આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

## પોકસોના કેસમાં અમદાવાદી આરોપીને ૨૦ વર્ષની સજા

જામનગર તા.૧૩: જામનગરમાં એક બાળક સાથે ખરાબ કૃત્ય કરવા બદલ નોંધાયેલી પોક્સો અને અન્ય કલમ હેઠળનો કેસ ચાલી જતાં અદાલતે અમદાવાદના એક આરોપીને ૨૦ વર્ષની કેદ અને રૂ. ૧૦ હજાર દંડ તેમજ જો આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની સજા તથા બાળકને સરકારી યોજના અંતર્ગત રૂ.૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

જામનગરમાં રહેતી એક મહિલાએ તા.૧૯/૩/૨૨ના રોજ અમદવાદના ભરત ઉર્ફે પપ્પુ પરમાર (ઉ.વ.૨૩) નામના યુવાન સામે પોતાના ૬ વર્ષના પુત્રને એકાંતમાં લઈ જઈને તેના પાસે ધરાર મુખ મૈથુન કરાવવા સહિતની વિકૃત હરકત કરવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે પોક્સો અને સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરવાની કલમ હેઠળ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી હતી. જે આદ આ કેસ અત્રેની પોક્સો અદાલતમાં ચાલી જતાં અદાલતે કેસના સરકારી વકીલ જમન કે. ભંડેરીની રજુઆતો તેમજ ૧૪ સાહેદો અને ડોક્ટરના નિવેદન સહિતના મુદ્દા ધ્યાને લઈને બંને પક્ષોને સાંભળ્યા બાદ આરોપી ભરત ઉર્ફે પપ્પુને પોક્સો અને સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્યની કલમો હેઠળ વીસ વર્ષની જેલ સજા અને રૂ.૧૦ હજાર દંડનો હુકમ તેમજ જો આરોપી દંડ ન ભરે તો તેને વધુ ૩ માસની કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે. કોર્ટે પોતાના હુકમમાં ભોગ બનનાર પિતા વગરના બાળકને સરકારની યોજના મુજબ સરકાર તરફથી રૂ.૪ લાખનું વળતર ચુકવાય તેવી ભલામણ કરી છે.